શ્રી ઉમેદ-ખાન્તિ જૈન ગ્રંથમાળા મણકો ૬ ઠ્ઠો.

# શ્રી ખાન્તિ ચરિત્ર.

પ્રથમાવૃત્તિ : વી. સં. ૨૪૫૭.

પ્રત ૧૦૦૦ : વિ. સં. ૧૯૮૭.

લેખક : શા. ભીખાભાઈ છગનલાલ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# શ્રી ગુરુપર્વાનુક્રમસ્તોત્રમ્.

**વીરો** વિશ્વવિશારદો વિજયતે **વીરં** વરેણ્યં વૃણે,
**વીરેણ** વ્યરચિ વ્યવાયવિરતિ- **વીરાય** વિશ્લાઘનમ્;
**વીરાદ્દેવ** વરાગમો વિલસિતો **વીરસ્ય** વજ્રંવ્રતં,
વીરે વાદિવિરાજનં, વિરમિતં વીર ! વ્યથાં વારય. ૧. શા૦

શ્રી **મદ્વીર**જિનાધિરાજગણધૃત્ સ્વામી **સુધર્મા** તતો,
વિખ્યાતા જગતીદ્ધસંયમગુણૈ **જમ્બ્વાદયઃ** સૂરયઃ
તત્પંક્તિક્રમતો ગણાધિપગણે ચારિત્રભારોદ્ભરે,
સમ્ભૂતોથ **જગદ્ગુરુર્હ્યકબરાખ્યેનેન** સમ્પૂજિતઃ ૨. શા૦

લોકેડ્યો વિજયાદિ**હીરગણરાડ્** યોગી વિપશ્ચિદ્વર-
સ્તત્પટ્ટે વિજયાદ્ય**સેનમુનિરાટ્** સેવ્યઃ સદા સજ્જનૈઃ
આચાર્યો વિજયાઢ્ય**દેવસુરરાટ્** સમ્ભૂષિતસ્તત્પદે,
તત્સ્થાને વિજયાકત**સિંહયતિરાડ્** રેજે સતાં સમ્મતઃ ૩. શા૦

પંન્યાસોપપદશ્ચ **સત્યવિજય**સ્તસ્યાસ્પદે ભ્રાજત,
**કર્પૂરાખ્ય** ગણિસ્તતો વિજયયુક્ પંન્યાસચિન્હાંકિતઃ
સંવેગાતિલસન્ **ક્ષમાદિવિજયો** લેભે ગણી તત્સ્થલં,
પૂજ્યોથો વિજયાન્વિતો **જિનગણિર્વિદ્વદ્વરો**ભુત્ તતઃ ૪. શા૦

નિર્ગ્રંથો **મૃતસાધુપો** જયદતઃ શ્રીમદ્ **ગુમાનો** ગણિઃ
**શ્રી તેજોવિજયો ધનાદિવિજયો** તશ્ચ ક્રમાદ્ દ્વૌ ગુણી;
તત્પશ્ચા**દ્વિનયા**ભિધો વિજયભૃદ્ વાચંયમઃ શોભિતઃ
પંન્યાસોથ ગણિર્હ્યુમેદવિજયઃ સિદ્ધાન્તવિત્ પપ્રથે. ૫. શા૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

श्री शंखेश्वर पार्श्वनाथाय नमः ।

# શ્રી ખાન્તિ......ચરિત્ર.

:: લેખક ::

શા. ભીખાભાઈ. છગનલાલ.

卐

:: પ્રકાશક ::

શ્રી ઉમેદ-ખાન્તિ જૈન જ્ઞાનમંદિર, ઝીંઝુવાડા.

卐

અમૂલ્ય : [ ભેટ ]

મુદ્રક: રતિલાલ કેશવલાલ શાહ: શ્રી વીરશાસન
પ્રિ. પ્રેસ : રતનપોળ : અમદાવાદ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકાશકના બે બોલ.

પૂજ્યપાદ પરમપ્રભાવક સ્વર્ગસ્થ બાલબ્રહ્મચારી પૂજ્ય પંન્યાસજી શ્રી ખાન્તિવિજયજી મહારાજશ્રીનું જીવનચરિત્ર બહાર પાડવાનો પ્રસંગ ઉત્પન્ન થાય છે તેથી અમોને અત્યંત આનંદ થાય છે.

આ મહર્ષિએ અમુલ્ય શાસનના કાર્યો કર્યાં છે તેમ-જ તેઓશ્રી ઝીંઝુવાડામાં જ્ઞાનમંદિર આદિ સ્થાપી બીજા પણ શાસન ઉપર મહાન્ ઉપકારો કર્યા છે, તે સર્વ ચરિત્ર વાંચવાથી અનુભવમાં આવશે. તેઓશ્રીના કાલધર્મ પામ્યાને આજે બે વર્ષ પસાર થવા છતાં પણ ચરિત્ર બહાર પાડી શકાયું નહિ, તેનું મૂખ્ય કારણ ખંભાતનિવાસી રા. રા. દલ-સુખભાઈ હરખચંદભાઈએ ચરિત્ર લખવા શરૂ કરેલ પરંતુ પોતાની શારીરિક સ્થિતિ નબળીને લીધે પૂરૂં નહિ થવાથી, બીજા લેખક રા. રા. ભીખાભાઈ છગનલાલને જણાવવાથી તેઓએ આ કાર્ય હાથ ધર્યું અને જીવનચરિત્ર પૂરૂં કરી આપ્યું, જેથી આ સ્થળે તેમનો આભાર માનવામાં આવે છે. આ જીવનચરિત્રમાં છેવટે પુન્ય–પ્રકાશનું સ્તવન વાંચકવર્ગ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાપની આલોચના કરી શકે તેવા હેતુથી મૂકવામાં આવેલ છે. આ ચરિત્ર છપાવવામાં મદદ તરીકે રૂા. ૨૫) શેઠ હીરાભાઇ કકલભાઇ, અમદાવાદવાળા તરફથી મળ્યા છે, જેથી તેમનો આભાર માનવામાં આવે છે. પ્રુફ રીડીંગ કરવામાં મુનિ શ્રી ખીમાવિજયજીએ જે શ્રમ ઉઠાવ્યો છે તેથી તેઓશ્રીનો પણ આભાર માનવામાં આવે છે. છેવટે આ પુસ્તકમાં જે કાંઈ અશુદ્ધિ રહી ગઇ હોય અગર તો કાંઇ પણ લખાણ ધર્મ વિરૂધ્ધ લખાયું હોય તો તે સંબંધી ક્ષમા યાચું છું. ૐ શાન્તિ. શાન્તિ. શાન્તિ.

—પ્રકાશક.

---

## પુસ્તક મળવાનું ઠેકાણું.

૧. શ્રી ઉમેદ–ખાન્તિ જૈન જ્ઞાનમંદિર. મુ. ઝીંઝુવાડા [ખારાગોઢા થઈ]

૨. શ્રી ઉમેદ–ખાન્તિ–પુષ્પ–ક્ષમા જૈન પુસ્તકાલય. મુ. ટીટોઈ
[ પો. મોડાસા ]

કીંમત : અમૂલ્ય [ ભેટ ]

---

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્ર...સ્તા...વ...ના.

ધર્મ અને સમાજની ઉન્નતિ માટે સાહિત્ય એ એક સર્વોતમ-ઉત્કૃષ્ટ સાધન છે. સાહિત્યની વૃદ્ધિમાં સામાજિક ઉન્નતિ સમાએલી છે. સમાજના અભ્યુદય માટે પરમપવિત્ર ધર્માચાર્યો, વીરપુરૂષો, સમાજના અગ્રગણ્ય નેતાઓ, દાનવીર શ્રીમંતો અને દેશના સાચા હિતચિંતકોના સત્ય જીવન ચરિત્રો ઐતિહાસિક દ્રષ્ટિએ લખાયા છે. બુદ્ધિમાન પુરૂષો પોતાની બુદ્ધિનો વૈભવ લોકોપકારમાં જ સફળ માને છે. એજ ઉદ્દેશે આ પંન્યાસપ્રવરશ્રીનું જીવનચરિત્ર બહાર પાડી, તેઓશ્રીએ લીધેલા-માનેલા સત્ય અહિંસક વ્રતને આપણે ફલિભૂત કરી તેમના આત્માને પરમ શાન્તિ ઇચ્છવી જોઇએ.

ઉત્તમ પુરૂષોનાં જીવનચરિત્ર ઉપયોગી હોય છે અને તેમાં આ મહાન્ પુરૂષનું જીવનચરિત્ર અનેક સદ્ગુણ, ઉત્તમ સંસ્કાર, તપશ્ચર્યા, શાસનકાર્યમાં અડગ નિડરતા, શાસનદ્રોહીઓને આપેલા સખત પડકારો, સિધ્ધાંતોના ઘણા દાખલાઓ આપી વિધવાવિવાહના પ્રશ્નને પંજાબ દેશમાંથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નાબુદ કરેલો અને નિરાભિમાનતા વિગેરે અનેક સદ્‌ગુણોનો અને શાચી શાસનસેવાનો અણમોલો પાઠ આપણને પઢાવે છે.

લેખકે આજના જમાનાની શૈલિમાં આ જીવનચરિત્રને નવલકથા રૂપે પ્રગટ કરી, વાંચકવર્ગને અતિ આનંદ ઉત્પન્ન થાય તેમ છે, તેમજ પુસ્તકને વાંચી ગ્રહણ કરવા યોગ્ય વસ્તુઓ જુદી રીતે તરી આવે તેવા તેના પ્રકરણો અને હેડીંગો ગોઠવેલાં છે, જેથી વાંચકબંધુઓ તેમાંથી જલ્દી સાર ગ્રહણ કરી શકે.

સમરાદીત્ય કેવળી, શ્રીપાળ, ચંદરાજા, જયાનંદ કેવળી આદિ અનેક મહાન્ પુરૂષોનાં જીવનચરિત્રો મનન કરવાથી અને તેમાં ઉંડા ઉતરવાથી મનુષ્યજાતિ આત્મબળે કેવાં કેવાં ઉત્તમ કાર્યો કરી શકે છે, તે યથાર્થ રીતે વિચારી જોતાં આત્મા ઉંચ્ચતર ગુણસ્થાનક મેળવી શકે છે અને દરેક મહાન્ પુરૂષોનાં જીવનચરિત્રોમાંથી મનુષ્યને મહાન્ બનાવવા માટે અભિલાષા ઉત્પન્ન થાય છે અને છેવટે એમાંથી સાર ગ્રહણ કરી એ ઉંચ્ચ ભૂમિકાએ પ્રવેશી શકે છે.

ચારિત્રનાયકની દીક્ષાની તીવ્ર અભિલાષા અને તેમના માતાપિતાની સંમતિથી એ શ્રીમાને ૧૮ વર્ષની યુવાન વયે, કે જે વખતે અનેક યુવાનો સ્વછંદતા, મોજશોખ, વ્યભિચાર વિગેરે અનેક પાપાચરણોથી કલુષિત બને છે, તે વખતે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શ્રીમાને પરમ ઉપકારી પ્રવજ્યા ગ્રહણ કરેલી છે અને તેમના માતાપિતાએ સ્વહસ્તે એમાં પ્રવેશ કરાવેલો છે. ધન્ય હો એવા માતાપિતાને ! કે જેઓ સદ્‌માર્ગે પ્રવેશી બીજાઓને પણ સદ્‌હસ્તે પ્રવેશ કરાવે છે. શ્રીમાન્‌ની બે બ્હેનોએ પણ પ્રવજ્યા અંગિકાર કરેલી છે. એ જોતાં શ્રીમાન્‌નું આખુંય કુટુંબ ધર્મપ્રેમી અને શાસનોદ્યોતકનાં કાર્યો કરનાર છે. ચારિત્રનાયકે બીજા પણ અનેક ભવિ જીવોને સંસારતારિણી, સદ્‌માર્ગ પ્રવેશીની દીક્ષામાર્ગના ઉપદેશો આપી, સંસારના કલુષિત વાતાવરણમાંથી બચાવી મોક્ષપંથે વળવાનો ઉચ્ચમત માર્ગ ગ્રહણ કરાવેલો છે.

આત્માર્થી ભવભીરૂ મનુષ્યો ચારિત્રનાયકના પગલે ચાલી વર્ત્તમાન સમયમાં પોતાના આત્માને નિર્મળ બનાવી શકે એ હેતુથી આ ચરિત્ર લખવામાં આવ્યું છે. ઉપરોક્ત પ્રભાવશાળી ગુરૂ–મહારાજનું ચરિત્ર એવું તો અનુપમ છે, કે તે પૂન: પૂન: મનન કરી, વિચારી, વાંચી જતાં અનેક ભવ્યાત્માઓ અલ્પ સમયમાં આ અસાર સંસારનો નિસ્તાર કરી શકે તેમ છે. ટુંકાણમાં આવા મહાન્ પુરૂષોનાં ચરિત્રો સમાજને ઉપકારી છે.

ચરિત્ર સાથે પૂન્ય–પ્રકાશનું સ્તવન પાછળના ભાગમાં આપવામાં આવેલ છે, તે પણ દરેક ભવિ જીવને ઉપયોગી નિવડી શકે તેમ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છેવટમાં 'હંસસાર ક્ષીર' એ ન્યાયે સાર ગ્રહણ કરી આત્મોન્નતિ સાધશો એવી તીવ્ર અભિલાષાએ આ પ્રસ્તાવના પૂરી કરૂં છું. ૐ શાન્તિ. શાન્તિ. શાન્તિ.

મુ. ટીટોઇ. } લી.
[ પો. મોડાસા ] } દામોદરદાસ મોહનલાલ શાહ.

## —: પચ્ચાસ ટકા કમીશન :—

| | | |
|---|---|---|
| ૧. | મહારાજા ચંદ્રશેખર ભા. ૧. | ૧–૦–૦ |
| ૨. | ” ” ભા. ૨. | ૧–૦–૦ |
| ૩. | વીસસ્થાક પૂજા તથા કથા સંગ્રહ. | ૧–૦–૦ |
| ૪. | સનાતન સત્યનો સાક્ષાત્કાર. | ૧–૦–૦ |
| ૫. | સત્યનું સમર્થન. | ૧–૦–૦ |
| ૬. | પ્રતિજ્ઞા પાલન. | ૧–૦–૦ |
| ૭. | સતિ ચીલ્લણાદેવી. | ૦-૧૨-૦ |
| ૮. | જૈન સ્તોત્ર. | ૦–૧–૦ |

ઉપરના ગ્રન્થોમાં ૫૦ ટકા કમીશન આપવામાં આવશે.

### —: કમીશન વગરના ગ્રંથો :—

| | | |
|---|---|---|
| ૧. | વિવિધ પ્રશ્નોતર. | ૦–૧૪–૦ |
| ૨. | આચારાંગ–ધૂતાધ્યયન | ૨–૦–૦ |
| ૩. | ચૈત્રી શત્રુંજય અંક. | ૦–૮–૦ |

દરેકનું વી. પી. ખર્ચ જુદું. લખો:—

**શ્રી વીરશાસન કાર્યાલય.**
રતનપોળ–**અમદાવાદ.**


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# અ....નુ....ક્ર....મ....ણિ....કા.


| પ્રકરણ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|
| ... ... | મંગલાચરણ તથા પીઠિકા. | ૧ |
| પ્રકરણ ૧ લું. | ચારિત્રનાયકનો જન્મ, એમની જન્મભૂમિ, કુટુંબ તથા બાલ્યવય વિગેરેનો પરિચય. | ૭ |
| ,, ૨ જું. | શ્રી ઉમેદવિજયજી ગણિનો પરિચય તથા સત્સંગનો પ્રભાવ. | ૧૩ |
| ,, ૩ જું. | સંસાર અને વૈરાગ્ય. | ૨૨ |
| ,, ૪ થું. | ચુનીલાલભાઈ પાટણમાં ભાગવતી દીક્ષા અંગિકાર કરે છે. | ૨૯ |
| ,, ૫ મું. | ગુરૂ–વિરહ. | ૩૭ |
| ,, ૬ ઠું. | ગુરૂદેવના પગલે. | ૪૧ |
| ,, ૭ મું. | પં. શ્રી ખાન્તિવિજયજીનાં ચાતુર્માસો, વિહાર અને શાસનસેવાનું અવલોકન. | ૪૭ |
| ,, ૮ મું. | 'પન્યાસ' પદવીનું પ્રદાન. | ૫૬ |
| ,, ૯ મું. | મુંબાઇમાં વિજયવીરસૂરિજીનું અવસાન અને ડૉકટરી ચર્ચા. | ૫૮ |
| ,, ૧૦ મું. | મુંબાઈથી વિહાર કર્યા પછીના ચાતુર્માસોનો અહેવાલ. | ૭૧ |
| ,, ૧૧ મું. | છેલ્લું ચાતુર્માસ અને અવસાન. | ૭૬ |
| ... ... | ઉપસંહાર. | ૮૧ |
| ... ... | કાલધર્મ પામ્યા ત્યારે આવેલ દીલગીરીના તારો, કાગળો તથા થએલી ધાર્મિક કાર્યોની યાદી. | ૮૨ |
| ... ... | પંન્યાસજીના અવસાન સમયના વિરહનાં ગાયનો. | ૮૯ |
| ... ... | પં. શ્રી ખાન્તિવિજયજી મહારાજના જીવન–ચરિત્રની ઢાળો. | ૯૩ |
| ... ... | પુન્ય–પ્રકાશનું સ્તવન. | ૯૮ |


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સુપ્રસિદ્ધ વિદ્વદ્વર્ય અનુયોગાચાર્ય



શ્રીમત્ ખાન્તિવિજયજી ગણિવર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

॥ श्री शंखेश्वर पार्श्वनाथाय नमः ॥

# શ્રી ખાન્તિ—ચરિત્ર.

[ શાસનમાન્ય તીર્થોદ્ધારક બાલબ્રહ્મચારી પૂ. પન્યાસ શ્રીમદ્ ઉમેદવિજયજી ગણિવર સામ્રાજ્યવર્તી પૂજ્ય અનુયોગાચાર્ય પં. શ્રીમદ્ ખાન્તિવિજયજી મહારાજનું સંક્ષિપ્ત જીવન ચરિત્ર. ]

: : મંગલાચરણ : :

**નમી શ્રી વીરસ્વામીને, ગુરૂ આનંદ-સાગરને,**
**નમી શ્રી શારદાદેવી, લખું ખાન્તિ-જીવન *વરને. ૧**

**પીઠિકા**—જન્મવું અને મરવું એ જગતના પ્રાણી માત્ર માટે અબાધિત નિયમ છે પણ એ નિયમનો ભંગ કરવાનો પ્રયત્ન કરનાર, ફરીને જન્મ મરણ ન લેવાં પડે એવું વિશુદ્ધ જીવન જીવનારનાંજ જીવન ચરિત્ર જગતને બોધક છે, સન્-માર્ગનાં સંશોધક છે, મહાન્ પુરૂષોનાં જીવન અને મરણ ઉભય બોધક છે, એમનાં મરણ એ ભૂતપૂર્વ વિશુદ્ધ જીવ-નને વધારે સ્મરણ કરાવે છે. યતઃ ઉત્તમ પુરૂષોનાં જીવનને મરણ પણ સદ્બોધ છે.

* વર—શ્રેષ્ઠ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જગતના તમામ આસ્તિક દર્શનકારો મનુષ્યભવની પ્રાપ્તિને દુર્લભ કહે છે. એની દુર્લભતાના કથનમાં હેતુ શો ? ભોગાદિ સામગ્રીને લઇને એ દુર્લભતા કહેવામાં આવી નથી, કેમકે–એ સામગ્રી તો દેવ–જીવનમાં મનુષ્યજીવનથી કેઇ ગુણી છે પણ ભવના કારણભૂત એ ભોગાદિ સામગ્રીનો ત્યાગ, એના ત્યાગની વૃદ્ધિથી ( એના સદંતર ત્યાગથી ) આત્માની નિર્મળતાનું પ્રગટીકરણ એ મનુષ્ય જીવનમાંજ બની શકે છે, માટેજ આ માનવજીવનની દુર્લભતા કહેલ છે. આત્માનું શાશ્વત્ સુખ મોક્ષમાંજ છે અને તેની પ્રાપ્તિ આ મનુષ્યજીવનથી જ લભ્ય છે, માટે જ આ જીવનની દુર્લભતા કહેલ છે. મનુષ્યભવ દુર્લભ શાથી ? એ નીચેના અષ્ટકથી બરાબર સમજાશે. દેવો પણ મનુષ્યભવ આટલા માટેજ માગે છે.

: : કાવ્યછંદ : :

કયો મોક્ષનો માર્ગ, પ્રાણીને જ્ઞાન જણાવે,
ક્રિયા રૂપ પ્રયાણ, હોય એ નક્કી પાવે;
જ્ઞાન ક્રિયાભ્યાં મોક્ષ સૂત્રની સદ્દહણાથી,
ઉભ[1]ય ન સાથે ક્યાંય, 'મનુષ્યભવ દુર્લભ તેથી.' ૧.
જોયું આંખે ઇષ્ટ, ચરણ નહિ લેવા જાવે,
જાણ્યું તેનું વ્યર્થ, જાય અજાણ ન પાવે;

---

૧. જ્ઞાન અને ક્રિયા એ બન્ને મનુષ્યભવ સિવાય બીજે સાથે હોતાં નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નરકે કેવળ દુઃખ, ધર્મ શું સાધે તેથી,
સધાય છે આ લોક, 'મનુષ્યભવ દુર્લભ તેથી.' ૨.

દેવ-ગતિમાં જીવ, પડે છે વિષયાનંદે,
પરાધીન તિર્યંચ, બીચારૂં ભયના ફંદે;
મનુષ્યભવ છે માત્ર, સાધ્યનું સાધન એથી,
નક્કી નક્કી વાત, 'મનુષ્યભવ દુર્લભ તેથી.' ૩.

કીધું ના ભવ તેહ, જીવનું સાર્થક કાંઇ,
બીજે ભવ ના લભ્ય, તેહ શું કરશે ભાઇ;
વાવે જેવું જેહ, લણે તે તેવું તેથી,
ગયો મળે નહિ જન્મ, 'મનુષ્યભવ દુર્લભ તેથી.' ૪.

અનંત રાશી થાય, પુણ્યની ભેગી જ્યારે,
પમાય છે નરલોક, જાય ના દળદળ ત્યારે;
વ્યર્થ ભૂમિને ભાર, શાસ્ત્ર ફરમાવે એથી,
સાધ્ય સાધ્ય આરાધ્ય, 'મનુષ્યભવ દુર્લભ તેથી.' ૫.

આર્ય દેશ ને કુળ, ઇંદ્રિયો પાંચે સારી,
બલ આરોગ્ય સહિત, હોય આવરદા સારી;
સુદેવ-સુગુરૂ-સુધર્મ, સ્વજન અનુકુળતા એથી,
સાધ્ય સાધ્ય આરાધ્ય 'મનુષ્યભવ દુર્લભ તેથી.' ૬.

[1]પ્રવચન શ્રદ્ધા હોય, શ્રવણ સિદ્ધાંત કરાયે,
તત્ત્વો કેરૂં જ્ઞાન, સુવ્રત જિજ્ઞાસા થાયે;
અધિક અધિક દુર્લભ્ય, મળેલું ગુમાવવાથી,
ફરી મળે નહિ ભાઇ, 'મનુષ્યભવ દુર્લભ તેથી.' ૭.

---

૧. શાસ્ત્ર.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મોક્ષ વગર નહી સુખ, મોક્ષનાં સાધન સૌ આ,
મળે મનુષ્ય-ભવ માંહિ, ખોઇને લાગે રોવા;
છાંડી [1]પંચ પ્રમાદ, ધર્મના આરાધનથી,
એક મોક્ષ આ લોક, 'મનુષ્યભવ દુર્લભ તેથી.' ૮.

અનંત પુણ્યની રાશીથી મનુષ્યભવ મળે અને આર્ય દેશ, આર્યકુળ; સુદેવ, સુગુરૂ અને સુધર્મનો સંયોગ વિગેરે સામગ્રી અધિક આધક પુણ્યના યોગે મળે અને આવું દુર્લભ જીવન મળ્યા બાદ એને ખાવાપીવામાં, રમણીઓના રાગ-રંગમાં, ગંદા ભોગવિલાસમાં વેડફી નાખવામાં આવે તો પછી એ મનુષ્યજીવન અને પશુજીવનમાં તફાવત શો? બલ્કે એ મનુષ્યજીવન તો પશુજીવનથી પણ એક રીતિએ ભયંકર ગણાય, કેમકે-પશુજીવનમાં જ્યારે પાપ ખવાય છે, ત્યારે મનુષ્યજીવનમાં પુણ્ય ખવાય છે. મનુષ્યજીવનનો જો સદુપયોગ કરવામાં આવે તો તે વસંતતુલ્ય છે. વસંતનો સ્વભાવ છે કે-'ખીલી વસંત આપ અખિલ વિશ્વ ખીલાવે.' માત્ર મનુષ્ય દેહની પ્રાપ્તિથી એની સાર્થકતા નથી પણ એના સદુપયોગથી જ એની સાર્થકતા છે.

" यः प्राप्य दुष्प्राप्यमिदं नरत्वं,
धर्मं न यत्नेन करोति मूढः
क्लेशप्रबन्धेन स लब्धमब्धो. "

---

૧. મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને વિકથા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

चिन्तामणिं पातयति प्रमादात्. ।[ સિન્દુર પ્રકર. ]

**અર્થ**—જે મૂર્ખ મનુષ્ય મુશ્કેલીથી મેળવી શકાય એવો મનુષ્યભવ મેળવીને યત્નપૂર્વક ધર્મ આચરતો નથી, તે મહા કષ્ટ વડે મેળવેલા ચિંતામણિ રત્નને પ્રમાદને લીધે સમુદ્રમાં ફેંકી દીધા જેવું કરે છે. જે પવિત્ર આત્માઓ પૂર્વે નિષ્કામ ભાવે ધર્મ આરાધીને આવેલ છે, તેઓને ઉપરની ઉત્તરોત્તર અધિક દુર્લભ સામગ્રીઓ સાંપડે છે, જેના યોગે એ પુણ્યાત્માઓ ઉપકારી એવા ધર્મને વિશેષત: આરાધે છે અને પરિણામે સાધ્યને સાધે છે. વસંતની જેમ આવા પુણ્યાત્માઓ પોતાના વિશુદ્ધ જીવન વડે પોતાની ઉન્નતિની સાથે જગતનું પણ ભલું કરે છે. કહ્યું છે કે—'**परोपकाराय सत्तां विभूतयः**'। ચારે ગતિના આત્માઓમાં સેવાનું ક્ષેત્ર પણ મનુષ્યગતિ જ છે અને માટેજ એ જીવન વધારે જવાબદાર પણ છે. એવા જીવનની કિંમત સમજનારા આત્માઓ પોતાની સોનેરી સમયની એક ક્ષણ પણ નકામી જવા દેતા નથી અને સાધ્યની સિદ્ધિને માટેજ તેઓ દેહનાં બળિદાન દે છે. જડવાદથી જકડાયેલા જગત્માં તેઓ ચૈતન્યવાદનેજ પ્રચારે છે અને ચૈતન્યવાદ રૂપ અમૃત–સિંચનથી જ જગત્ પણ સલામત છે. સ્વ–પરહિતાર્થે ઉચ્ચ જીવન વહન કરનાર મહાપુરૂષો ગમે તેવા વિઘ્નોની પરવા પણ કરતા નથી, કેમકે—

निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु
लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेष्टम् ।

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

अद्यैव वा मरणमस्तु युगान्तरे वा,
न्याय्यात् पथः प्रविचलन्ति पदं न धीराः ॥

*

"નીતિમાં નિપુણ ગણાતાઓ ( વ્યવહાર કુશળો ) નિંદા કરો કે સ્તુતિ કરો, લક્ષ્મી આવો કે જાવો, મરણ યુગાંતરે થાઓ કે આજેજ થાઓ પણ ધીર પુરૂષો ન્યાયમાર્ગથી એક પગલું પણ ખસતા નથી."

*

જે મહાપુરૂષનું અત્રે ચરિત્ર લખવાનો પ્રારંભ કરવામાં આવે છે તેમના જીવનમાં સાધ્યની સિદ્ધિનો જ બોધપાઠ છે અને એ મહાપુરૂષે આવતા તમામ આક્રમણો ઉપર આત્મબળે વિજય મેળવ્યો છે અને જીવનની છેલ્લી ક્ષણ પર્યંત શાસનનો વિજયડંકો વગાડયો છે. આવા સમર્થ મહાપુરૂષનું ચરિત્ર મારા જેવો પામર શું લખી શકે ? છતાં ભક્તિવશાત્ થતી પ્રેરણાજ એમાં સહાયક છે. તણખલામાં કાંઇ આકાશમાં ઉડવાની તાકાત નથી, છતાં વાયરાના યોગે ઉંચામાં ઉંચે આકાશમાં જઈ શકે છે તેમજ અલ્પમતિધર હું પણ જે કાંઇ યતકિંચિત લખું છું એ પ્રભાવ પણ એ મહાપુરૂષના જીવનનો છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૧ લું.

## ચરિત્રનાયકનો જન્મ, એમની જન્મભૂમિ, કુટુંબ તથા બાલ્યવય વિગેરેનો પરિચય.

***

ગુજરાત દેશમાં પાલણપુર એજન્સીમાં થરા ગામ પાસે રાજપુર નામે એક ન્હાનકડું ગામ છે. શહેરી જીવન લહેરી ખરાં પણ એ લહેરની પ્રાપ્તિમાં કાળો કેર વસી રહ્યો છે. સટ્ટા, જુગાર, પ્રપંચ વિગેરે શહેરોમાં જોસભેર ચાલે છે, જ્યારે ગામડામાં વસનારાઓ આજીવિકા પૂરતું જાત-મહેનતથી મેળવી સંતોષી હોય છે. સામાન્યત:સ્નેહ તથા પ્રેમની લાગણી ગામડાઓમાં વધારે દેખાય છે, જ્યારે શહેરમાં આડંબરી સભ્યતા જરૂર દેખાય છે. એ ગામનો કાંઈ ખાસ ઇતિહાસ નથી પણ થોડી વસ્તીવાળું આ ગામ હતું. સુખી ગામમાં અઢારે વર્ણના લોકો રહેતા હતા અને સૌ પોતપોતાના ધંધે-ધાપે સુખી હતા. ત્યાં જૈનોના ઘર થોડા હતા. શેઠ ચતુરભાઇ (આપણા ચરિત્રનાયકના પિતા) પૈસેટકે સામાન્યત: સુખી ગણાતા હતા. ગામડાનો ધંધો નિવૃત્તિમય હોય છે એટલે ચતુરભાઈ શેઠ ધર્માનુષ્ઠાનમાં રક્ત રહેતા હતા. ધર્માનુષ્ઠાનમાં રક્ત રહેવું પણ ભાગ્યોદયે બને છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નિવૃત્તિ તો ઘણાયને મળે છે, નવરા તો ઘણાય હોય છે પણ ઉલટા તેઓ નખ્ખોદ વાળે છે. ધર્મનિષ્ઠ આત્માઓ તો પ્રવૃત્તિમાંથી પણ ધર્મક્રિયા માટે સમય મેળવે છે અને એ રીતે આત્મસામર્થ્યને કેળવે છે. આજના સુધારકો જેઓને સ્વચ્છંદી જીવન પ્રિય છે, તેઓ ધર્મક્રિયા કરનારાને ઉલટા નવરા કહે છે, ધર્મક્રિયા કરવી એ નવરાનું કામ છે એમ તેઓ માને છે અને ઉન્માદના યોગે જડવાદમાં આગળ વધવું એને તેઓ પ્રગતિ માને છે. શેઠ ચતુરભાઈ તો ધર્મસંસ્કારથી પરિણત હતા. તેઓ ધર્માનુષ્ઠાન ચૂકે ખરા ? નહિજ. પૃથ્વી-તલને પાવન કરી રહેલા સાધુ–સાધ્વી ત્યાં આવતા, તેમની સુશ્રૂષા તેઓશ્રી સારી રીતે કરતા અને પ્રભુવાણી શ્રવણ કરી ધર્મ આરાધનાથી જીવન સફળ કરતા હતા. એમની ભાર્યાનું નામ પુંજીબાઇ હતું. પુંજીબાઇ સરલ, નિરાભિમાની, મહેનતુ, ધર્મપ્રેમી અને પતિભક્તિ પરાયણા હતાં. પતિની જેમ તેઓ પણ ધર્મક્રિયામાં રક્ત રહેતાં અને સાધુ–સાધ્વીની ભક્તિ કરતા પોતાને અહોભાગ્ય માનતાં હતાં. ગૃહકાર્યના બોજાને પણ નિપટાવતા અને ધર્મને પણ સાચવતાં. ધર્મ-ક્રિયાના ભોગે ગૃહકાર્ય નિભાવાય એવી માન્યતા આજના જમાનાવાદીઓની જેમ તેમનામાં નહોતી, કેમકે–તેઓ તો એક શ્રાવિકા હતાં. ધર્મપ્રેમી આ દંપતિ જેમ પૈસે–ટકે અને સ્નેહી–સંબંધી વર્ગથી સુખી હતા, તેમજ સંતતિએ પણ પુણ્યોદયે સુખી હતા. તેમને વિજકોર બ્હેન નામે એક

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પુત્રો તથા શામજીભાઇ નામે એક પુત્ર હતો. ત્યાર બાદ આપણા ચરિત્રનાયકનો પુણ્યાત્મા–જીવ એમને ત્યાં અવતરે છે. આ આત્મા ગર્ભાવસ્થામાં હતો ત્યારથીજ માતાના દોહદો ઉચ્ચ ધર્મભાવનાના થતા હતા, જે એમના પતિ પૂર્ણ કરતા હતા.

:: શાર્દુલ વિક્રીડિત છંદ ::

જેવો ગર્ભ હશે કુખે જનુનીના, તેવા થશે દોહદો,
[1]જ્ઞાતાનંદ માત ચિંતન કરે, 'પ્રાણી સહુકો તરો;'
ગાંધારી તણી વાસના ક્રુર જુઓ, 'મારૂં કરૂં કેદ શું !'
માટે ખેદિત ગર્ભિણી પ્રતિ પતિ, બોલે 'કરે ખેદ શું !'

*

"ખેદિત ગર્ભિણીને ખેદ ન થવા દેવા પતિ, પત્નિના દોહદો પૂરા કરે છે પણ એ સારા નરસા–દોહદો ગર્ભમાં અવતરેલા સારા–નરસા નરસા આત્માને અવલંબીને છે."

પુંજીબાઇ દિન પ્રતિદિન ધાર્મિક ભાવનાઓમાંજ મસ્ત રહેતાં, પોતાનો પુત્ર મહાન્ ધર્મિષ્ઠ થશે એવું સ્વપ્ન જાગૃતાવસ્થામાંજ તેઓ નિહાળતા અર્થાત્ બેમાલુમ રીતે તેઓને એવું ભાસતું હતું. પ્રસૂતિના છેલ્લા દિવસોમાં પણ પુંજીબાઈ શ્રી અરિહંત દેવનુંજ સ્મરણ કરતાં હતાં. ગર્ભસ્થિતિ પરિપકવ થયેથી સંવત્ ૧૯૪૧ માર્ગશિર્ષ માસની શુકલ ચતુર્દશીએ

---

૧ જ્ઞાતાનંદન માત–ભગવાન્ શ્રી મહાવીર દેવની માતા ત્રિશલાદેવી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સોમવારે ઉષા સમયે પૂંજીબાઇએ એક પુત્રરત્નને જન્મ આપ્યો અને એજ આપણા ચરિત્રના નાયક. આ તીથિ તે ભગવાન્ શ્રી સંભવનાથ સ્વામીનો જન્મકલ્યાણક દિન છે. મહાપુરૂષોની કલ્યાણક તીથિઓના દિવસે વિશેષતઃ ધર્મ આરાધન કરવાની પરમ ઉપકારી શાસ્ત્રકારોની આજ્ઞા છે. તે દિવસે આરંભ સમારંભ બંધ થાય તોજ ધર્મ સારી રીતે આરાધાય પણ પ્રવૃત્તિના જ કેવળ પૂજારી તથા સ્વચ્છંદી જીવનનો અંતરઅવાજના નામે બચાવ કરનારા આજના સુધારકોને ગળે આ વાત ઉતરતી નથી. અંતરઅવાજ એજ ધર્મ હોય, તો પાપ શામાં ? કલ્યાણક દિનની આરાધનાથી મહાપુરૂષોનાં સ્મરણ-ચિન્હો તાજાં થાય છે. એવા પવિત્ર દિવસોએ આરંભ-સમારંભ તજી, લીલોતરીનો તથા રસાદિનો ત્યાગ કરી, બ્રહ્મચર્ય પાળી, સાંસારિક વ્યવસાય વેગળો અથવા કમી કરી બનતી તપશ્ચર્યા પૂર્વક પૌષધ, સામાયિક, ભગવાનની મહાપૂજા, મહોત્સવાદિ કરવા એ આવશ્યક છે અને એ રીતેજ આત્માની ધર્મ પરિણતિ જાગૃત રહે છે, સમ્યગ્દર્શન નિર્મળ બને છે. જેમ દુનિયામાં પણ રાજા વિગેરેની જન્મ-મરણ તીથિ પળાય છે, તેમ આવી પુણ્ય-તીથિઓ પળાવીજ જોઇએ. શ્રી જિનશાસન ત્યાગમાર્ગ પરજ રચાયેલું છે, માટે એ પુણ્ય તીથિઓએ જેમ આપણે વધારે ત્યાગ કરીએ તેમ આરાધના વધારે થાય. સંસારને તજી-સાંસારિક ખટપટને તજી, દેવપૂજા, ગુરૂસેવા, સામાયિક, પૌષધાદિ અનુષ્ઠાનમાંજ તે તીથિએ સમર્પાઈ જવું જોઇએ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દુનિયાના વ્યવહારમાં પુત્રજન્મથી ઘણો આનંદ મનાય છે, તો આવો પુણ્યાત્મા જ્યાં અવતરે ત્યાંનું વાતાવરણ અધિક આનંદજનક હોય એમાં નવાઇ શી? માતાપિતા યોગ્ય સમયે એનું નામ ચુનીલાલ રાખે છે. ચુનીલાલભાઇ બીજના ચંદ્રની જેમ દિન પ્રતિદિન વયે વધતા જાય છે. ત્યારબાદ પુંજીબાઇને લલ્લુભાઇ નામે એક પુત્ર તથા મેના બ્હેન નામે એક પુત્રી થાય છે, પાંચ ભાઇ–બ્હેનમાં ચુનીલાલભાઇ બરાબર મધ્યમાં ( ત્રીજા ) હતા. બે ભાઇ તથા બે બ્હેનના તેઓ ભાઇ હતા. પાંચે ભાઇ–બ્હેન પરસ્પર,સંપીને રમતા–આનંદ કરતા હતા, જે જોઇને માતાપિતા હરખાઇને પુણ્યાનંદનો અનુભવ ( ભોગવટો ) કરતા હતા. જેમ ચુનીલાલભાઇ ભવિષ્યમાં દીક્ષા લેનાર છે, તેમ તેમનાં નાનાં બહેન મેના બ્હેન પણ સાધ્વી થનાર છે. ( હાલ તેઓ વિમલશ્રીજી નામે સાધ્વી છે. )

હવે ચતુરભાઇ શેઠ પુત્રાદિકના અભ્યાસ વિગેરેના કારણે રાજપરથી થરા ગામમાં આવીને રહે છે. અને પોતાના બાળકોને વિદ્યાભ્યાસ કરાવે છે. કહ્યું છે કે—

“ माता शत्रुः पिता वैरी येन बालो न पाठितः ।
न शोभते सभामध्ये हंसमध्ये बको यथा ॥ १ ॥
रूपयौवनसंपन्ना विशालकुलसंभवाः ।
विद्याहीना न शोभन्ते निर्गन्धा इव किंशुकाः ॥ २ ॥ ”

*

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"જે પોતાના બાળકને ભણાવતા નથી તે માતા શત્રુ છે તથા પિતા વૈરી છે, કેમકે–તે પુત્ર હંસમાં જેમ બગલો શોભતો નથી, તેમ સભામાં શોભતો નથી. ॥૧॥ સારા કુળમાં ઉત્પન્ન થયેલ હોય તથા રૂપ અને યૌવન સહિત હોય, છતાં પણ વિદ્યા વગરના પુરૂષો ગંધ વગરના કેસુડાના ફૂલોની જેમ શોભતા નથી." ॥૨॥

એક તરફ આ રીતે જેમ વ્યવહારૂઅભ્યાસ અપાય છે, તેમજ બીજી તરફ પુત્ર–પુત્રીઓમાં ધર્મસંસ્કારો પણ સીંચાય છે. ધર્મપરિણત માતાપિતાના ધર્મસંસ્કારો સુપુત્રોમાં સ્હેજે પરિણમેજ. ચુનીલાલભાઇ આ રીતે ગામડામાં મળતો વિદ્યાભ્યાસ શિક્ષકના થોડાજ પરિશ્રમથી કરી લે છે અને ધાર્મિક કેળવણીથી આંતરજીવન પણ ઘડતા જાય છે. સામાન્ય રીતે શિશુ વયમાં ધીંગાણાનું ધાંધલ હોય પણ ચુનીલાલભાઇ તો દીવ્ય મૂર્તિ હતા, કેમકે–ભવિષ્યની આગાહી એ બાલ્ય વય આપી રહી હતી. એ રીતે ચુનીલાલભાઇ પોતાની બાલ્ય વયને વટાવી અઢાર વર્ષની વયે આવી પહોંચે છે, યૌવનને આંગણે આવે છે, કહો કે–યૌવન વય આ મહાપુરૂષને વધાવે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૨ જું.

## શ્રી ઉમેદવિજયજી ગણિનો પરિચય તથા સત્સંગનો પ્રભાવ.

* * *

થરાગામમાં વિહાર કરતાં કરતાં સાધુ–સાધ્વીઓ પધારતા તેમની પાસે ચતુરભાઇ શેઠનું કુટુંબ અન્ય શ્રદ્ધાળુ જનોની સાથે ધર્મ સાંભળવા કાયમ જતું અને સાધુ–સાધ્વીની સેવામાં તો એ કુટુંબ પોતાના જીવનની સફળતા સમજતું હતું. ચુનીલાલભાઈ પૂર્વની આરાધનાના યોગે સત્સંગના રંગથી વધારે વધારે રંગાતા જતા હતા. સંવત્ ૧૯૫૯ ની સાલમાં ત્યાં શ્રી ઉમેદવિજયજી ગણિવર પધાર્યા. પ્રિય વાંચક! આપણા ચરિત્રનાયકના આ ગુરૂદેવનો થોડો પરિચય અત્રે પ્રાસંગિકજ ગણાશે. મારવાડ દેશમાં પાલી શહેર નજીક ખીમારૂ નામના ગામમાં વિક્રમ સંવત્ ૧૯૦૩ ની સાલમાં ધર્મદાસ નામના શેઠની લક્ષ્મીબાઇ નામની ભાર્યાની કુખે આ મહાપુરૂષનો જન્મ થયો હતો. આ આત્મા ગર્ભમાં આવતાં જ એ કુટુંબ જાહોજલાલી ભોગવતું થયું હતું. એમનું નામ સુગનમલજી રાખવામાં આવ્યું હતું. તેઓ જ્યારે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગર્ભમાં હતા, ત્યારે માતાને અઢળક લક્ષ્મીનું દાન આપવાનો દોહદ થયો હતો, જે ધર્મદાસ શેઠે શક્તિ મુજબ પૂર્ણ કર્યો હતો. માતાપિતાએ એમના લગ્ન માટે પ્રયત્ન કર્યો હતો પણ સુગનમલજીએ એ વાતની સાફ ના સંભળાવી દીધી હતી. માતાપિતાએ બાલ્યવયમાં પોષેલા ધર્મસંસ્કારોને તેઓ વધારે સુદૃઢ કરતા હતા અને વારંવાર શ્રી નવલખા પાર્શ્વનાથ (પાલીગામે)ની યાત્રાએ જતા હતા. આ યાત્રા સફર કરવાની નહોતી પણ જીવનના પલટાની હતી. દિનપ્રતિદિન તેઓ ધર્માનુષ્ઠાનમાં આગળ વધ્યે જતા હતા અને વૈરાગ્યને વિકસિત કરતા હતા.

કેટલાક સમય બાદ શ્રી વિનયવિજયજી મહારાજ ત્યાં પધાર્યા. તેમની પાસે આ મહાપુરૂષે સંયમ અંગિકાર કર્યો હતો અને એ વખતે એમનું નામ શ્રી સુજ્ઞાનવિજયજી રાખવામાં આવ્યું હતું. ત્યારબાદ તેઓ સંયમ પાલન કરતા જ્ઞાનાભ્યાસ વધારતા હતા. મારવાડમાં કેટલોક સમય રહ્યા—વિચર્યા બાદ તેઓ અમદાવાદમાં આવ્યા અને ત્યાં ડહેલાના ઉપાશ્રયે પં. શ્રી રત્નવિજયજી ગણિ પાસે યોગોદ્વહન કરી સંવત્ ૧૯૨૮ ની સાલમાં તેઓએ વડીદીક્ષા અંગિકાર કરી. આ વખતે એમનું નામ શ્રી ઉમેદવિજયજી રાખવામાં આવ્યું, કે જે નામથી તેઓ આજે સુપ્રસિદ્ધ છે. ત્યારબાદ તેમના ગુરૂને સકારણ મારવાડમાં વિહાર કરવો પડયો પણ આ મહર્ષિ તો પોતાનો અભ્યાસ વધારવાની તીવ્ર ઇચ્છાથી પં.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શ્રી મણીવિજયજી દાદા પાસે ત્યાંજ (અમદાવાદજ) રહ્યા. શ્રી મણીવિજયજી મહારાજ દાદાના ઉપનામથી ઓળખાતા હતા. તપાગચ્છાધિરાજ એ દાદાજી લુવારની પોળે વિરાજતા હતા. આ મહર્ષિએ કાવ્ય, વ્યાકરણ, પ્રકરણાદિનો એમની પાસે સારો અભ્યાસ કર્યો. એમના ગુરૂ શ્રી વિનયવિજયજી મારવાડમાં ગયા હતા ત્યાં બ્યાવર–નવા શહેરમાં તેઓ સ્વર્ગવાસ પામ્યા અને બીજી તરફ શ્રી મણીવિજયજી દાદા પણ દેવગત થયા. આથી શ્રી ઉમેદવિજયજી ઘણા નિરાશ થયા. ત્યારબાદ તેઓશ્રી ઉજમબાઇની ધર્મશાળામાં શ્રીમાન બુદ્ધિવિજયજી યાને બુટેરાયજી તથા શ્રીમાન્ મુક્તિવિજયજી યાને મુળચંદજી મહારાજ પાસે રહ્યા. એમને તો જ્ઞાનની પીપાસા હતી. કેવળ લુખ્ખા જ્ઞાનની પીપાસા હતી એમ નહિ, સાથે સંયમની સાધના તો સતેજ હતી. સંયમની શુદ્ધિ કરનાર તપને પણ તેઓ ચૂકયા નથી. એઓશ્રીએ જીવનમાં બાર વર્ષ સુધી તો કાયમ એકાસણા કર્યાં છે. આવાં આત્માઓજ સૃષ્ટિના શ્રૃંગાર રૂપ છે. બાલબ્રહ્મચારી, સંયમધારી, તપસ્વી અને જ્ઞાની એવા આવા મહર્ષિઓથી જ પૃથ્વી રત્નગર્ભા કહેવાય છે. વંદન હો આવા મહર્ષિઓને!

શ્રી બુટેરાયજી તથા શ્રી મુળચંદજી મહારાજ પાસેથી પણ તેઓશ્રીએ ઉત્તમ પ્રકારે જ્ઞાન સંપાદન કર્યું. ત્યારબાદ વળી શ્રી મુલચંદજી મહારાજ પણ સ્વર્ગવાસ પામ્યા. વિકાળ કાળની ફાળમાંથી કોણ બચી શકે છે? કોઇજ નહિ. એક

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગર્ભમાં હતા, ત્યારે માતાને અઢળક લક્ષ્મીનું દાન આપવાનો દોહદ થયો હતો, જે ધર્મદાસ શેઠે શક્તિ મુજબ પૂર્ણ કર્યો હતો. માતાપિતાએ એમના લગ્ન માટે પ્રયત્ન કર્યો હતો પણ સુગનમલજીએ એ વાતની સાફ ના સંભળાવી દીધી હતી. માતાપિતાએ બાલ્યવયમાં પોષેલા ધર્મસંસ્કારોને તેઓ વધારે સુદૃઢ કરતા હતા અને વારંવાર શ્રી નવલખા પાર્શ્વનાથ (પાલીગામે)ની યાત્રાએ જતા હતા. આ યાત્રા સફર કરવાની નહોતી પણ જીવનના પલટાની હતી. દિન-પ્રતિદિન તેઓ ધર્માનુષ્ઠાનમાં આગળ વધ્યે જતા હતા અને વૈરાગ્યને વિકસિત કરતા હતા.

કેટલાક સમય બાદ શ્રી વિનયવિજયજી મહારાજ ત્યાં પધાર્યા. તેમની પાસે આ મહાપુરૂષે સંયમ અંગિકાર કર્યો હતો અને એ વખતે એમનું નામ શ્રી સુજ્ઞાનવિજયજી રાખવામાં આવ્યું હતું. ત્યારબાદ તેઓ સંયમ પાલન કરતા જ્ઞાનાભ્યાસ વધારતા હતા. મારવાડમાં કેટલોક સમય રહ્યા—વિચર્યા બાદ તેઓ અમદાવાદમાં આવ્યા અને ત્યાં ડહેલાના ઉપાશ્રયે પં. શ્રી રત્નવિજયજી ગણિ પાસે યોગોદ્વહન કરી સંવત્ ૧૯૨૮ ની સાલમાં તેઓએ વડીદીક્ષા અંગિકાર કરી. આ વખતે એમનું નામ શ્રી ઉમેદવિજયજી રાખવામાં આવ્યું, કે જે નામથી તેઓ આજે સુપ્રસિદ્ધ છે. ત્યારબાદ તેમના ગુરૂને સકારણ મારવાડમાં વિહાર કરવો પડયો પણ આ મહર્ષિ તો પોતાનો અભ્યાસ વધારવાની તીવ્ર ઇચ્છાથી પં.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શ્રી મણીવિજયજી દાદા પાસે ત્યાંજ (અમદાવાદજ) રહ્યા. શ્રી મણીવિજયજી મહારાજ દાદાના ઉપનામથી ઓળખાતા હતા. તપાગચ્છાધિરાજ એ દાદાજી લુવારની પોળે વિરાજતા હતા. આ મહર્ષિએ કાવ્ય, વ્યાકરણ, પ્રકરણાદિનો એમની પાસે સારો અભ્યાસ કર્યો. એમના ગુરૂ શ્રી વિનયવિજયજી મારવાડમાં ગયા હતા ત્યાં બ્યાવર–નવા શહેરમાં તેઓ સ્વર્ગવાસ પામ્યા અને બીજી તરફ શ્રી મણીવિજયજી દાદા પણ દેવગત થયા. આથી શ્રી ઉમેદવિજયજી ઘણા નિરાશ થયા. ત્યારબાદ તેઓશ્રી ઉજમબાઇની ધર્મશાળામાં શ્રીમાન બુદ્ધિવિજયજી યાને બુટેરાયજી તથા શ્રીમાન્ મુક્તિવિજયજી યાને મુળચંદજી મહારાજ પાસે રહ્યા. એમને તો જ્ઞાનની પીપાસા હતી. કેવળ લુખ્ખા જ્ઞાનની પીપાસા હતી એમ નહિ, સાથે સંયમની સાધના તો સતેજ હતી. સંયમની શુદ્ધિ કરનાર તપને પણ તેઓ ચૂક્યા નથી. એઓશ્રીએ જીવનમાં બાર વર્ષ સુધી તો કાયમ એકાસણા કર્યાં છે. આવાં આત્માઓજ સૃષ્ટિના શ્રૃંગાર રૂપ છે. બાલબ્રહ્મચારી, સંયમધારી, તપસ્વી અને જ્ઞાની એવા આવા મહર્ષિઓથી જ પૃથ્વી રત્નગર્ભા કહેવાય છે. વંદન હો આવા મહર્ષિઓને!

શ્રી બુટેરાયજી તથા શ્રી મુળચંદજી મહારાજ પાસેથી પણ તેઓશ્રીએ ઉત્તમ પ્રકારે જ્ઞાન સંપાદન કર્યું. ત્યારબાદ વળી શ્રી મુલચંદજી મહારાજ પણ સ્વર્ગવાસ પામ્યા. વિકાળ કાળની ફાળમાંથી કોણ બચી શકે છે? કોઇજ નહિ. એક

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પછી એક આવા બનાવો બનવા છતાં શ્રી ઉમેદવિજયજી નિરાશ ન થતાં શ્રીવૃદ્ધિચંદ્રજી પાસે ગયા અને ત્યાં રહી પોતે પોતાનો અભ્યાસ વધારવા લાગ્યા. ગુણિજનોને સર્વત્ર સ્થાન મળે છે. આ રીતિએ આ મહર્ષિએ ઘણોજ સારો જ્ઞાનાભ્યાસ કર્યો હતો. શ્રીમાન મૂળચંદજી મહારાજ પાસે તેઓ ઘણો વખત રહેલા હોવાથી ઘણાઓ તો તેમને શ્રી મૂળચંદજી મહારાજના શિષ્ય માનતા હતા. ત્યારબાદ શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજના શિષ્ય પન્યાસ શ્રી ગંભીરવિજયજી પાસે શ્રી ભગવતીજી સૂત્રના યોગોદ્‌વહન કરતા અમદાવાદથી તેઓશ્રીની સાથેજ આ મહર્ષિ શ્રી સિદ્ધગિરિજીના સંઘમાં પધાર્યા અને ત્યાંથી ભાવનગર પધાર્યા. તેમના વિશુદ્ધ ચારિત્રનો પ્રભાવ ભાવનગરના સંઘ ઉપર પડયો અને ત્યાંના સંઘના અત્યંત આગ્રહથી સંવત્ ૧૯૪૯માં એમને 'ગણિ' પદવીથી અલંકૃત કરવામાં આવ્યા. પદવી માટે પોતે નિઃસ્પૃહ છતાં યોગ્યતા કાંઇ એમને છોડે? એ રીતે તેઓ સંયમ સાધનામાં સમય વિતાવતાં સંવત્ ૧૯૫૨ માં રાધનપુર પધાર્યા. જ્યાં શ્રીમાન મુળચંદજી મહારાજના શિષ્ય પં. શ્રી આણંદવિજયજી મહારાજના વરદ હસ્તે એઓશ્રીને '**પન્યાસ પદવી**' આપવામાં આવી. આ મહર્ષિએ પોતાના જીવનને તીર્થોદ્ધારના ક્ષેત્રમાં સમર્પ્યું હોઇ તેઓ તીર્થોદ્ધારક બીરૂદ ધરાવે છે. તેઓશ્રીએ તીર્થોદ્ધારને પોતાનો જીવનમંત્ર બનાવ્યો હતો, કેમકે–જિન પડિમા અને જિન વાણી એ બેજ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભવ્યાત્માઓને તરવાનાં સાધન છે અને જિન પડિમા જિન સારિખી છે, માટે તીર્થોદ્ધાર એ પણ મહાન શાસનસેવા છે.

ભૂજ અને માંડવીમાં બબ્બે ચોમાસાં તેઓએ કર્યાં તેમાં કારણ તીર્થોદ્ધારનુંજ હતું. જ્યારે શ્રી સિદ્ધગિરિજીની યાત્રા બંધ હતી, ત્યારે પાટણના દાનવીર તેમજ ધર્મવીર શેઠ નગીનદાસ કરમચંદે જે કચ્છ–ભદ્રેશ્વરનો સંઘ કાઢયો હતો, એ તીર્થને પ્રથમ પ્રસિદ્ધિમાં લાવનાર આજ મહર્ષિ હતા. મહુવામાં કાયમ ત્રણ ચાતુર્માસ કરી, ત્યાંના દેવદ્રવ્યનો ઝઘડો હતો તે અણસમજ દૂર કરાવી દૂર કર્યો તથા યતિ વર્ગના પ્રાબલ્યને લઈને મુનિઓને વિહારમાં થતી મુશ્કેલીઓને પણ દૂર કરાવી. ત્યારબાદ તેઓ એક ચાતુર્માસ ડીસા શહેરમાં રહ્યા હતા. ત્યાં પણ યતિ વર્ગનું જોર વધારે હતું. સામાન્ય વર્ગ યતિઓથી ડરે છે, કેમકે–મંત્ર–તંત્ર–યંત્રનો ભય મોટો છે. આ મહર્ષિએ કશા પણ ભય વિના પોતાના આત્મબળથી યતિઓને દબાવ્યા અને ભોળવાયેલા લોકોને સન્માર્ગમાં પ્રેર્યા. આવા પ્રસંગેજ આત્મબળની કસોટી છે. ત્યારબાદ ત્યાંથી સાત ગાઉ દૂર આવેલા ભીલડીયા પાર્શ્વનાથજીના ભવ્ય તીર્થનો પણ તેઓએ ઉદ્ધાર કરાવ્યો. એ તીર્થને પણ પ્રસિદ્ધિમાં લાવનાર આ મહર્ષિજ છે. આ બધી પ્રભાવના કરનાર મહર્ષિ શ્રી ઉમેદવિજયજી મહારાજ આપણે ઉપર જોઇ ગયા તેમ અમદાવાદથી શ્રી સિદ્ધગિરિજીના સંઘમાં પધાર્યા હતા ત્યાંથી ભાવનગર પધાર્યા હતા, જ્યાં શ્રી ગંભીર-



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિજયજીએ તેમને સંવત્ ૧૯૪૯ માં ‘ ગણિ ’ પદવી આપી હતી. ત્યારબાદ અનુક્રમે વિચરતા જ્યારે તેઓ રાધનપુર પધાર્યા ત્યારે તેમને સંવત્ ૧૯૫૨ ની સાલમાં ‘ **પન્યાસ** ’ પદવીથી પં. શ્રી આણંદવિજયજી મહારાજે વિભૂષિત કર્યા હતા. એ શિવાય એમણે દીક્ષાના ઉમેદવારોને દીક્ષા આપી હતી. આપણા ચરિત્રનાયક જે ગામમાં રહે છે તે થરા ગામમાં સંવત્ ૧૯૫૯માં આ મહર્ષિ પધાર્યા. કહોને કે–ચુનીલાલ-ભાઇને સંકેત કરવા જ પધાર્યા.

થરા ગામમાં આ મહર્ષિએ માસકલ્પ કર્યો. એમની અમોઘ દેશનાથી શ્રોતાઓ મુગ્ધ બન્યા. શેઠ ચતુરભાઈનું કુટુંબ તો એમનું અનન્ય ભક્ત બની ગયું. ચુનીલાલભાઈ આ સતસંગનો સારો લાભ લેવા લાગ્યા. વાંચકો જોઇ ગયા કે–ચુનીલાલભાઇ યૌવન વયે આવેલ છે. એ વયમાં સતસંગનો રંગ લાગવો એ પરમ પુણ્યોદય છે. સદ્ગુણોનો નિર્વાહ કરવાનો ખરી કસોટીનો સમય યૌવન છે, કામીજનોને યથે-ચ્છપણે રમાડનાર તથા પરિણામે તેમને પતન પમાડનાર યૌવન છે, છએ ઋતુઓના વિવિધ ભોગોપભોગ વિષયોનું મૂખ્ય ગ્રાહક યૌવન છે, વિકારોનું વાહક યૌવન છે. લોભનું વાસસ્થાન જેમ ધન, સર્પનું જેમ ચંદન, વ્યાધિનું જેમ તન, વિકલ્પોનું જેમ મન અને વૃક્ષોનું જેમ વન છે, તેમજ અસહ્ય વિકારોનું ચિરસ્થાયી વાસસ્થાન યૌવન છે. ચુનીલાલભાઇ પણ હવે આ યૌવનના આંગણે આવે છે આપણે કહી ગયા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કે–યૌવન જ એ પુણ્યાત્માને વધાવે છે, કેમકે–અન્ય ક્ષુદ્રાત્માઓની જેમ આમનું યૌવન વેડફાવાનું નથી.

જે પવિત્ર આત્માઓ પૂર્વે ધર્મ આરાધન કરીને આવેલા છે, તેમને એ ધર્મજ બધી સામગ્રી મેળવી આપે છે. જેઓ ધર્મને દૂર કરતા નથી તેઓની રક્ષામાં ધર્મ કાયમ હાજર છે. જેઓ ધર્મને ધક્કો મારે છે તેઓ પોતેજ દુર્ગતિના ખાડામાં ધકેલાઇ જાય છે. અસત્ (નરસા) પદાર્થોનો સંયોગ–ગાઢ સંયોગજ આત્માની દુર્દશાનું કારણ છે, માટેજ એ પરિસ્થિતિનું ભાન કરાવનાર સત્સંગની પરમ આવશ્યકતા છે. જેઓને કલ્યાણનીજ ઈચ્છા હોય, તેઓએ કાયમ સત્સંગનું સેવન કરવું જોઈએ. આજના જમાનાવાદીઓ સત્સંગ ઉપર જ પ્રહાર કરે છે પણ સાક્ષર ડાહ્યાભાઈ ધોળશાજી ચેતવણી આપે છે કે—

"જગરાય જયારે રૂઠે, સતસંગત પહેલાં તૂટે,
મળી લબાડ લોકો લૂંટે, ચંડાળ કુક્કર સૂંઘે."

*

પુણ્યાત્મા ચુનીલાલભાઇને સત્સંગ અનાયાસે આવી મળે છે. જે અઢાર વર્ષની વયે સુંદરીના સંસર્ગે અનેક આત્માઓ સંસાર સમુદ્રમાં ખૂંચે છે, તેજ વયે ચુનીલાલભાઈને આ સત્સંગ સાંપડે છે. યુવાન કામિનીઓને કામણરૂપ યૌવન વયને બીજીજ દિશાએ લઇ જનાર સુવર્ણ સંયોગ એમને સાંપડે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

" સત્સંગત અતિ શ્રેષ્ઠ જગત્માં, લોઢું કંચન થાએ;
સત્સંગતથી નર પામર પશુ, નારાયણ બની જાએ. "
—કવિ છોટાલાલ.

" त्यजदुर्जन संसर्ग, भज साधु समागमम् ।
कुरु पुण्य महोरात्रं, स्मर सर्वेश्वरं सदा ॥ "

*

**અર્થ:**—" દુર્જનનો સંગતજી સાધુનો સમાગમ કર, અહો રાત્ર પુણ્ય કર અને પ્રાણી માત્રના ઇશ્વરને સદા સ્મર ! "

*

" जाडयं धियो हरति सिञ्चति वाचि सत्यं,
मानोन्नतिं दिशति पापमपा करोति;
चेतः प्रसादयति दिक्षु तनोति कीर्तिं,
सत्संगतिः कथय किं न करोति पुंसाम् ।"

*

**અર્થ**—" અહો ! કહો કે–મનુષ્યોને સતસંગતિથી શું શું લાભ નથી વારૂ ? જે બુદ્ધિની જડતા હરે છે, વાણીમાં સત્યને સિંચે છે; માનોન્નતિ દેખાડે છે, પાપ દૂર કરે છે, ચિત્તને પ્રસન્ન રાખે છે અને દિશાઓને વિષે કીર્તિ વિસ્તારે છે, તે સતસંગતિ અવશ્ય લાભકારકજ છે. "

*

મહર્ષિ શ્રી ઉમેદવિજયજી પણ ચુનીલાલને ઓળખી શકયા હતા અને એ પણ યોગ્ય સિંચન કરતા હતા. તેઓશ્રી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્રના પ્રખર ઉપદેષ્ટા હતા. પ્રભુઆજ્ઞાનોજ તેઓ પ્રચાર કરતા હતા પણ જમાનાને નામે પ્રભુ આજ્ઞાને જરાયે પાછી પાડવાનું પાતક વહોરવાનો તેમને વિચાર પણ આવતો નહોતો. સ્યાદ્વાદનો અર્થ ફૂદડીવાદ તેઓશ્રી કરતા નહોતા. આ વખતે પંજાબકેસરી શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજના અનન્ય પટ્ટધર શ્રીમદ્ વિજયકમલસૂરીશ્વરજી મહારાજ તેઓશ્રીની પાટે 'આચાર્ય' પદવી ધરાવતા હતા અને સદ્ધર્મસંરક્ષક એ આચાર્યદેવ–નિડર પ્રરૂપક એ મહર્ષિ શાસન પ્રત્યેના આક્રમણકારોને જડબાતોડ જવાબ આપતા હતા. એમની, અન્ય ગીતાર્થ સૂરિ–મુનિપુંગવોની તેમજ મહર્ષિ શ્રી ઉમેદવિજયજીની પ્રરૂપણા એકજ માર્ગે હતી, કેમકે–ધ્યેય એક હોય ત્યાં ભેદ હોયજ શાનો ? આ મહર્ષિ પણ જ્યાં જ્યાં જતા ત્યાં ત્યાં વાણી વૈરાગ્યનીજ સંભળાવતા–વૈરાગ્યનીજ જૂદી જૂદી વાનીઓ પીરસતા હતા. વિરાગીઓ બીજું સંભળાવે પણ શું ? 'વિરાગીઓ પણ રાગની વાતો કેમ ન કરે ?' એ શોધ તો આજના જમાનાવાદીઓની છે–કેમકે–મોજ મજાહના રસીયા છે. ચુનીલાલભાઇની ભાવનામાં રૂપાંતર દેખાયું છતાં માતાપિતા અંતરાય કરતા નહોતા. 'ત્યાગીઓ કુમળી વયના બાળકોને ભોળવે છે'–એવો આરોપ મૂકવાની ધૃષ્ટતાનો અંશ પણ ચતુરભાઈમાં નહોતો. શ્રી વીતરાગદેવની વાણી ચુનીલાલભાઇએ આ મહર્ષિના મુખાર્વિન્દથી શ્રવણ કરી ત્યારથીજ ચુનીલાલભાઇની ભાવના ફરી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

" ते जन्मभाजः खलु जीवलोके, येषांमनो ध्यायति वीतरागम् ।
वाणीगुणान् स्तौतिकथां शृणोति, श्रोत्रद्वयं ते भवमुत्तरन्ति ॥ "

*

**અર્થ**—" જેઓનું મન શ્રી વીતરાગ ભગવાનનું ધ્યાન ધરે છે, જેની વાણી તેમના ગુણોનું સ્તવન કરે છે અને જેના બેય કાન તેમની કથા સાંભળે છે, તેમનોજ ખરેખર આ જીવલોકમાં લીધેલો જન્મ સાર્થક છે અને તેઓજ સંસારને પાર ઉતરી જશે.

*

પ્રભુવાણીના વિલીન થતા જતા ચુનીલાલભાઇનું હૃદય પલટાયું, એમની ભાવના–વાસના–લાલસા ફરી, એમની ચિત્તવૃત્તિ સંયમ તરફ ઉતરી, ત્યાંજ ઠરી. યૌવનવયમાં પ્રવેશતા એ યુવકનું હૃદય સંસારની પાપલીલાથી ધ્રુજી ઉઠયું, એ તરૂણ રકતે પાપમય સંસાર છોડવાનો દૃઢ નિશ્ચય કર્યો. અઢાર વર્ષની રાગ–સામગ્રીથી ઘેરાવાની વયેજ ચુનીલાલભાઈ વિરાગી બને છે. એમના હૃદયમાં વૈરાગ્ય જાગે છે–દિવ્ય જ્ઞાન જાગે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૩ જું.

## સંસાર અને વૈરાગ્ય.

તત્ત્વજ્ઞાનીઓ પોકારી પોકારીને એકજ વાત કહે છે કે–સંસાર અસાર છે, દુઃખમય છે, દુઃખ ફલદાયી છે તથા દુઃખની પરંપરાવાળો છે. જગત્ના પ્રાણીમાત્ર સુખને ઇચ્છે છે, સુખ માટે ફાંફાં મારે છે છતાં સુખ મળતું નથી, ઉલટું સુખને બદલે વધારે દુઃખ થાય છે,એનું કારણ એ છે કે–એનો પ્રયત્નજ ઉંધી દિશામાં છે. જે સંસારમાં સુખજ નથી, ત્યાંથી સુખ મળે શી રીતે ? અસંખ્ય પાપોની ખાણરૂપ સંસારમાં સંતાપ ન હોય તો બીજું હોય શું ? સંસાર એ બળતો દાવાનળ છે, એનાથી દૂર રહેનારોજ એનાથી ઉગરનારો છે, એમાંજ રાચીમાચી રહેનારાનો તો પ્રજળવા શિવાય એકે આરો નથી. સંસારની છાયા પણ શીતળ નથી તો સંસારની શી વાત ? પંડિત શ્રી વીરવિજયજી મહારાજ કહે છે કેઃ—

“ શીતળ નહિ છાયારે આ સંસારની,
કૂડી છે માયારે આ સંસારની;
કાચની કાયારે છેવટ છારની,
સાચી એક માયારે જિન અણગારની.”

*

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવુંજ રહસ્ય યોજતાં ડાહ્યાભાઇ કહે છે કેઃ—

"કાચી છે કાયા, આ માટીનો માયા,
છે માટીના ખેલ બનાયા;
શાણા તો સમજી અલગ થયા ભાઈ,
બાળક બિચારા લપટાયા રે."

*

આપણા ચરિત્રનાયકને મહર્ષિ શ્રી ઉમેદવિજયજીની વૈરાગ્યવાહિની, તાપત્રયનિવારિણી વાણીથી ઉત્કટ વૈરાગ્ય થયો. એ યુવકને સમજાયું કે–મનુષ્યજીવનનો જીવનમંત્ર અનેરો છે, આત્માના સાધ્યબિંદુથી સંસાર ભિન્ન છે, આત્મકલ્યાણના માર્ગમાં સંસાર આડખીલી રૂપ છે. દુનિયાના અનુભવ વગરના આ યુવકને જે વાત જચી ગઇ એવી સાદી અને સીધી વાત પણ આજના જડવાદી સુધારકોને સાલે છે. તેઓ તો સંસારને સારભૂત મનાવે છે. સંસારથી ડરનારને તેઓ કાયર કહે છે. સંસારને પોષણ આપી આત્મકલ્યાણની વાતો કરવી એ બાલીશતા છે યા દંભ છે? અર્થકામ માટે ધમપછાડા કરવાથી આત્માની પ્રગતિ નથી થતી પણ અવનતિ થાય છે. દુનિયાના ભીષણ સંગ્રામો અર્થકામને જ આભારી છે. હિંસા, અસત્ય, ચોરી, મૈથુન, પરિગ્રહ–એ બધું સંસારને વધારનાર છે અને મુમુક્ષુએ એનો સર્વથા ત્યાગ કરવો જોઇએ. ચતુરભાઇ શેઠના સુપુત્ર ચતુર એવા ચુનીલાલભાઇના હાથમાં બરાબર આવી ગઇ. આત્મા આવ્યો છે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એકલો, જવાનો છે પણ એકલો, તે શામાટે કોઈએ કોઇનો પ્રતિબંધ કરવો? સ્નેહી–સંબંધીનો સંયોગ પંખીના મેળા જેવો છે, લક્ષ્મી ચંચળ છે અને કાયા સડવા–પડવાના સ્વભાવવાળી છે, આયુષ્ય અંજલિના જલ જેવું છે, તો આત્મ-કલ્યાણના પ્રયત્નમાં પળ માત્રની પણ ઢીલ શામાટે કરવી? યુવક ચુનીલાલભાઈનું હૃદય એમને આવાજ સૂરો સંભળાવતું હતું. જો કે આ યુવકે દુનિયાના રંગઢંગ જોયા નહોતા પણ તત્ત્વ જાણ્યા પછી ત્યાગના ઉમેદવારને એ જોવાની જરૂર હોય? નહિજ. દરેકે સંસારનો અનુભવ લેવોજ જોઇએ એ દલીલ તો આજના સંસારના રસીયાઓની છે, ઇંદ્રિય વિષયોના ગુલામોની છે; આજના એ નૂતન પ્રકારના શોધકો ઇંદ્રિયજયના પ્રયત્નને કુદરત સામે બળવો કહે છે અને વિષયોને પ્રકૃતિ કહે છે; ઉલટો વિષયનો બચાવ કરે છે. આ માટે સાક્ષર ડાહ્યાભાઇ કહે છે કે:—

" છે વિષય વિષનો પ્યાલો, જમપુર નક્કી જ્યાં ઝીલ્યો,
ભવ એજે મરનથી મહાલ્યો રે છે........."

*

વિષયનાં સુખો હળાહળ ઝેરથી ભરેલાં છે, સંસાર એ ઝેરનો પ્યાલો છે. અંગારાના કે ઝેરના પ્યાલાના અનુભવ કરવાના હોય ખરા? આજના સુધારકો વાતવાતમાં અખતરાની વાતો કરે છે પણ નાશના અખતરા ન હોય.

ભીષણ સંસારનું સ્વરૂપ બતાવતાં સાક્ષર ડાહ્યાભાઇ કહે છે કે:—

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"સંસાર ઝેરનો પ્યાલો સમજીને, જગનાથને જીવડા તું ભજી લે,
વિકાળ કાળને ફાંસે ફસાતાં, ડહાપણ તારું નહિ રહે."

*

" સંસારના રૂડે રસોડે, દેવતા દુઃખનો ભર્યો,
પેઠો વિષય દુધ લાલચે તો મન ઓલાડા ઠાર મુઓ;
સાચે ન સુખનો રોટલો, છે પાણીમાંનો છાંયડો,
કૂતરા ચૂસે કરમમાં, હાડકાંનો હારડો."

*

" નિઃસાર જગતમાં સુજાણ સમજ નથી લગાર સાર,
ધાવણની આશે અંગુઠા ધાવે બાળક ગમાર;
કપટ ઝપટમાં ફોગટ ફસાતાં થશો ખુવાર,
સુકૃત ગુફામાં જડે રતન જો જતનથી કરો તપાસ."

*

આદત એ ભયંકર છે. બૂરી લત વળગ્યા પછી છૂટતી નથી, માટેજ શાસ્ત્રકારો વારંવાર સત્સંગ કરવા ફરમાવે છે તથા પાપનો ભય બતાવે છે. વારંવાર જેલમાં જનારાઓ એવાં ટેવાઇ જાય છે કે—એ સંકટોને ભૂલીને પાછા ગુન્હાઓ કર્યેજ જાય છે. એજ પરિસ્થિતિ આ સુંદર દેખાતા પણ ભયંકર સંસારની છે. આજના ક્રાંતિકારો એવી ભયંકર ક્રાંતિ કરવા માગે છે કે—જેમાં આત્માની કતલજ છે. સંસારથી લેપાતો જતો આત્મા પછી પોતાને જ ભૂલી જાય છે અને આખરે દુર્ગતિમાં ડૂલી જાય છે. સંસારની જંજાળમાં જકડાતો જતો આત્મા આખરે જમદૂતના માર ખાવાજ સર્જાયો છે અને એ વાતનું સ્મરણ સાક્ષર ડાહ્યાભાઇ કરાવે છે કે:—

" જંજાળમાં ગુંથાઈને જગનાથને જીવ ના ભજ્યા,
સંસાર રણમાં ઝૂઝતાં બખ્તર ન ભક્તિનાં સજ્યા;
કોડી કમાયો પણ નહિ, ફૂરસદ ન પળની પણ મળી,
જમદૂત જમ દ્વારે લઇને નાખશે ઉભો દળી. "

*

સંસાર—ભીષણ સંસારના યશોગાન ગાવાની હિંમત તો આ વીસમી સદીના વિચિત્ર શોધકોનીજ ચાલે ! આપણા ચરિત્રનાયકને હવે સંસાર કારાગાર લાગે છે અને એ હૃદયમાં સંયમ લેવાની તીવ્ર ભાવના જાગે છે. જન્મ, જરા અને મરણ એ ત્રિપુટી રૂપ ભયથી એ ભય પામે છે. વૈરાગ્ય વિના દુનિયાના તમામ પદાર્થો એમને ભયરૂપ લાગે છે. શ્રી ભર્તૃહરી પણ કહે છે કે–'वैराग्य मेवाऽभयम् ।'' આ જગતમાં ભયરૂપ માત્ર એક વૈરાગ્યજ છે.' ભોગો રોગથી ભરેલા છે અને સંસાર આધિ, વ્યાધિ અને ઉપાધિથી ભરપૂર છે.

આત્માની પ્રગતિ કે અધોગતિ જીવનમાં ગુંથાતા સારા-નરસા સંસ્કારોને આભારી છે. આત્મા જો એકવાર નરસા સંસ્કારોથી લેપાયો, તો પછી એનો વિકાશ મુશ્કેલ છે અને જે આત્માનો જીવનમાર્ગ સારા સંસ્કારોથી ગુંથાયો એની પ્રગતિ સરળ છે. સાધ્યની પ્રાપ્તિ પણ સારા–નરસા સાધ્યને અવલંબીનેજ છે. સાધન વિના સાધ્યની સિદ્ધિ પણ નથી. દુનિયાના વ્યવહારમાં પણ દેખાય છે કે–જેઓને સારાં સાધન હોય છે તેઓ સહેલાઇથી આગળ વધી શકે છે અને સાધન

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિનાના બુદ્ધિશાળી મનુષ્યો પણ જીવનપર્યંત કંગાલ રહે છે. ચુનીલાલભાઇ પણ સાધ્યસિદ્ધિ માટેના સાધન માટે તત્પર બને છે.

આજે કેટલાઓ પૂછે છે કે—અમુક વયના શું સમજ્યા કે જેથી એમને વૈરાગ્ય થાય? એવાઓને પૂછીએ કે—એથી પણ ઓછી વયના સંસારમાં સબડવાનું, સ્ત્રીઓ સાથે અમન-ચમન કરવાનું કયાંથી શીખ્યા? જેઓ પૂર્વ સંસ્કારને માને છે તેઓ માટે તો આ બેય પ્રશ્નનો જવાબ સરળ છે. પૂર્વના સંસ્કારો કામ કરેજ છે અને સાથે ચાલુ સંસર્ગનો પણ પ્રભાવ છે. જેઓ પૂર્વ પુણ્યાદિની વાતોને ન માને, તેઓ માટે નિરૂપાય: પણ આશ્ચર્ય તો એ છે કે—સત્ (છતા) પદાર્થને નહિ માનવા છતાં એમને નાસ્તિક કહેવામાં આવતાં પાછા તેઓ છેડાઈ જાય છે. પુત્રના બળવત્તર બનતા વૈરાગ્યની વાત જાણવાથી માતાપિતા હરખાય છે. પુત્રને ગુરૂ પાસે જવામાં જરા પણ અંતરાય કરવાની એક રૂંવાડે પણ એમને ભાવના થતી નથી. એ ધર્મનિષ્ઠ માતા—પિતા પુત્રના વૈરાગ્યની અનુમોદના કરી પોતે પણ અનૂપમ આનંદ મેળવે છે. અસાર એવા સંસારમાં સારભૂત સંયમની આરાધના જ છે એમ ચુનીભાઈને બરાબર ઠસે છે અને હવે તેઓ ભાગવતી દીક્ષા અંગિકાર કરવાના દૃઢ નિશ્ચય પર આવે છે.

# પ્રકરણ ૪ થું

## ચુનીલાલભાઈ પાટણમાં ભાગવતી દીક્ષા અંગિકાર કરે છે.

* * *

સંયમ લેવાને તીવ્ર ભાવનાવાળા થયેલા ચુનીલાલભાઇ પોતાની ભાવનાને ઉપકારી એવા ગુરૂદેવ પાસે વ્યક્ત કરે છે. ગુરૂદેવ એ ભાવનાને પ્રોત્સાહન આપે છે. કેવળ ત્યાગનોજ ઉપદેશ આપવાથી જૈનોની વસ્તી ઘટી જશે–એવો વિચાર એ પરમમહર્ષિને ન આવ્યો. એ વિચાર આજના જમાનાના રસીયાઓ–નવીન સમય ધર્મના સંસ્થાપકોને મુબારક!

'સંસાર જોયા વિના વૈરાગ્ય કયાંથી? કૂદાકૂદ કરી શરીરને તો હુષ્ટપુષ્ટ બનાવો, દુન્યવી કેળવણી તો લ્યો, રાજ્ય પ્રકરણનો અભ્યાસ કરો, સંસારનો અનુભવ કરો, પછી વૈરાગ્યની વાત'–આવો ઉપદેશ આપવાના એ મહર્ષિને હ્રુદયના ખૂણામાં પણ ભાવના જાગી નહોતી. જૈન મુનિવરો સંસાર પોષણનો ઉપદેશ આપી શકતા નથી. પોતે સંસારનો ત્યાગ કર્યો છે, કેમકે–એને પોતે પાપ માનેલ છે, તો ફરી પાપનો ઉપદેશ આપી પાપોપદેષ્ટા કેમ બને?

જૈન મુનિના ઉપદેશમાં પ્રથમ સર્વવિરતિને, પછી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દેશવિરતિને, પછી સમ્યક્ત્વને અને છેલ્લે માર્ગાનુસારીપણાને સ્થાન છે, જ્યારે સંસારના પોષણને લેશ પણ સ્થાન નથી. ત્યાગીઓ ત્યાગનો ઉપદેશ આપે એ સીધી વાત છે. એમાં ભડકવું એ કોનો ઉત્પાત છે એ સમજવું એ પણ સ્હેલી વાત છે. ' આગમને આઘા મૂકો '–એ શબ્દો બોલવાની ધૃષ્ટતા તો આજે થાય છે. બાકી જૈનોનું જીવન આગમની આજ્ઞા પાસે શિર ઝુકાવવામાંજ છે. ગુરૂદેવે ઉત્તેજિત કરેલી પોતાની સંયમ–ભાવનાને હવે ચુનીલાલભાઇ પોતાનાં પૂજ્ય માતાપિતા પાસે વ્યક્ત કરે છે કે:—

' દીક્ષાના ઉમેદવારોને જૈન મુનિઓ નસાડે છે '–આવો આરોપ આજનો દીક્ષા દફનાવવા ઇચ્છતો વર્ગ વારંવાર મૂકે છે પણ એ આરોપ ખોટો છે. દીક્ષાનો ઉમેદવાર ન્હાસે શા માટે ? જેને દીક્ષા જેવું પવિત્ર કાર્ય કરવું છે તે આત્મા માતાપિતા પાસે અનુમતિ શા માટે ન માગે ? એ આરોપ મૂકનારને પૂછીએ કે–જેઓ નાસે છે, તેઓ નાસે છે કે તેમને નાસવું પડે છે ? જૈનમુનિઓ શા માટે નસાડે ? પણ માતાપિતા સ્વાર્થાંધ બની, માતાપિતા મટી જાય છે એટલે કલ્યાણાર્થી આત્મા નિરૂપાય બની પોતે સ્વયમ્ ન્હાસે છે. મુમુક્ષુ આત્માના માર્ગમાં ભયંકર કાંટા વેરનારા માતા–પિતાના દ્રષ્ટાંતો આ જમાનામાં ક્યાં થોડા છે ? અરે ! સંયમ પ્રસંગે ભાડુતી ધાંધલીયાઓનો ક્યાં તોટો છે ?

ચુનીલાલભાઇનાં માતાપિતા એ તો પરમ વાત્સલ્ય-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વાન–સમ્યગ્દૃષ્ટિ માતાપિતા હતા, એ તો પ્રભુમાર્ગના આરાધક શ્રાવક–શ્રાવિકા હતા એટલે એમની તરફનો બીજો ભય હતોજ નહિ. જ્યાં ભય ન હોય, ત્યાં ભાવના વ્યક્ત થાય જ. જૈનદર્શનમાં એવાં દૃષ્ટાંતો ઘણાં છે. મેઘકુમારે દીક્ષાની ભાવના વ્યક્ત કરી ત્યારે મોહવશ માતાપિતાએ એને સંયમની કઠીનતા બતાવવા પ્રયત્ન કર્યો પણ એને અડગ જોયો કે તરત પ્રવ્રજ્યા જાતેજ અપાવી. અતિમુક્તક કુમારને પણ માતાએ પોતેજ પ્રભુને વહોરાવ્યો. આજના વિરોધ કરનારાઓ માતાપિતાની અનુમતિની વાતો કરે છે પણ પછી માતાપિતા શી રીતે વર્તે ત્યાં મૌન ધરે છે, કેમકે–એમને વસ્તુતઃ દીક્ષા ગમતી નથી.

ચુનીલાલભાઇના માતાપિતા પોતાના પુત્રની દીક્ષા લેવાની માગણાથી ધ્રાસકો ખાતા નથી, નથી પુત્રને મારતા, નથી લાતોથી સતાવતા, એને કે એના ગુરૂને નથી ગાળોથી રંજાડતા–સામાન્યત : મોહનો જરા પ્રહાર થઈ જાય એ વાત કદાચ અલગ : પણ સમ્યગ્દૃષ્ટિ આત્મા પર મોહ હરગીજ નજ ફાવે.

આધિ, વ્યાધિ અને ઉપાધિથી ભરેલા સંસારથી ચતુર્ગતિરૂપ ભવચક્રથી નિસ્તાર પમાડનાર એક ભાગવતી દીક્ષા જ છે. જૈનદર્શનમાં ઠામ ઠામ દીક્ષાની જ વાત આવે છે અને એની ભૂરિ ભૂરિ પ્રશંસા કરવામાં આવી છે. સ્વર્ગલોકનો અધિષ્ઠાતા ઇંદ્ર પણ પોતાના આસને વિરતિને પ્રણામ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરીને પછીજ બેસે છે. ભયમાત્રથી ભરેલા ભવસાગરથી બચાવનાર ભાગવતી દીક્ષાજ છે.

: : ગઝલ : :

**" પ્રભુ મહાવીરની દીક્ષા, નિસરણી મોક્ષની સ્હેલી,**
**પ્રભુ મહાવીર દીક્ષામાં, અભયની વાત છે પહેલી;**
**અને એ ન્યાય ચોકખો છે, અભય આપે અભય પામે,**
**અભયના માર્ગમાં વિઘ્નો, ધરે તે નિત્ય ભય પામે. "**

*

ચૌદ રાજલોકના જંતુમાત્રને અભયદાન આપવાનું આ ભાગવતી દીક્ષામાં છે. આવો અભયદાતા અભય પામે એમાં આશ્ચર્ય શું ? જે બીજાના ગર્ભ કે જન્મનું કારણ ન બને તેને કદી ગર્ભ કે જન્મ લેવો ન પડે, જે બીજાને ત્રાસ ન આપે તેને કદી ત્રાસ વેઠવો ન પડે, જે બીજાના મૃત્યુનું કારણ ન થાય તેના મૃત્યુનુંજ મૃત્યુ થાય છે. ભાગવતી દીક્ષામાં આવુંજ જીવન છે ને ! ભાગવતી દીક્ષા અંગિકાર કરનાર હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહનો જીવનપર્યંત ત્યાગ કરે છે. આમાં ગુન્હો શો ? ભાગવતી દીક્ષા એટલે પૂર્વના પાપોનું પશ્ચાતાપ પૂર્વક પ્રાયશ્ચિત અને હવેથી પાપ નહિ આચરવાની જીવનપર્યંતની પ્રતિજ્ઞા. શ્રી શ્રીપાળ રાજાના રાસના કર્ત્તા કહે છે કેઃ—

**" એવા પણ બહુ પાપથી, ઉદ્ધરવા ઈક હથ્થ,**
**પ્રવ્રજ્યા જિનરાજની, છે ઇક શુદ્ધ સમથ્થ."**

*

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જૈનદર્શનમાં એવા સેંકડો દૃષ્ટાંતો છે કે–ભયંકર પાપીઓએ પ્રવ્રજ્યાના દિવ્ય અગ્નિમાં પોતાનાં પાપોને ભસ્મિભૂત કરી આત્માનો ઉદ્ધાર કર્યો છે. આશ્ચર્ય છે કે–આવી પવિત્ર ભાગવતી દીક્ષા સામે આજે બળવો કેમ? ભગવાન્ શ્રી આદીશ્વરને બળવાખોર કહેનાર, પંચમહાવ્રતધારી મુનિવરોને પઠાણ કહેનાર, પૂર્વાચાર્યોને પણ અહમીંદ્ર તથા ઇતિહાસના અંગારા કહેનાર અંગારા સમા એ વર્ગને ધર્મનોજ ધ્વંસ કરવો છે, દીક્ષાનેજ દફનાવવી છે, સાધુ–સંસ્થાનોજ વિચ્છેદ કરવો છે, પણ એ ' **न भूतो न भविष्यति।** ' કેમકે–શાસન જયવંતુ છે.

એ વર્ગને તો—

'ગમે નહિ નામ સાધુનું, ગમે નહિ શબ્દ દીક્ષાનો,'

—એ દશા છે એટલે એ વર્ગને તો વિરોધરૂપી સન્નિપાતનો વળગાડ રહેવાનોજ. ભાગવતી દીક્ષા અંગિકાર કરવાનું મન પણ પરમ પુણ્યોદયે થાય છે. દીક્ષાનો પ્રચલિત માર્ગ એ જગત્‌ના કલ્યાણ માટે છે અને એ કલ્યાણ માર્ગમાં કાંટા વેરનારા જગત્‌ના દ્રોહીઓ છે. ચુનીલાલભાઇને અતિ હર્ષભેર માતાપિતા તરફથી દીક્ષાની રજા મળે છે. આજે તો દીક્ષાના ઉમેદવારો પર કેટલીક વખત અમાનુષી જુલમો ગુજરે છે. આવા સીતમ ગુજારનારાઓ, માતા, પિતા, બંધુ કે કોઇ પણ હોય તેઓને આ શાસનમાં સ્થાન નથી. દીક્ષાના વિરોધીઓ વાતવાતમાં છેવટ વચનો વાંધો લાવે છે પણ એમના તો સાંધા એટલા વાંધા છે. એ વર્ગને



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એક પણ વય માન્ય નથી. ગીતાર્થો તો આજ્ઞાનુસારજ દીક્ષા આપે છે. ચુનીલાલભાઇને દીક્ષા પાટણ ખાતે આપવાનું નિશ્ચિત થાય છે. ગુરૂદેવ પાટણ તરફ વિહાર કરે છે અને દીક્ષાદેવાને વરવાના ઉમેદવાર ચુનીલાલભાઇ પણ સાથેજ સંચરે છે. રસ્તામાં એક ગામમાં ત્યાંના ઠાકોર પં. શ્રી ઉમેદવિજયજી મહારાજના દર્શને આવે છે. તે વખતે ચુનીલાલભાઇ ત્યાં બેઠા હતા. એમના પગની ઉર્ધ્વરેખા જોઇ એ ઠાકોર આશ્ચર્ય પામે છે. ત વખતે એ ઠાકોરની તથા પન્યાસજીની વચ્ચે થયેલી વાતચીત આ રહી:—

**ઠાકોર**—'આ છોકરો કોનો છે?'

**પન્યાસજી**—'એ છોકરો વાણીઆનો છે.'

**ઠાકોર**—'જો એ ક્ષત્રિયપુત્ર હોત, તો જરૂર મોટો રાજા થાત?

**પન્યાસજી**—'ઠાકોર! પણ આ તો દીક્ષા લેનાર છે.'

**ઠાકોર**—'ઓહો! ત્યારે એ તો રાજાના પણ રાજા, ઠાકોરના પણ ઠાકોર. એની રેખા આવી હોય તેમાં નવાઇ શી?

અનુક્રમે વિહાર કરતાં કરતાં તેઓ પાટણ આવી પહોંચ્યા. પાટણનો સંઘ ચુનીલાલભાઇને પૂજ્યબુદ્ધિથી જોવા લાગ્યો. જે આત્માને સંયમની ભાવના થઇ તે પૂજ્યજ છે, માતાપિતા માટે પણ એ પૂજ્યજ છે, કેમકે—એની ભૂમિકાનો હવે પલટો થયો છે. ચુનીલાલભાઇનો દીક્ષાસમય નિશ્ચિત થયો અને પુત્રનો પ્રવ્રજ્યા મહોત્સવ કરવા ચુનીલાલભાઇના માતાપિતા, પોતાના સમસ્ત કુટુંબ સાથે ત્યાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવ્યા. પાટણના સંઘે દીક્ષાના ઉમેદવારના આ કુટુંબને ભારે સત્કારથી વધાવી લીધું. એ વખતનું પાટણ તે આજનું પાટણ કે જામનગર નહોતું. કોઇ એવો અર્થ ન કરે કે–આજે સમસ્ત પાટણ કે જામનગર વિરોધી છે. જેમ ત્યાં વિરોધી-વર્ગ ઉભો થયો છે, તેમ શાસનપ્રેમી વર્ગ પણ વધારે મક્કમ થયો છે, કેમકે–ભગવાનનું શાસન જયવંતુ છે. ભલે પાટણના આજના અમુક વર્ગે દીક્ષા પ્રતિબંધના કાયદા ઘડયા પણ દીક્ષાના ઉમેદવારો માટે પાટણમાં દીક્ષાનાં દ્વાર સદૈવ ઉઘાડાં છે એવું તરતજ શાસનરસિક સંઘે એ સંઘની વતી માનનીય ધર્મવીર શેઠ નગીનદાસ કરમચંદે જાહેર કર્યું અને તરતજ કવિકુલકિરીટ, વ્યાખ્યાનવાચસ્પતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજે એજ ક્ષેત્રમાં જઇને નિડરપણે ભાગવતી દીક્ષાનો વિજયડંકો વગાડયો. વંદન હો! દીક્ષાના પવિત્ર માર્ગને અને આવાં સૂરિપુંગવોને !

કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાના પવિત્ર પાદારવિંદથી પાવન બનેલી એ પાટણની ભૂમિએ ચુનીલાલભાઇની મનોકામના સફળ કરી. પાટણના સંઘે ચુનીલાલભાઇના પ્રવ્રજ્યા મહોત્સવમાં ખૂબ સહાય કરી. માતાપિતા તથા પાટણના સંઘે ચુનીલાલભાઇનો પ્રવ્રજ્યા મહોત્સવ ખૂબ ધામધુમથી ઉજવ્યો, જૈન–જૈનેતર પ્રજા એક છત્ર ધર્મરસમાં તરબોળ બની. ગુરૂદેવ બાલબ્રહ્મચારી તીર્થોદ્ધારક પં. શ્રી ઉમેદવિજયજી ગણિવરે સંવત્ ૧૯૫૯ ન

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વૈશાખ માસની શુકલપક્ષની સપ્તમીના મંગલમય પ્રભાતે ચુનીલાલભાઇને દીક્ષા આપી, એમનું નામ મુનિ શ્રી ખાન્તિ વિજયજી રાખ્યું. જે વયે માતાપિતાઓ પુત્રને લાડી સાથે જોડે છે, તે વયે આ માતાપિતા પોતાના પુત્રને પ્રવ્રજ્યા રૂપી પ્રેમદા સાથે પરણાવે છે. ચુનીલાલભાઇ જો સંસારમાં રહ્યા હોત, તો માનુષી સ્ત્રીને વરત પણ આ તો દીક્ષા દેવીને વર્યા અને માટેજ—કહોને કે ભવસાગરને તર્યા.

પાટણના આ ભૂતપૂર્વ ઇતિહાસને આજના વિરોધીઓ કે જેઓ એ પૂર્વજોના વંશજો છે, તેઓ યાદ કરે, વિચારે અને પોતાની ભૂલનું પ્રાયશ્ચિત લે. ચુનીલાલભાઇની સાથેજ બીજા એક શ્રાવકે પણ દીક્ષા લીધી હતી, જેમનું નામ મુનિ શ્રી જયવિજયજી રાખવામાં આવ્યું હતું. આ બન્ને શિષ્યોની વડીદીક્ષા પણ એજ પાટણમાં એજ વર્ષમાં અષાઢ શુકલ અષ્ટમીને ગુરૂવારે ગુરૂદેવના વરદ હસ્તે થઈ હતી. મુનિ શ્રી ખાન્તિવિજયજી; પન્યાસજી મહારાજના ચોથા શિષ્ય હતા. અત્યાર અગાઉ પન્યાસજીને ત્રણ શિષ્ય તથા ત્રણ પ્રશિષ્ય હતા. મુનિ શ્રી ખાન્તિવિજયજી તથા જયવિજયજીને દીક્ષા આપ્યા બાદ સંવત્ ૧૯૬૦ માં પન્યાસજી મહારાજે ચાણસ્મા ગામમાં એક શ્રાવકને દીક્ષા આપી હતી, જેનું નામ મુનિશ્રી ધનરૂપવિજયજી રાખવામાં આવ્યું હતું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૫ મું.

## ગુરૂ-વિરહ.

***

આપણે જોઈ ગયા કે-આપણા ચરિત્રનાયકની દીક્ષા તેમ જ વડીદીક્ષા પણ થઈ ગઈ. જેને સંયમની રઢ લાગે છે તે પૂજ્ય મુનિવરો પ્રમાદ વિના જ સંયમને આરાધે છે. મુનિશ્રી ખાન્તિવિજયજી હવે કટિબદ્ધ થઇને ગુરૂની ભક્તિપૂર્વક જ્ઞાનાભ્યાસ કરે છે અને પ્રવ્રજ્યાને સારી રીતે પાલન કરે છે. ગુરૂદેવને પણ એમના પ્રત્યે પણ સ્હેજે વિશેષ રાગ થાય છે અને ગુણોથી આકર્ષણ થવું એ સહજ છે. સંવત ૧૯૫૯ તથા ૧૯૬૦ ના બે ચાતુર્માસ પાટણમાં અને સંવત્ ૧૯૬૧-૬૨ ના બે ચાતુર્માસ મહુવા બંદરમાં તથા સંવત્ ૧૯૬૩ નું પાંચમું ચાતુર્માસ પાલીતાણામાં મુનિશ્રી ખાન્તિવિજયજી મહારાજ પોતાના ગુરૂદેવ સાથે કરે છે. મુનિશ્રી પ્રથમના ચાતુર્માસમાં પ્રતિક્રમણ તથા સાધુક્રિયાનો, બીજા ચાતુર્માસમાં મહાનિશિથ સુધીના જોગ-પ્રકરણાદિનો અને ત્રીજા-ચોથા ચાતુર્માસમાં બે સંસ્કૃત બુકોનો અભ્યાસ કરે છે. મુનિશ્રી આ દરમ્યાન ઉના, દીવ, દેલવાડા, અજાર, ભાવનગર, ઘોઘા વિગેરેની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

યાત્રા કરે છે. નવાણું યાત્રા કરે છે (પાંચમા ચાતુર્માસ પૂર્વે) અને પાંચમા ચાતુર્માસમાં છઠ્ઠ, અઠ્ઠમ અને અઠ્ઠાઇ સુધીનો તપ કરે છે. પોતાના ગુરૂદેવની શીતળ છત્રછાયામાં સંયમમાં મહાલતા મુનિશ્રીને પોતાના ગુરૂનો વિરહ થવાની કલ્પના પણ શાની હોય ? જે વાતની કલ્પના પણ ન હોય તે જ વાતનો વિધિ સાક્ષાત્કાર કરે છે. દાક્ષિણ્ય વગરનો કાળ કોઇને છોડતો નથી. પોતાના વિદ્વાન શિષ્યને પોતાના જ હાથે યોગોદ્‌વહન કરાવી ગણિ અને પન્યાસ પદવી સમર્પણ કરવાની પં. શ્રી ઉમેદવિજયજી મહારાજની ઉમેદ મનની મનમાં જ રહી ગઇ અને ક્રૂર કાળે ગુરૂદેવને ઝડપી લીધા. સંવત્ ૧૯૬૪ ના માગશિર્ષ કૃષ્ણ તૃતીયાના દિવસે મધ્યાન્હે વિજયમુહૂર્તે સુખ શાંતિથી સમાધિપૂર્વક ગુરૂદેવ સ્વર્ગગમન કરે છે. આપણા ચરિત્રનાયક મુનિ શ્રી ખાન્તિ-વિજયજીને આવા ઉપકારી ગુરૂનો વિરહ થાય છે. પોતાના વિદ્વાન શિષ્યને પોતે ગણિ તથા પન્યાસ પદવી આપી ન શક્યા એ વાત ખરી પણ એમની ભલામણ તો હતી જ, શ્રી વિજયવીરસૂરીશ્વરજીને શ્રી સંવત્ ૧૯૬૦ માં. ભગવતીજી સૂત્રના યોગોદ્વહન કરાવનાર તેમજ એમને ૧૯૬૧ માં ગણિ પદવી આપનાર અને તેજ સાલમાં એમને રાધનપુરમાં પન્યાસ પદનું પ્રદાન કરનાર આ મહર્ષિ જ હતા. એ વખતે શ્રી વિજયવીરસૂરિજીને આ મહાત્માએ ભલામણ કરી હતી કે–તમે પણ આવી રીતે મારા વિદ્વાન શિષ્ય મુનિ શ્રી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ખાન્તિવિજયજીને આ તમામ પદવીથી અલંકૃત કરવા ચૂકશો નહિ. આપણે આગળ જોઈશું કે–ગુરૂદેવની ભલામણ અનુસાર તેમજ બને છે પણ એ વાત ખરી કે–ગુરૂદેવ પોતે એ જોઇ ન શકયા. મુનિ શ્રી ખાન્તિ વિજયજીને માત્ર પાંચજ વર્ષમાં આ રીતે ગુરૂનો વિરહ થાય છે. ગુરૂના વિરહથી કયા શિષ્યને આઘાત ન થાય ? પોતાના ઉપકારીનું અવસાન કોને ન સાલે ? પણ '**यद् भावि तद् भवति।**' ભાવિ પાસે પ્રાણિ માત્ર નિરૂપાય છે. એ સમયના શાસનના મહાન્ સંરક્ષક અને તીર્થોદ્ધારકની જૈન સંઘને ખોટ અસહ્ય લાગી. મુનિ શ્રી ખાન્તિવિજયજીના સંકટની તો પરાકાષ્ઠા જ ! એમની તો બધીએ આશાઓ તૂટી પડી. મુનિશ્રીનું જીવન ઉજ્વળ ન હોત, ઉચ્ચ સંસ્કારોથી ભરપૂર ન હોત, પૂર્વભવોની આરાધના ત્યાં સહાયક ન હોત, તો એ ગુરૂભક્તિ આવું મૂર્તિમંત સ્વરૂપ ધારણ કરત નહિ. હવે ગુરૂદેવ ગયા; ગુરૂદેવનો દેહ ગયો પણ શિષ્યના હૈયામાંથી ગુરૂ જાય ખરા ? હરગીજ નહિ. ગુરૂદેવના જીવનના છેલ્લા શ્વાસ સુધી આ યોગ્ય શિષ્ય મુનિશ્રીએ પોતાના ગુરૂની સુશ્રુષા કરેલ છે. પોતાના શિષ્યને ઉન્નતિના ગિરિશ્રૃંગ પર નિરખવાની ગુરૂદેવની લાલસા તો લય પામી ગઇ. એજ રીતે પોતાની યુવાન વય, પોતે નવીન સાધુ અને આવા સંયોગોમાં પોતાના માર્ગદર્શક ગુરૂ ચાલ્યા જાય એ મુનિશ્રી માટે જેવું તેવું સંકટ કહેવાય ?

કેટલાકો આજે દીક્ષિત થનારા ઉપર ભૂરકીના આક્ષેપો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરે છે પણ એ ખોટા છે. વૈરાગ્ય એજ ભૂરકી છે. જો આ મુનિશ્રી ભૂરકી કે મંત્ર-યંત્રથી દીક્ષિત થયા હોત, તો ગુરુદેવના સ્વર્ગગમન પછી તરતજ પલટો ખાત પણ એમ નથી બનતું. આ મુનિશ્રી તો મહાન્ શાસનસુભટ બને છે. મુનિશ્રી ત્રેવીસ વર્ષની વયે, સાધુ જીવનમાં પાંચ વર્ષની બાલ્યવયે ગુરુ વિરહે એકલા અટુલા પડે છે, વિધિદત્ત કારમો આઘાત ખને છે અમે એજ નિમિત્તે વૈરાગ્યને તીવ્ર બનાવી આરાધનામાં આગળ ધપે છે.

P. P. Ac. Gunratnasuri M.S.
Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૬ ઠું.

## ગુરૂદેવના પગલે.

## ગુરૂદેવના વિરહ પછી મુનિશ્રીનો સંયમમાં વધતો જતો વિર્યોલ્લાસઃ શ્રી વિજયવીરસૂરિજી સાથેનો સંબંધ.

પોતાના ગુરૂદેવના સ્વર્ગગમન નિમિત્તે મુનિ શ્રી ખાન્તિવિજયજીએ પન્નાલાલ બાબુની ધર્મશાળામાં નિર્વાણ મહોત્સવ, અષ્ટાન્હિકા મહોત્સવ અત્યંત ધામધુમથી ઉજવાવ્યો હતો. ગિરિરાજ ઉપર ભારે આંગી, પૂજા તથા ભાવના કરાવ્યા હતા. તેઓશ્રીના ઉપદેશથી થરા ગામના ત્યાં આવેલા આગેવાનોએ આ બધો ઉત્સવ કર્યો હતો. પન્યાસજી શ્રી ઉમેદવિજયજી મહારાજ પોતાના ગુરૂના અવસાન બાદ જેમ શ્રી મૂળચંદજી મહારાજની આજ્ઞામાં તથા તેમના પણ અવસાન પછી શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજની આજ્ઞામાં રહેતા હતા, તેમ શ્રી વિજયવીરસૂરિજી મહારાજ પોતાના ગુરૂના અવસાન બાદ શ્રી ઉમેદવિજયજી ગણિની આજ્ઞાનું પાલન કરતા હતા અને એજ રીતે આપણા ચરિત્રનાયકે પણ પોતાના ઉપકારી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગુરૂદેવના અવસાન બાદ શ્રી વિજયવીરસૂરિજીની આજ્ઞાનું પાલન જીવનપર્યંત કર્યું હતું. આપણે જોઇશું કે–હવે પછીના કેટલાંક ચાતુર્માસો તેઓશ્રીએ શ્રી વિજયવીરસૂરિજી સાથે કર્યા હતાં. શ્રી વિજયવીરસૂરીશ્વરજીનું ગૃહસ્થાશ્રમમાં નામ વીરજીભાઇ હતું. તેઓનું વતન રાધનપુર હતું પણ તેમના પિતા રૂપજી શેઠ વ્યાપારના અંગે કચ્છ માંડવી રહેતા હતા, તેથી વીરજીભાઇનો અભ્યાસ વિગેરે માંડવીમાં જ થયો હતો. આ વીરજીભાઇને આત્મતત્ત્વનું ભાન કરાવનાર, વૈરાગ્ય પમાડનાર તીર્થોદ્ધારક પં. શ્રી ઉમેદવિજયજી મહારાજ હતા. તેઓશ્રી પૃથ્વીતળને પાવન કરતા કરતા જ્યારે માંડવી પધાર્યા, ત્યારે વીરજીભાઇ માંડવી રહેતા હતા. પન્યાસજીની સંસાર સંતાપસંહારનારી, પુષ્કરાવર્ત મેઘ-સમાન દેશના સાંભળ્યા બાદ વીરજીભાઇનું જીવન જ પલટાઇ ગયું અને એ જીવન પલટો કરનાર ઉપકારીના ઉપકારને તેઓ જીવનપર્યંત ભૂલ્યા નથી અને ભૂલાય કેમ ? યતઃ "સમકિતદાયક ગુરૂતણો પ્રત્યૂપકાર ન થાય." હૃદય પલટાયા પછી વીરજીભાઇએ દીક્ષા માટેના પ્રયત્નો કર્યા. પોતે હતા પરણેલા એટલે સુશીબતમાં પૂછવું જ શું ? [1]વીરજીભાઇને

---

૧. શ્રી વિજયવીરસૂરિશ્વરજી માટે વધુ જાણવાના જિજ્ઞાસુએ રા. રા. શ્રીકાન્તનું લખેલું વીરજીવન જોવું તથા શ્રી ઉમેદવિજયજી માટે વધુ જાણવા પોપટલાલ પુંજાભાઇ પરીખે લખેલ અનુયોગાચાર્ય આખ્યાન જોવું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દીક્ષા લેવામાં ઘણી મુશ્કેલીએ પડી છે, વૉરંટો છૂટયા છે. પણ આખરે તમામ વિઘ્નોની પરંપરાને પરાસ્ત કરી તેઓશ્રીએ ભાગવતી દીક્ષા અંગિકાર કરી છે. વીરજીભાઈના દીક્ષા ગુરૂ શ્રી વિનયવિજયજી હતા. પોતાના દાદાગુરૂ તથા દીક્ષાગુરૂના અવસાન બાદ શ્રી વીરવિજયજી મહારાજ પોતાના ઉપકારી એવા શ્રી ઉમેદવિજયજી મહારાજની આજ્ઞામાં રહેતા હતા. આપણે જોઇ ગયા છીયે કે—શ્રી વિજયવીરસૂરિજીને ગણિ તથા પન્યાસપદથી અલંકૃત કરનાર શ્રી ઉમેદવિજયજી મહારાજ જ છે અને પોતાના શિષ્યને એજ પદવીઓથી અલંકૃત કરવાની શ્રી વીરવિજયજીને ભલામણ પણ એમણે કરી હતી. એ ભલામણનો અમલ શ્રી વિજયવીરસૂરિજીએ જે કર્યો તે હવે આપણે જોઇશું. પોતાના ગુરૂ પન્યાસજી શ્રી ઉમેદવિજયજીના અવસાન બાદ આપણા ચરિત્રનાયક મુનિ શ્રી ખાન્તિવિજયજી પણ શ્રી વિજયવીરસૂરિજીની આજ્ઞામાં રહેવા લાગ્યા અને જીવનપર્યંત રહ્યા હતા.

પોતાના ગુરૂના અવસાન બાદ ગુરૂદેવના પગલે પગલે આગળ વધવાની તીવ્ર વૃત્તિવાળા મુનિ શ્રી ખાન્તિવિજયજી મહારાજ હવે સંયમની આરાધનામાં પોતાના વિર્યોલ્લાસને દિન પ્રતિદિન વધારે વધારે સ્ફુરાવે જાય છે. તીર્થોદ્ધારક ગુરૂના આ વિદ્વાન્ શિષ્ય પણ તીર્થયાત્રા પ્રતિ પોતાનું લક્ષ્ય દોરે છે અને અનેક તીર્થયાત્રાથી પોતાના આત્માને પાવન કરે છે. '**सम्यग्दर्शन ज्ञान चारित्राणि मोक्षमार्गः।**'—એજ સૂત્રનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રચાર કરે છે. જ્યાં જ્યાં વિહાર કરે છે, ત્યાં ત્યાં અપ્રમત્ત-પણે પોતાનો જ્ઞાનાભ્યાસ પણ વધારે છે અને ભગવાને વિહિત કરેલાં ધર્માનુષ્ઠાનો કરાવી શાસનનો વિજયધ્વજ ફરકતો રાખે છે. શ્રી ભાગવતી દીક્ષાના ઉમેદવારોને દીક્ષા-પ્રદાન પણ કરે છે. પોતાના કુટુંબમાંથી પણ એમના ઉપદેશથી દીક્ષા લેનાર નીકળે છે. આ બધું આપણે ક્રમસર જોઇશું. જ્ઞાન, ધ્યાન અને તપમાં રક્ત રહી મુનિશ્રી સંયમના અપૂર્વ આનંદનો અનુભવ કરે છે, આત્મતત્ત્વનો વિકાશ કરે છે. ગુરૂદેવના અવસાન પછી તેઓ ગ્રામાનુગામ વિચરી તીર્થ-યાત્રા કરી, શાસનનો ઉદ્યોત કરે છે. તેઓશ્રી સંવત્ ૧૯૭૯ માં ગણિપદવી પામે તે પહેલાં આબુ, જીરાવલા, શીરોહી, શીવગંજ, પાલી, નવાશાહેર (બ્યાવર), અજમેર, કીસનગઢ, જયપુર, આમેર, સાંગાનેર, ભરતપુર, આગ્રા, શીકોહાબાદ, મૈનપુરી, કંપીલાજી, કાનપુર, લખનૌ, નવરાઇ; ફૈજાબાદ, અયોધ્યા, અલાહાબાદ, શીવપુરી, બનારસ, ભેલુપૂર, સિંહપૂરી, ચંદ્રાવતી, આરાશાહેર, પટણા, બીહાર, કુંડલપુર અથવા વડ-ગામ (ગોબરગામ), રાજગ્રહી, પાવાપૂરી, ગુણશીલચૈત્ય, ક્ષત્રીયકુંડ, કાકંદી, લખીસરાય, ચંપાપુરી, નાથનગર, ભાગલ-પુર, અજીમગંજ, બાલુચર, કટગોલા, કાસમ બજાર, ગીરડી હબડાકર (ઋજુવાલીકા નદી), મધુવન, સમેતશીખરજી, અલીગઢ, બુલંદ શાહેર, મેરટ સીટી, હસ્તિનાપૂર, દીલ્હી, ફીરોજપૂર, રામગઢ, અલવર, મેડતા, ફલોધી, જેત-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રણુ, સોજીત, નાડોલ, નાડુલાઈ, દેસુરી, ઘાણેરાવ, મુચ્છાળા મહાવીર, સાદડી, રાણકપુર, વરકાણા, જોધપુર, પોકણ, જેસલમેર, લોદ્રવા, નગર (નાકોડા પાર્શ્વનાથ), બાલોતરા બામણવાડજી, પીંડવાડા, અજારી, નાંદીયા, દીયાણાજી, ખરેડી, પાલણપૂર, ડીસા, ભીલડીયાજી પાર્શ્વનાથ, ડુવા, ધાનેરા, સાચોર, ભોરલ, ઢેંગા (ધરણીધર), થરાદ, વાવ, રાધનપુર, સમી, સંખેશ્વર, ઝીંઝુવાડા, દસાડા, ઉંઝા, વીસ-નગર, વડનગર, તારંગા, ઇડર, પોશીના, પાલધુલેવાજી (કેશરીયાજી), ડુંગરપુર, વીંછીવાડા (નાગથણપાર્શ્વનાથ), ટીટોઇ (મુહરી પાર્શ્વનાથ) અમદાવાદ, મેસાણા, ચાણસ્મા, પાટણ, ભોયણી, પાનસર, સેરીસા, વામજ, કલોલ, કડી, ખેડા, માતર, નડીયાદ, કપડવંજ, ખંભાત, કાવી, ગંધાર, દેજ-બંદર, જંબુસર, છાણી, વડોદરા, ડભોઇ, સીનોર, ઝઘડીયા, ભરૂચ, સુરત, વ્યારા, નંદરબાર, શીરપૂર (ખાનદેશ), ધુલીયા, અમલનેર, જલગાંવ, ભૂશાવળ, મલકાપૂર, ખામગામ, બાલા-પૂર, શીરપૂર (વરાડ અંતરીક્ષ પાર્શ્વનાથ), આકોલા, ઉમ-રાવતી, વર્ધા, ભાંદક (ભદ્રાવતી), મહેકર, લુણાર, એદલા-બાદ, બુરાનપુર, માંડવગઢ, નવસારી, બીલીમોરા, વલસાડ, બગવાડા, દમણ, મુંબાઇ, ઠાણા, મહુવા, તલાજા, ભાવનગર, ઘોઘા, ઉના, દીવ, દેલવાડા, અજાર, પાલીતાણા, રાજકોટ, જુનાગઢ, જામનગર, જેતપુર, મોરબી, ધ્રાંગધ્રા, વઢવાણ, ભદ્રેશ્વર, ભૂજ, માંડવી, અંજાર, મુદ્રા, સુથરી (ધૃતકલ્લોલ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાર્શ્વનાથ), નળીયા, કોઠારા, તેરા, જખૌ, સાંધણ, કટારીયા, લાકડીયા, વાંઢીયા વિગેરે સ્થળોએ વિહાર, તીર્થયાત્રા વિગેરે કરે છે. તીર્થયાત્રાનો પ્રેમ તથા એમના ઉગ્ર વિહારનું અહીં દર્શન થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૭ મું.

## પન્યાસજી શ્રીમદ્ ખાન્તિવિજયજીનાં ચાતુર્માસો, વિહાર અને શાસનસેવાનું અવલોકન.

પ્રિય વાંચક ! આપણે જોઇ ગયા કે–આપણા ચરિત્રનાયકના દીક્ષા પછીના પાંચ ચાતુર્માસ તો પોતાના ગુરૂદેવસાથે થયા હતા. પહેલું તથા બીજું ચાતુર્માસ પાટણમાં, ત્રીજું તથા ચોથું ચાતુર્માસ મહુવામાં અને સંવત્ ૧૯૬૩ નું પાંચમું ચાતુર્માસ પાલીતાણા ખાતે થયું હતું. જ્યાં અસંખ્ય આત્માઓ શીવરમણીને વર્યા છે, એ શ્રી સિદ્ધગિરિએ (પાલીતાણામાં, એમના ગુરૂદેવે સંવત્ ૧૯૬૪ ના માગશર માસમાં કાળ કર્યો. ત્યારબાદ સંવત્ ૧૯૬૪ નું છઠ્ઠું ચાતુર્માસ એમણે ધનરૂપવિજયજી તથા હંસવિજયજી નામના મુનિવરો સાથે સમીગામમાં કર્યું અને ત્યાં એમણે લઘુ કૌમુદીનો અભ્યાસ કર્યો. ફરીને વાંચકને યાદ આપીએ છીએ કે–ગુરૂદેવના અવસાન બાદ તેઓશ્રી શ્રી વિજયવીરસૂરિજીની આજ્ઞાવશવર્તી હતા. તેઓશ્રી ઉગ્ર વિહારના રસીયા હતા અને તીર્થયાત્રાનો પ્રેમ એમના હૃદયમાં વધતો જતો હતો. અહીં એમને શ્રી સમેતશીખરજી તીર્થની યાત્રા કરવા ઇચ્છા થઇ એટલે ચાતુર્માસ બાદ અહીંથી વિહાર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કર્યો અને ડીસા, જીરાવલા, આબુ, સીરોહી, પાલી, અજમેર, કીસનગઢ, જયપૂર, ભરતસૌરી, આગ્રા, કાનપુર, લખનૌ, રત્નપૂરી, અયોધ્યા, કાશી, ભેલુપૂર, ભદનીય, સિંહપૂરી, ચંદ્રાવતી, આરા, પટણા, ગોબર ગામ, રાજગ્રહી, પાવાપૂરી, લછવાડ, ક્ષત્રીયકુંડ, કાકંદી, ચંપાપૂરી, નાથનગર, ભાગલપૂર, મિથિલા નગરી વિગેરે સ્થળે યાત્રા કરીને સાતમાં ચાતુર્માસ માટે અજીમગંજ (મુર્શીદાબાદ)માં તેઓશ્રી પધાર્યા. વાંચક જોઇ શકશે કે—એમનો વિહાર કેટલો ઉગ્ર છે? સંવત્ ૧૯૬૫ નું ચાતુર્માસ તેઓશ્રીએ અજીમગંજમાં કર્યું. શ્રી વીરવિજયજી મહારાજ પણ કલકત્તાથી આ વખતે ત્યાં પધાર્યા હતા અને એઓશ્રીએ શ્રી ભગવતી સૂત્રની ત્યાં વાંચના કરી હતી. આ ચાતુર્માસમાં સંવત્સરીને દિવસે ત્યાં રૂપીયાની તથા સોના મહોરની—એમ બે પ્રભાવના પ્રશંસનીય થઇ હતી. બીજી પ્રભાવનાઓ તો ચાલુ હોયજ. ઉપધાન પણ થયા હતા. અજીમગંજથી વિહાર કરી તેઓ મહિમાપૂર, કટગોલા, બાલુચર, કાસમ બજાર વિગેરે સ્થળે યાત્રા કરતા શ્રી સમેતશીખરજી ગયા. શ્રી સમેતશીખરજીની યાત્રાની ઇચ્છા અહીં પૂર્ણ થઇ. એ ગીરિરાજની તથા ફરતી નગરીઓની યાત્રા કરી દીલ્હી, હસ્તિનાપૂર, જયપૂર વિગેરે સ્થળે થઇ તેઓશ્રી નવાનગર (બ્યાવર) આવ્યા. ત્યાં એમણે લઘુકૌમુદી પૂરી કરી તથા કાવ્યોનો અભ્યાસ કર્યો. સંવત્ ૧૯૬૬ માં આઠમું ચાતુર્માસ તેઓશ્રીએ અહીં નવાનગર (બ્યાવર)માં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કર્યું અહીંથી તેઓશ્રીએ આખા મારવાડ દેશમાં ફરી નાની મોટી પંચતીર્થી તથા નાકોડા પાર્શ્વનાથજી વિગેરેની યાત્રા કરી, નવમું ચાતુર્માસ સંવત્ ૧૯૬૭ માં તેઓશ્રીએ બડી ફલોધીમાં કર્યું. આ ચાતુર્માસ બાદ જેસલમેરનો સંઘ કઢાવી ત્યાંની યાત્રા કરી અને ત્યાંથી પાછા આવ્યા. આ આઠમા તથા નવમા ચાતુર્માસમાં એમણે સિદ્ધાંત કૌમુદીનો અભ્યાસ કર્યો અને સ્થાનકવાસી તથા દિગંબર જૈનો સાથે ચર્ચા પણ થઈ હતી. જેસલમેરથી પાછા આવીને દશમું ચાતુર્માસ સંવત્ ૧૯૬૮ માં પણ તેઓ બડી ફલોધીમાંજ રહ્યા હતા, અર્થાત્ બડી ફલોધીમાં બીજું ચોમાસું પણ રહ્યા. આ વખતે એમણે આગમોનો અભ્યાસ કર્યો. ત્યાંથી વિહાર કરી બીકાનેર, નાગોર, મેડતા, ફલોધી પાર્શ્વનાથ વિગેરેની યાત્રા કરી તેઓશ્રી રાધનપૂર આવ્યા અને અગીયારમું ચોમાસું ત્યાં કર્યું. આ રીતે દેશપ્રદેશ વિચરતાં તેમનો અનુભવ વધતો જતો હતો અને જ્ઞાની મુનિવરોના સહવાસથી એમનો જ્ઞાનાભ્યાસ પણ વધતો હતો. માર્ગમાં પ્રતિબોધથી તેઓ ભવ્ય જીવોને ઉપકાર કરવાનું પણ ચૂકતા નહિ, અર્થાત્ તેઓશ્રીનું જીવન અપ્રમત્ત અને સ્વ–પર હિતાવહ હતું. રાધનપુરમાં એમને આગમનો અભ્યાસ થયો. અહીં એમને સંગ્રહણીનો વ્યાધિ શરૂ થયો. કર્મનો ઉદય કોઇને છોડતો નથી. બારમું ચાતુર્માસ સંવત્ ૧૯૭૦ માં તેઓશ્રીએ ઉંઝામાં કર્યું. ત્યાં વૈદ્ય નગીનદાસ છગનલાલે ઉપચાર કરી સંગ્રહણીનો



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વ્યાધિ મટાડયો, ત્યાં વળી મસાની બીમારી થઇ. સંવત્ ૧૯૬૫ થી ૧૯૭૦ સુધીનાં ૭ ચાતુર્માસ શ્રી વિજયવીર સૂરિજી સાથે થયાં હતાં. તેરમું ચાતુર્માસ સંવત્ ૧૯૭૧ માં તેઓશ્રીએ અમદાવાદમાં કર્યું. અહીં મસાનુ ઑપરેશન કરાવ્યું અને વ્યાખ્યાનમાં વિશેષાવશ્યક મહાભાષ્ય વાંચ્યું. ચૌદમું ચાતુર્માસ સંવત્ ૧૯૭૨ માં ફરીને અમદાવાદમાં કર્યું, કેમકે- આગમોદ્ધારક સમર્થ જૈનાચાર્ય શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજી મહારાજ આગમવાંચના દેતા હતા, જેના શ્રવણનો લાભ ઘણા સાધુ-સાધ્વી લેતા હતા. ચૌદમું ચાતુર્માસ પૂરૂં કરી તેઓ ફરી રાધનપુરમાં આવ્યા. ગૃહસ્થાશ્રમ પક્ષની પોતાની કાકાની દીકરી પાર્વતી બ્હેનને અહીં એમણે સંવત્ ૧૯૭૩ ના મહા શુદી ૧૦ ગુરૂવારના રોજ શ્રી ભાગવતી દીક્ષા આપી, દર્શનશ્રીજી નામ આપ્યું હતું. પંદરમું ચાતુર્માસ સંવત્ ૧૯૭૩ માં તેઓશ્રીએ ખંભાતમાં કર્યું. ન્યાય, કોષ તથા સાહિત્યનો અહીં અભ્યાસ કર્યો. આ ચાતુર્માસ પૂર્ણ થયા બાદ ઉપધાન કરાવ્યાં હતાં. સંવત્ ૧૯૭૪ ના પોષ શુદી ૬ શુક્રવારે દર્શનશ્રીજીને વડીદીક્ષા આપી હતી. ત્યારબાદ તેઓએ કાવી-ગંધારનો સંઘ કઢાવ્યો. સંઘ કઢાવવો એને પરમ આવશ્યક કર્ત્તવ્ય તેઓ માનતા હતા. સંઘ, ઉદ્યાપનાદિ અનુષ્ઠાનોમાં થતાં દ્રવ્યવ્યયને તેઓ ધનનો ધુમાડો થયો એમ નહોતા માનતા. ત્યાંથી વિહાર કરી ગામ- જામપરમાં સંવત્ ૧૯૭૪ ના ચૈત્ર શુદી ૫ ને સોમવારે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેઓશ્રીએ પોતાના પૂર્વપક્ષની બ્હેન મેના બ્હેનને પ્રવ્રજ્યા આપી વિમળશ્રીજી નામ આપ્યું હતું અને તેમની વડી-દીક્ષા સંવત્ ૧૯૭૪ ના અષાઢ શુદી ૨ બુધવારના રોજ દસાડામાં થઇ હતી. સંવત્ ૧૯૭૪ નું ચાતુર્માસ તેઓશ્રીએ દસાડામાં કર્યું, જ્યાં છંદશાસ્ત્રનો અને સાહિત્યનો અભ્યાસ કર્યો. અત્રેથી શ્રી સંખેશ્વરજીનો સંઘ કઢાવ્યો હતો. પંદરમા તથા સોળમા ચાતુર્માસમાં પણ તેઓશ્રી શ્રી વિજય-વીરસૂરિજી સાથે હતા. સંવત્ ૧૯૭૫ માં સત્તરમું ચાતુર્માસ તેઓશ્રીએ અમદાવાદમાં કર્યું. ત્યાં સારણગાંઠનું ઑપરેશન કરાવ્યું. વ્યાખ્યાનમાં આ વખત પંચાશકજી વાંચ્યું. આ ચોમાસું પૂરૂં થયા બાદ શેઠ સારાભાઇ ડાહ્યાભાઇએ કાઢેલ શ્રી કેશરીયાજી તીર્થના સંઘમાં તેઓશ્રી પધાર્યા. અમદાવાદ–લાલાભાઈની પોળના રહીસ માસ્તર પુંજાલાલ નામના શ્રાવકને તેઓશ્રીએ શ્રી કેશરીયાજી તીર્થમાં સંવત્ ૧૯૭૬ ના ફાગણ શુદી ૩ રવીવાર ના રોજ શ્રી ભાગવતી દીક્ષા આપી હતી. તેમની વડીદીક્ષા તેજ સાલમાં અમદાવાદમાં વૈશાખ શુદ ૩ બુધવારના રોજ ડહેલાના ઉપાશ્રયે શ્રીમદ્ આચાર્ય શ્રી વિજયનીતિસૂરીશ્વરજી હસ્તક થઇ હતી. એમનું નામ મુનિશ્રી પુણ્યવિજયજી રાખવામાં આવ્યું. ( જેઓ હાલ

---

૧. તેઓશ્રીની પૂર્વપક્ષની બેય બ્હેનો સાધ્વી થઇ. નામે, દર્શન-શ્રીજી તથા વિમલશ્રીજીઃ તે બેય સાધ્વીજી કર્મગ્રન્થ સુધીનું તથા સંસ્કૃતનું સારૂં જ્ઞાન ધરાવે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વ્યાધિ મટાડયો, ત્યાં વળી મસાની બીમારી થઇ. સંવત્ ૧૯૬૫ થી ૧૯૭૦ સુધીનાં છ ચાતુર્માસ શ્રી વિજયવીરસૂરિજી સાથે થયાં હતાં. તેરમું ચાતુર્માસ સંવત્ ૧૯૭૧ માં તેઓશ્રીએ અમદાવાદમાં કર્યું. અહીં મસાનું ઑપરેશન કરાવ્યું અને વ્યાખ્યાનમાં વિશેષાવશ્યક મહાભાષ્ય વાંચ્યું. ચૌદમું ચાતુર્માસ સંવત્ ૧૯૭૨ માં ફરીને અમદાવાદમાં કર્યું, કેમકે-આગમોદ્ધારક સમર્થ જૈનાચાર્ય શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજી મહારાજ આગમવાંચના દેતા હતા, જેના શ્રવણનો લાભ ઘણા સાધુ-સાધ્વી લેતા હતા. ચૌદમું ચાતુર્માસ પૂરું કરી તેઓ ફરી રાધનપુરમાં આવ્યા. ગૃહસ્થાશ્રમ પક્ષની પોતાની કાકાની દીકરી પાર્વતી બ્હેનને અહીં એમણે સંવત્ ૧૯૭૩ ના મહા શુદી ૧૦ ગુરૂવારના રોજ શ્રી ભાગવતી દીક્ષા આપી, દર્શનશ્રીજી નામ આપ્યું હતું. પંદરમું ચાતુર્માસ સંવત્ ૧૯૭૩ માં તેઓશ્રીએ ખંભાતમાં કર્યું. ન્યાય, કોષ તથા સાહિત્યનો અહીં અભ્યાસ કર્યો. આ ચાતુર્માસ પૂર્ણ થયા બાદ ઉપધાન કરાવ્યાં હતાં. સંવત્ ૧૯૭૪ ના પોષ શુદી ૬ શુક્રવારે દર્શનશ્રીજીને વડીદીક્ષા આપી હતી. ત્યારબાદ તેઓએ કાવી-ગંધારનો સંઘ કઢાવ્યો. સંઘ કઢાવવો એને પરમ આવશ્યક કર્તવ્ય તેઓ માનતા હતા. સંઘ, ઉદ્યાપનાદિ અનુષ્ઠાનોમાં થતાં દ્રવ્યવ્યયને તેઓ ધનનો ધુમાડો થયો એમ નહોતા માનતા. ત્યાંથી વિહાર કરી ગામ-જામપરમાં સંવત્ ૧૯૭૪ ના ચૈત્ર શુદી ૫ ને સોમવારે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેઓશ્રીએ પોતાના પૂર્વપક્ષની બ્હેન મેના બ્હેનને પ્રવ્રજ્યા આપી વિમળશ્રીજી નામ આપ્યું હતું અને તેમની વડી-દીક્ષા સંવત્ ૧૯૭૪ ના અષાઢ શુદી ૨ બુધવારના રોજ દસાડામાં થઇ હતી. સંવત્ ૧૯૭૪ નુ ચાતુર્માસ તેઓશ્રીએ દસાડામાં કર્યું, જ્યાં છંદશાસ્ત્રનો અને સાહિત્યનો અભ્યાસ કર્યો. અત્રેથી શ્રી સંખેશ્વરજીનો સંઘ કઢાવ્યો હતો. પંદરમા તથા સોળમા ચાતુર્માસમાં પણ તેઓશ્રી શ્રી વિજય-વીરસૂરિજી સાથે હતા. સંવત્ ૧૯૭૫ માં સત્તરમું ચાતુર્માસ તેઓશ્રીએ અમદાવાદમાં કર્યું. ત્યાં સારણગાંઠનું ઑપરેશન કરાવ્યું. વ્યાખ્યાનમાં આ વખત પંચાશકજી વાંચ્યું. આ ચોમાસું પૂરૂં થયા બાદ શેઠ સારાભાઇ ડાહ્યાભાઇએ કાઢેલ શ્રી કેશરીયાજી તીર્થના સંઘમાં તેઓશ્રી પધાર્યા. અમદાવાદ—લાલાભાઈની પોળના રહીસ માસ્તર પુંજાલાલ નામના શ્રાવકને તેઓશ્રીએ શ્રી કેશરીયાજી તીર્થમાં સંવત્ ૧૯૭૬ ના ફાગણ શુદી ૩ રવીવાર ના રોજ શ્રી ભાગવતી દીક્ષા આપી હતી. તેમની વડીદીક્ષા તેજ સાલમાં અમદાવાદમાં વૈશાખ શુદ ૩ બુધવારના રોજ ડહેલાના ઉપાશ્રયે શ્રીમદ્ આચાર્ય શ્રી વિજયનીતિસૂરીશ્વરજી હસ્તક થઇ હતી. એમનું નામ મુનિશ્રી પુષ્પવિજયજી રાખવામાં આવ્યું. ( જેઓ હાલ

---

૧. તેઓશ્રીની પૂર્વપક્ષની બેય બ્હેનો સાધ્વી થઇ. નામે, દર્શન-શ્રીજી તથા વિમલશ્રીજી: તે બેય સાધ્વીજી કર્મગ્રન્થ સુધીનું તથા સંસ્કૃતનું સારૂં જ્ઞાન ધરાવે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગણિ પદવી ધરાવે છે. ) મુનિ શ્રી પુષ્પવિજયજી આ ચરિત્ર-નાયકના પ્રથમ શિષ્ય છે.

શ્રી કેશરીયાજીથી પાછા યાત્રા કરતા કરતા નરમ તબીયતના કારણે અમદાવાદમાં આવ્યા અને અઢારમું તથા ઓગણીસમું ચોમાસું તેઓએ ત્યાં કર્યું. અમદાવાદમાં ઉપરા-ઉપરી ચોમાસા કરવામાં કારણભૂત નરમ તબી[illegible] હતી. દરમ્યાન વિહાર કરી યાત્રાઓ કરતા હતા. આ ત્રણે ચાતુ-ર્માસમાં તેઓશ્રીએ વિવિધ શાસ્ત્રાભ્યાસ, વિશાળ વાંચન અને સમર્થ ઉપદેશ કર્યો. અમદાવાદમાં વ્યાખ્યાનમાં હારિ-ભદ્રીય આવશ્યક વાંચ્યું હતું. સંવત્ ૧૯૭૭ નું ચાતુર્માસ પૂરૂં કરી ત્યાંથી વિહાર કરી માર્ગમાં ખેડા, માતર (સાચાદેવ), પેટલાદ, બોરસદ, છાણી, વડોદરા, ડભોઈ, સીનોર, ઝઘડીયા, ભરૂચ વિગેરે સ્થળે યાત્રા કરતા અપ્રતિબદ્ધપણે વિચરતાં તેઓશ્રી ખાનદેશમાં આવ્યા. નંદુરબાર, સીરપૂર, ધુલીયા, આમલનેર, ભુસાવળ, ખામગામ, બાલાપૂર, શીરપૂર વિગેરે સ્થળે થઇ અંતરીક્ષજી પાર્શ્વનાથ ભગવાનને તેઓશ્રી ભાવપૂર્વક ભેટયા. ભદ્રાવતીની યાત્રા કરી, વર્ધા, ઉમરાવતી, આકોલા વિગેરે સ્થળોમાં વિચરી તેઓશ્રી બુલદાણા જીલ્લાના લુણાર ગામમાં પધાર્યા, અને સંવત્ ૧૯૭૮ નું ચોમાસું તેઓશ્રીએ ત્યાં કર્યું.

અત્યાર સુધીના ચાતુર્માસોમાં આપણે જોઇ ગયા કે—તેઓશ્રી યાત્રા કરે છે, ઉગ્ર વિહાર કરે છે, જ્ઞાનાભ્યાસ વધારે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે, રત્નત્રયીના મહિમાને પ્રચારે છે, સંઘ કઢાવે છે, ઉદ્યાપનો કરાવે છે અને ધીમે ધીમે તેઓ જૈન સાહિત્યના બારીક અભ્યાસ તરીકે દેખાવ દે છે. તેઓશ્રીનું ઝળકતું નિઃસ્પૃહી જીવન સંવત્ ૧૯૭૮ થી અજબ રીતે ઝળકી ઉઠે છે. અગાધ સંકટોની સામે એ બરાબર અડગ રહી તેઓ શાસનસેવા કરે છે. શાસનસેવાની તીવ્ર સેવા અહીંથી વધતી જાય છે. વિઘ્ન પરંપરાથી જરા પણ તેઓ ડરતા નથી અને સર્વત્ર વિજયમાળાજ વરે છે.

આ ચોમાસામાં કોલાપૂરની ગાદીના શ્રીમાન્ કુર્તકોટિના શંકરાચાર્ય જેઓ એમ. એ. ( M. A. ) ની ડીગ્રી ધરાવે છે, તેઓ પણ ત્યાં હતા અને સ્થાનકવાસી સંપ્રદાયના વિદ્વાન ગણાતા સાધુઓ (રીખો) પણ ત્યાં હતા. એ રીખો સાથે મૂર્તિપૂજા સંબંધમાં ચર્ચા ઉભી થઇ, જેને પરિણામે આ શંકરાચાર્યના અધ્યક્ષપણામાં સભા ભરી નિર્ણય કરવાનું નિશ્ચિત થયું. સ્થાનકવાસીઓએ પણ શંકરાચાર્યને અધ્યક્ષ તરીકે કબૂલ્યા. આ સભામાં પન્યાસજી શ્રી ખાંતિવિજયજી મહારાજે સંસ્કૃત ભાષામાં ભાષણ આપી શ્રી જૈન આગમોથી પ્રમાણસર મૂર્તિપૂજા સિદ્ધ કરી બતાવી તથા શ્રી જૈન ધર્મનાં તત્ત્વોને યથાર્થ સ્વરૂપમાં સમજાવ્યા, અને છેવટે ચર્ચામાં વિજય મેળવ્યો. લુણાર ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના સાઠ ઘરોમાંથી ત્રીસ ઘરને એટલે કે લગભગ દોઢસો સ્થાનકવાસીઓને શુદ્ધ મૂર્તિપૂજક ધર્મના રાગી બનાવ્યા. પ્રથમ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કટોકટીના પ્રસંગે એમણે મેળવેલો આ વિજય એમની નિ:સીમ શાસન ધગશ, એમના વિશુદ્ધ ચારિત્ર અને અપ્રતિમ ગુરૂભક્તિને આભારી હતો. વિજય તો સદૈવ સત્ય પક્ષમાં જ હોય છે પણ ઉપલાં કારણો તેમાં સહાયભૂત છે. સ્થાનકવાસી સાધુઓએ મૂર્તિપૂજક એવા શંકરાચાર્યને અધ્યક્ષ તરીકે કબૂલ્યા એ વાત નોંધવા યોગ્ય છે. ત્યાં ન્યાય છે. મતભેદ થાય ત્યાં વિષયના જાણકારને અધ્યક્ષ નીમવામાં વાંધો શો ? જો આ રીતે આજે વર્તાય તો ઘણા વાંધાઓ આપોઆપ પતે, પણ આજની દશા શોચનીય છે. આજના ચળવળખોરો તો સમાજને છીન્નભિન્ન કરવા માગે છે, એટલે કદાચ એવા પ્રસંગે કોઈ વિષયના જ્ઞાતાને અધ્યક્ષ તરીકે જણાવવામાં આવે છે, ત્યારે ધાંધલીયાઓ એ અધ્યક્ષને પણ પક્ષકાર ગણીને, તેને પણ ગલીચ હુમલાઓથી નવાજવાની ધૃષ્ટતા કરવામાં પાછા પડતા નથી. આવા દૃષ્ટાંતો આજે ઘણા દેખાય છે.

લુણારના ચાતુર્માસની શરૂઆતમાંજ એટલે સંવત્ ૧૯૭૮ ના અષાઢ શુદી ૧૪ ના રોજ અમદાવાદ, સારંગપુર-તળીયાની પોળના રહીશ ચીમનલાલ નામના શ્રાવકને તેઓશ્રીએ દીક્ષા આપી, તેમનું નામ મુનિ શ્રી ચમરેન્દ્રવિજયજી રાખવામાં આવ્યું હતું. આ તેઓશ્રીના બીજા શિષ્ય થયા.

અત્યારે જ્યારે સમાજમાં દીક્ષાના પ્રશ્નને ચળવળખોરોએજ ઉપાડયો છે, ત્યારે એને અંગે આગમોદ્ધારક

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સમર્થ જૈનાચાર્ય શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજી મહારાજે એના નિર્ણય માટે આર્યસંસ્કૃતિના જાણકાર, ઠરેલ તથા સંસ્કૃત ભાષાના અઠંગ અભ્યાસી સાક્ષર આનંદશંકરભાઈ ધ્રુવનું નામ જ્યારે અધ્યક્ષ તરીકે દર્શાવ્યું, ત્યારે એ ચેલેન્જને સ્વીકારવાની ચળવળખોરોની પહેલી ફરજ હતી, પણ દલીલે દેવાળાં હોય તો થાય શું ?

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૮ મુ.

[ ગત પ્રકરણથી ચાલુ. ]

## પન્યાસજી શ્રીમદ્ ખાન્તિવિજયજી મહારાજના ચાતુર્માસો, વિહાર અને શાસનસેવાનું અવલોકન. તેઓશ્રીને 'ગણિ' તથા 'પન્યાસ' પદવીનું પ્રદાન.

***

પ્રિય વાંચક ! આપણા પૂજ્ય અને દીવ્ય શક્તિશાળી ચરિત્રનાયકના વીસ ચાતુર્માસ આપણે જોઇ ગયા. વીસમું ચાતુર્માસ તેઓએ લુણારમાં કર્યું અને ત્યાં શાસનનો વિજયધ્વજ ફરકાવ્યો. ચાતુર્માસ બાદ તેઓશ્રીએ ત્યાંથી વિહાર કર્યો અને બુરાનપૂરમાં મુનિ શ્રી ચમરેન્દ્રવિજયજીને સંવત્ ૧૯૭૯ ના માગશાર શુદી ૧૫ ના રોજ આચાર્યશ્રી વિજયવીરસૂરિજી પાસે વડી દીક્ષા અપાવી. અહીં તેઓશ્રીએ ચમત્કારી સાવચૂરિ સ્તોત્ર સંગ્રહ પ્રસિદ્ધ કરાવ્યો અને વિહાર કરી આચાર્યશ્રી સાથે પાછા તેઓશ્રી ગુજરાતમાં પધાર્યા. સંવત્ ૧૯૭૯ નું ચાતુર્માસ તેઓશ્રીએ આચાર્યશ્રી સાથે મીયાગામમાં કર્યું. આ ચાતુર્માસમાં વ્યાખ્યાન પોતેજ વાંચતા હતા. વ્યાખ્યાનમાં પંચાશકજી તથા કુમારપાળ ચરિત્ર વાંચ્યું હતું. આ ચાતુર્માસમાં બે શાન્તિસ્નાત્ર મહો-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્સવ, અઠ્ઠાઈ મહોત્સવ તથા ઉદ્યાપન મહોત્સવ થયા હતા. વાંચકવૃંદને પન્યાસજી શ્રી ઉમેદવિજયજીએ શ્રી વિજયવીરસૂરિજીને કરેલી ભલામણ યાદ હશેજ. એ ભલામણનો આ ગામમાં અમલ થાય છે. આ ચોમાસામાં શ્રી વિજયવીરસૂરિજી આપણા ચરિત્રનાયકને શ્રી ભગવતી સૂત્રના યોગદ્વહન કરાવે છે અને આસો વદી ૪ બુધવારે 'ગણિ' તથા 'પંન્યાસ' પદવીથી તીર્થોદ્ધારક પં. શ્રી ઉમેદવિજયજી મહારાજના વિદ્વાન શિષ્ય શ્રી ખાન્તિવિજયજીને વિભૂષિત કરી પોતે ઋણ મુક્ત થાય છે. ઉપર કહેલા મહોત્સવો આ પ્રસંગે થાય છે. સ્વામીવાત્સલ્યાદિ પણ સારી રીતે થાય છે અને ખૂબ ધામધૂમ પૂર્વક આપણા ચરિત્રનાયકને ગણિ તથા પન્યાસપદ સમર્પણ કરવામાં આવે છે. આપણા નિઃસ્પૃહી ચરિત્રનાયક હવે સામાન્ય મુનિપણાથી આગળ વધી ગણિ તથા પન્યાસ બને છે, એમની જવાબદારી વધે છે અને એ સામર્થ્ય એમને વરેલુંજ છે એ સ્પષ્ટ છે. હવે પછીજ તેઓશ્રી સાચા સુભટ તરીકે બહાર આવે છે તે આપણે જોઇએ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૯ મું.

## પન્યાસજી શ્રીમદ્ ખાન્તિવિજયજી મુંબાઇમાં, શ્રી વિજયવીરસૂરિજીનું અવસાન અને ડૉકટરી ચર્ચા.

* * *

આ પણા ચરિત્રનાયક સંવત્ ૧૯૮૦ માં બાવીસમું ચાતુર્માસ મુંબઈમાં શ્રી વિજયવીરસૂરિજી સાથે કરે છે. આચાર્યશ્રી વિજયવીરસૂરિજી મુંબઇ તરફ વિહાર કરીને આવતા હતા, ત્યાં માર્ગમાં આમોદ ગામથીજ તેમને લકવાના દરદની શરૂઆત થઇ હતી. ભરૂચના સંઘે ભરૂચમાં તેમને સ્થિરતા કરાવી, ડૉકટરો તથા વૈદ્યો પાસે ઉપચાર કરાવ્યા. ધીરે ધીરે ફાયદો થતો જણાયો અને પછી આચાર્યશ્રીએ પોતાનો વિહાર મુંબઇ તરફ લંબાવ્યો. ઉદવાડા સ્ટેશન નજદીક બગવાડા ગામે આવી પહોંચતાં લકવાનાં દર્દે ફરી આચાર્યશ્રીના શરીર ઉપર જબરજસ્ત હલ્લો કર્યો. ગામડામાં સગવડ શી હોય? ધીમે ધીમે વિહાર કરી વાપીમાં પધાર્યા. ડૉકટરોની સારવારથી વળી કાંઇક દર્દ શાંત થયું, એટલે વળી તેઓશ્રીએ પોતાનો વિહાર લંબાવ્યો અને મુંબાઈના ગોડીજી મહારાજના ભવ્ય ઉપાશ્રયમાં આવી ચોતુર્માસ કર્યું.

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

અફસોષ! મુંબઇની જનતાને તેઓશ્રીના વચનામૃતોનો લાભ મળ્યો નહિ, કેમકે–દુષ્ટ એવા લકવાએ એમનો પીછો છોડયો નહિ. પન્યાસજી શ્રી ખાન્તિવિજયજી એમની સુશ્રુષા કરતા હતા તથા મુંબઈની જૈન જનતાને ભગવદ્ વાણીનું સુધાપાન કરાવતા હતા. આચાર્યદેવ શ્રીમદ્ વિજયવીરસૂરિજીને શ્રી ભગવતી સૂત્ર પ્રત્યે ઘણો પ્રેમ હતો. પ્રભુમાર્ગનું પરમ રહસ્ય એમાંથી મળી આવે છે. ઘણા અણઉકેલ પ્રશ્નોનો ઉત્તર એમાંથી મળી રહે છે. જ્ઞાનના મહાન્ સાગર તુલ્ય શ્રી ભગવતી સૂત્રની વાંચના પોતે પણ ચાતુર્માસોમાં પ્રાયઃ ઘણે સ્થળે કરી હતી. શ્રી ભગવતીસૂત્રના શ્રવણથી મુંબઈનો સંઘ વંચિત ન રહે એ એમની ભાવના હતી. વળી વાંચનાર શ્રી ખાન્તિવિજયજીની વિદ્વતાથી તેઓ પરિચિત હતા તથા મુંબઇના શ્રી સંઘનો પણ અત્યંત આગ્રહ થયો એટલે આચાર્યદેવે પન્યાસજી શ્રીમદ્ ખાન્તિવિજયજી પાસેથી શ્રી ભગવતી સૂત્રની વાંચના શરૂ કરાવવી ઉચિત ધારી, અને માટે જ પોતાના દેહની પરિસ્થિતિની પરવા કર્યા વિના એ મહર્ષિએ શ્રી ભગવતી સૂત્રના દબદબા ભર્યા વરઘોડામાં અષાઢ વદી ચોથના દિવસે ભાગ લીધો હતો. એકસો એક મણ ઘી બોલીને શેઠ સેવંતીલાલ નગીનદાસ, એ પરમતારક સૂત્રનાં પાનાંને પોતાને ઘેર લઇ ગયા હતા અને ત્યાં શ્રીફળની પ્રભાવના કરી હતી. આ પ્રસંગે બાબુસાહેબ પન્નાલાલ પુનમચંદ તરફથી રૂપીયા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્રણુ હજારની કીંમતની ઝવેરાતના પાઠા સહિત પાટલી આ સૂત્ર વંચાવવા માટે શ્રી સંઘને ભેટ કરવામાં આવી હતી. પન્યાસજી શ્રી ખાન્તિવિજયજીની વિદ્વતાનો, એમની દેશના શૈલિનો, એમના વિશાળ જ્ઞાનનો, શ્રી ભગવતી સૂત્ર ઝીણવટથી–અતિ સરળતાથી સમજાવવાના એમના સામર્થ્યનો મુંબઇની જૈન જનતાને પ્રથમ પરિચય થયો અને પછી તો શ્રોતૃગણુની સંખ્યા એટલી વધવા લાગી કે ઉપાશ્રય વ્યાખ્યાનનો સમય થતાં પહેલાં જ ચીકાર ભરાઇ જતો હતો. મહર્ષિઓ પ્રભુમાર્ગના મહોત્સવોની શોભાના રસીયા હોય છે, તેઓને પોતાના દેહની પણુ પરવા હોતી નથી. આપણે જોઈ ગયા કે–અષાઢ વદી ચોથના દિવસના શ્રી ભગવતી સૂત્રના એ ભવ્ય વરઘોડામાં આચાર્યશ્રીએ ભાગ લીધો હતો. એજ રાત્રે પેલા પાપી ‘લકવા’ નામના વ્યાધિએ એમના દેહ ઉપર ત્રીજી વાર ભયંકર હલ્લો કર્યો. ડાબી તરફના દરેક અંગ અને અવયવ રહી ગયા. મુંબઇનો સંઘ સારવારમાં કાંઇ કમીના રાખે ? નહિ જ, પણુ કર્મના ઉદય પાસે કોનું ચાલે ? દવાઓની પૂરતી સારવાર છતાં એ વ્યાધિ રોજને રોજ વધવા લાગ્યો અને આ સમાચાર સાંભળી ભક્તજનોના હૃદય શોકગ્રસ્ત થયા. આચાર્યદેવ–પ્રભુમાર્ગના સાચા રહસ્યને પામેલા આચાર્યદેવ શ્રી વિજયવીરસૂરિજીએ હવે દવા લેવી પણુ બંધ કરી અને માત્ર પ્રભુના નામના સ્મરણુમાં પોતાના આત્માને ઓતપ્રોત બનાવી દીધો. આવા દર્દ વખતની તેમની અત્યંત

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શાંત સ્થિતિ આશ્ચર્યજનક હતી, ચિરસંયમના પરિણામે ઉત્પન્ન થતા ધૈર્યનું એ સાક્ષાત્ ચિત્રપટ હતું. આચાર્યશ્રીના વ્યાધિને દૂર કરવાના પ્રયત્નોમાં શ્રી સંઘે કાંઇ કમીના રાખી નહોતી, પણ એક કવિ કહે છે કે–

"દર્દીઓના દર્દને દફનાવનારૂં કોણ છે?
દોરી તૂટી આયુષ્યની એ સાંધનારૂં કોણ છે?"

*

શ્રાવણ શુકલા ચતુર્થીની કાળમુખી રાત્રીએ બાર વાગે દુષ્ટ કાળે એમના આત્માને ઝડપી લીધો. આચાર્યશ્રી સ્વર્ગવાસ પામ્યા. મુંબઇના જૈન સંઘે અત્યંત મહોત્સવ પૂર્વક આચાર્યશ્રીના શબની સ્મશાનયાત્રા ઉજવી હતી. જનતાને ખબર પડતાં જ ચૈતન્યવિહિન એવા આચાર્યશ્રીના શબના દર્શને પણ લોકોનાં ટોળેટોળાં ઉતરી પડયાં. એમની સ્મશાન યાત્રામાં દશથી બાર હજાર માણસની ગંજાવર મેદની હતી અને ટ્રામવ્યવહાર પણ એ કારણે અટકયો હતો. અસ્તુ! આચાર્યશ્રીના દેહને અગ્નિસંસ્કાર કરી સૌ શોકગ્રસ્ત હૃદયે પાછા ફર્યા. આચાર્યશ્રી ગયા. દેહથી ભલે ગયા પણ ભકતોના હૃદયમાંથી શી રીતે જાય? મહૂર્મ આચાર્યદેવના મૂખ્ય શિષ્ય પન્યાસ શ્રી લાભવિજયજી મહારાજ તથા પન્યાસજી શ્રી ખાન્તિવિજયજી મહારાજની ઇચ્છા સૂરીશ્વરજીનું સ્મારક રાખવાની થઇ. ભક્તગણ તૈયાર જ હતો. અવસાન

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એ તો અબાધિત નિયમ છે, છતાં મનુષ્યો અવસાન પામેલાંને અમર બનાવવામાં કુશળ છે. મહૂમ આચાર્યશ્રીની મનોહર મૂર્તિ બનાવવામાં આવી અને એ પધરાવવા માટે તૈયાર કરવામાં આવેલા સુશોભિત ગોખમાં એ મૂર્તિને સંવત ૧૯૮૧ ના મહા શુદી ૬ ને શુક્રવારે પ્રતિષ્ઠા પૂર્વક પધરાવવામાં આવી. આ પ્રસંગે પ્રતિષ્ઠા મહોત્સવ કરવામાં આવ્યો હતો અને સમવસરણની રચના પણ કરવામાં આવી હતી. વરઘોડો પણ ઠાઠમાઠ પૂર્વક નીકળ્યો હતો. આ પ્રતિષ્ઠા કરાવ્યા બાદ તેઓશ્રી વિહાર કરી થાણા ગયા, પણ મુંબઈના શ્રી સંઘના અતિ આગ્રહથી તેઓશ્રીનું બીજું એટલે કે ત્રેવીસમું ચાતુર્માસ પણ મુંબઇ ખાતે નક્કી થયું.

પન્યાસજી શ્રીમદ્ ખાન્તિવિજયજીએ સંવત્ ૧૯૮૧ માં ફરીને મુંબાઇમાં ચાતુર્માસ કર્યું તથા પોતાની પ્રતિભાસંપન્ન દેશનામાં શ્રી ભગવતી સૂત્ર તથા કુમારપાળ ચરિત્ર વાંચવું શરૂ કર્યું. બીજા ચાતુર્માસમાં પણ પન્યાસજી શ્રી લાભવિજયજી મહારાજ સાથે જ હતા. ડૉકટરી ચર્ચા કે જેના નિમિત્તે આખીયે જૈન આલમમાં પન્યાસજી સુપ્રસિદ્ધ થયા છે તે આ ચાતુર્માસમાં ઉપડી હતી.

મુંબઇના કહેવાતા સુધારક વર્ગના જૈનો ઘણી વખત મહારાજશ્રી પાસે આવતા હતા, ત્યારે મહાવીર જૈન વિદ્યાલય જોવાને તથા યોગ્ય સૂચના કરવાને કહેતા હતા. એવો પણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રસંગ આવવા લાગ્યો કે જેમાંથી આ ચર્ચાનો જન્મ થયો. સંવત્ ૧૯૮૧ના અષાઢ શુદી ૧૧ ના દિવસે ચોમાંસી મુહુપત્તિ પડિલેહવા પોતે વાલકેશ્વર ગયા હતા. ત્યાંથી પાછા ફરતાં માર્ગમાં વરસાદ નડયો એટલે તેઓને થોભાવવાની ફરજ પડી. જૈન મુનિઓ વરસાદમાં વિચરી શકતા નથી. વરસાદને લીધે તેઓશ્રી એક દુકાનમાં ઉભા રહેવા જતા હતા, ત્યારે સાથેના શ્રાવકે ત્યાં જ આવેલા મહાવીર વિદ્યાલયમાં પધારવા કહ્યું. પોતાને વારંવાર જે માટે વિનવવામાં આવતું હતું, તે તકને તેઓએ હાથ ધરી અને એ શ્રાવક સાથે તેઓશ્રી ત્યાં ગયા. ત્યાંના દેરાસરજીના દર્શન કર્યા અને પછી વિદ્યાલયમાં તપાસ કરતાં એમણે ત્યાંના વિદ્યાર્થીઓને શ્રી આગમગ્રંથોને પણ જોડા પહેરીને વાંચતાં જોયા. આ સંબંધમાં ત્યાં જ સૂચના કરવાની એમની ઇચ્છા હતી. પણ કોઈ આધકારી ન હોવાથી તેઓ તેમ કરી શકયા નહિ. અને વરસાદ બંધ થતાં તેઓ પાછા ગોડીજીના ઉપાશ્રયે પધાર્યા. મહાવીર જૈન વિદ્યાલયના વિદ્યાર્થીઓ શ્રી આગમનાં ગ્રંથોને જોડા પહેરીને વાંચે એ વાત શ્રી મહાવીરદેવના સાધુને જેવી તેવી ખટકે? નહિ જ. થોડા દિવસ બાદ મહાવીર વિદ્યાલયના સેક્રેટરી મી. મોતીચંદ ગીરધર કાપડીયા મહારાજશ્રી પાસે આવ્યા અને વાતવાતમાં એમણે મહારાજશ્રીને વિદ્યાલય તપાસવાની વિનંતિ કરી. પૂજ્ય પન્યાસજીને હવે તક મળી. પોતે ત્યાં વરસાદના કારણે અનાયાસ જઈ ચઢયા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હતા અને જે જોયું હતું તે કહ્યું તથા યોગ્ય સૂચના કરી. બસ ! અહીંથી જ બધી રામાયણ શરૂ થઇ. શ્રી આગમના પુસ્તકો ઉપાનહ પહેરી ન વંચાય, એ સૂચના સામે જંગ મંડાયો. આ જમાનામાં આવી હમ્બગ વાતો ન ચાલે, આવો ઉલટો પડકાર પન્યાસજી પ્રતિ કરવામાં આવ્યો. આ વાત વધી અને ડૉકટરી લાઇનમાં દેડકાંની હિંસા કરવી પડે છે એ વાતનો પડદો પણ પછી ચરરર ચરરર ચીરાણો. મહાવીર વિદ્યાલયમાં ડૉકટરી લાઇનને પણ સ્થાન છે, કે જે ભણનારને દેડકાંની હિંસા અવશ્યમેવ કરવી પડે છે. આ વાત જાણીને પન્યાસજી મહારાજને તો ભારે ખેદ થયો. વિદ્યાલયનું નામ '**મહાવીર વિદ્યાલય,**' ભગવાન્ શ્રી મહાવીરદેવની સર્વોત્કૃષ્ટ અહિંસા ધર્મના અનુયાયીઓએ ધર્મબુદ્ધિથી આપેલા પૈસાથી ચાલતું આ વિદ્યાલય અને તેમાંના વિદ્યાર્થીઓ જે લાઇનમાં દેડકાંની હિંસા ફરજીયાત કરવી પડે તે શીખે તથા શ્રી આગમગ્રંથોની આશાતના કરે, એ જાણીને કોને ખેદ ન થાય ? આવી હિંસા કરવી તે અધર્મ છે એમ પૂજ્ય પન્યાસજીએ તો સ્પષ્ટતયા દર્શાવ્યું, જ્યારે મી. મોતીચંદે લાભાલાભની દૃષ્ટિએ એ હિંસાને ધર્મસંમત જણાવી. હિંસા તે કદી ધર્મસંમત હોય ખરી ? રત્ન તે રત્નજ અને કાચ તે કાચજ. એ રીતે અહિંસા એજ ધર્મ અને હિંસા તો પાપજ. અહિંથી વાત વધી અને વાતનું વતેસર તથા કાંટાનું કટેસર થયું, રજનું ગજ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થયું. આ ચર્ચા વધી. વ્યાખ્યાનમાં કંઈક પ્રસંગ મળતાં પૂજ્ય પન્યાસજીએ એ વાત ચર્ચી, એ ઉપરથી મી. મોતીચંદના રાગી અથવા પન્યાસજીના દ્વેષી એક ભાઈ ચમકી ઉઠયા. એમણે તા. ૯–૮–૨૬ ના 'જૈન' પત્રમાં (જે પત્રને જૈનો એના વાસ્તવિક સ્વરૂપમાં બરાબર પિછાણે છે.) 'ખુલાસો કરશે કે?'–એ મથાળાથી વીરપુત્રની સંજ્ઞાથી ચર્ચાપત્ર પ્રગટ કરાવ્યું અને તેમાં ડૉકટરી વાતને આગળ ધરી. આ કારણે પન્યાસજીને પણ આમાં ઉંડે ઉતરવું પડયું. સત્ય વસ્તુસ્થિતિથી અજ્ઞાત વર્ગ ઉન્માર્ગે દોરવાઇ ન જાય માટે મી. મોતીચંદની તથા પોતાની વચ્ચે થએલો સંવાદ એમણે પ્રગટ કરાવ્યો, જે પ્રગટ થતાંજ ચર્ચા ગંભીર બની. પરિણામે પ્રપંચી વર્ગે પન્યાસજી ઉપર અનેક અસત્ય આરોપો મૂકયા પણ અસત્યનું આયુષ્ય કેટલું ? એમની ભેદી યોજનાઓના ભાંગીને ભૂક્કા થઇ ગયા.

સાધુ–સંસ્થાને નાબુદ કરવાની બદદાનતવાળો સુધારક કહેવાતો ધર્મવિરોધી વર્ગ ધાંધલ કરવામાં, ષડ્યંત્રો રચવામાં, પડદાબીબી બનીને ગલીચ સાહિત્ય પ્રચરાવવામાં પાવરધો છે. એ વર્ગે આ ચર્ચાને છાપે ચઢાવી અને પન્યાસજી તથા અમુક મુનિઓ મહાવીર વિદ્યાલયને તોડી પાડવા માગે છે એમ એ વર્ગે બહારની જનતાને ઠસાવવા પ્રયત્ન કર્યો. શરૂઆતમાં તો એ વર્ગે જણાવ્યું કે–ડૉકટરી લાઈનમાં



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હિંસા થતીજ નથી, પણ શાસનપ્રેમી વર્ગ પણ કાંઇ આવી વાત જાણ્યા પછી તપાસ કર્યા વિના રહે ? પાછળથી એ વર્ગે જણાવ્યું કે-હિંસા કાંઈ ફરજીયાત કરવી પડતી નથી, પણ દીવા જેવી વાત ઢાંકી રહે ? હિંસા હોય તે જાય ક્યાં ? એક વખત વ્યાખ્યાનસભામાં તે માટે તપાસ કમીટી નીમાઇ. એ કમીટીની તપાસમાં પણ જે હતો તેજ નિર્ણય થયો. ત્યારે હવે થાય શું ? મીયાં પડ્યા પણ ટાંગ ઉંચી રાખવીજ જોઇએને ! એટલે પાછી લાભાલાભની દૃષ્ટિની વાત આગળ આવી, કે જે વાત મી. મોતીચંદે પહેલાં પન્યાસજી સાથે કરી હતી. આગળ વધીને એ ભયંકર હિંસાને સ્વરૂપ-હિંસા કહેવામાં આવી. આવી ઘોર હિંસામાં પણ એ સુધારકો પરમાર્થ મનાવવા લાગ્યા પણ એથી કાંઇ આ મહર્ષિ પોતાના સિદ્ધાંતથી ડગે તેમ નહોતા. ધર્મીઓના પૈસે ચાલતા વિદ્યાલયમાં પંચેદ્રિય પ્રાણીની કતલવાળી લાઇનનાં શિક્ષણ અપાય, તેમાં વળી પરમાર્થ મનાવાય, તેવે પ્રસંગે આ મહર્ષિ મૌન સેવે શી રીતે ? આ કાંઈ જમાનાના સાધુ નહોતા, યશના, કીર્તિના કે રોટલાના રસીયા નહોતા, પણ ભગવાન્ મહાવીરદેવના શાસનના તીવ્ર ધગશવાળા પરમ સામર્થ્યવાન સુભટ હતા. આ પ્રસંગે એમને તો વસ્તુ સ્વરૂપને પ્રગટ કરવાની ફરજ આવી પડે છે અને નિડરપણે એ ફરજ આ મહર્ષિ બજાવે છે. પોતાના વ્યાખ્યાનમાં રોજ હિંસા, અહિંસા, સ્વરૂપ-હિંસાનું સ્વરૂપ સ્પષ્ટતયા સમજાવી જનતાને પૂજ્યશ્રીએ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જાગૃત કરી. ધર્મરસિક શ્રાદ્ધવર્યો પાસેથી ઉઘરાવાયેલા દ્રવ્યનો આ સુધારકો કેવો દુરૂપયોગ કરે છે, કેવો ભયંકર વિશ્વાસ-ઘાત કરે છે, એ હવે સુજ્ઞ સમાજ સમજી ગયો અને પૈસા આપનારને અંધશ્રદ્ધાળુ વિગેરે વિશેષણોથી નવાજનાર સુધારકોને બરાબર પિછાણી ગયો. આથી સુધારક વર્ગે પોતાની ખાસીયત મુજબ પન્યાસજીને પજવવાના પિશાચી પ્રયત્નો પ્રારંભ્યા, એમને ગાલિપ્રદાનથી નવાજ્યા, કૂડાં કલંકો મૂકનારા હૅન્ડબીલ કાઢ્યા પણ **'न्याय्यात् पथः प्रविचलन्ति पदं न धीराः'** —એ રીતે આ મહર્ષિ એકદમ પણ પાછા ન ખસ્યા. મહા-વીર વિદ્યાલયમાંથી હિંસાવાળી લાઇન બંધ કરાવવાના તમામ પ્રયત્નો કરવા એ તેમને પરમ કર્ત્તવ્ય લાગ્યું. એવા પ્રયત્નો કરવા એ દરેક જૈન માત્રનું કર્ત્તવ્ય છે એમ તેઓ બાપો-કાર કહેવા લાગ્યા. પૂજ્ય પન્યાસજીએ તે વખતે અન્ય આચાર્યો તથા મુનિવરોના આ માટે અભિપ્રાયો મંગાવ્યા હતા. એ તમામ અભિપ્રાયો બીજા શા હોય ? હિંસાને તે વળી કયો નિર્ભાગી ધર્મ કહે ? એક સમર્થ જૈનાચાર્યનો તો ત્યાં સુધી સ્પષ્ટ અભિપ્રાય આવ્યો હતો કે—**'जिधर पंचेंद्रिय प्राणोकी कतल चल रही हो उसकुं कतल-खाना न कहे तो ओर क्या कहे ?'**

પન્યાસજીએ જ્યારે મુંબઇથી વિહાર કર્યો હતો, ત્યારે ભાયખલામાં એમણે બધા અભિપ્રાયો વાંચી સંભળાવ્યા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હતા, જેમાંનો આ એક અભિપ્રાય છે, જે આ લેખકે સાંભળીને યાદ રાખેલ છે. 'સુધારકોની સખત સતામણી વચ્ચે પણ આ નિડર મહર્ષિ એકજ પ્રરૂપણા કરતા હતા અને જનતાને પોતાની ફરજનું નિત્ય ભાન કરાવતા હતા. તેઓ પોતાના કર્ત્તવ્યપંથમાં સદા અડગજ હતા. એ શાસનસુભટે શાસન પ્રત્યેના આક્રમણકારોના પોતા પ્રતિ નિંદ્ય હુમલાઓ વચ્ચે પણ સિદ્ધાંતરક્ષાની અદ્વિતીય સેવા બજાવી છે. જેઓએ પોતાના જીવનને સનાતન સત્યની સેવામાંજ સમર્પ્યું હોય તેઓને ડર કોનો ?' તેઓશ્રીના મુંબઇના ચાતુર્માસ દરમ્યાન પંજાબથી લાલા ગંગારામજી તથા બાબુ ગોપીચંદજી વકીલ ગુરૂકુલની મદદ માટે આવ્યા હતા, જેમને તેઓશ્રીએ મુંબાઈથી વીસ હજાર રૂપીયા અપાવ્યા હતા. આથી જનતા સમજી શકશે કે–પન્યાસજીનો વિદ્યાલયને તોડી પાડવાનો વિચાર હતો એવો સુધારકોનો આક્ષેપ ખોટો છે. બાકી હિંસા-સ્થાનને કે કતલખાનાને બંધ કરવાનો વિચાર તો દુનિયાની દરેક સામાન્ય દયા ધરાવતી વ્યક્તિને પણ થાય, તો પછી જૈન મુનિને થાય એમાં નવાઈ શી ? મુંબઇના ચાતુર્માસ દરમ્યાન એક બીજું પણ અતિ મહત્વનું કાર્ય તેઓએ કર્યું છે. એ વખતે પંજાબના સુધારક જૈનોએ વિધવા–વિવાહના પ્રશ્નને ઉપાડયો હતો. પંજાબની આત્માનંદ જૈન મહાસભા-એ તેમની પાસે વિધવા–વિવાહ નિષેધ પરત્વે શાસ્ત્રીય પ્રમાણો માગ્યા હતા અને સાથેજ જણાવ્યું હતું કે–પંજા-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બમાં વિચરતા કોઇ પણ સાધુ તેવા સબળ પ્રમાણ આપી શકેલ નથી. પન્યાસજીએ વિધવા–વિવાહ નિષેધક સચોટ શાસ્ત્રીય પ્રમાણો લખી મોકલ્યાં હતાં, જેના પરિણામે પંજાબમાં તે વખતે એ પ્રશ્ન હવામાં ઉડી ગયો હતો. આ ચાતુર્માસમાં તેઓશ્રીએ શ્રી વૃદ્ધિચંદજીના જીવન ચરિત્રનું સંશોધન કરી પ્રસિદ્ધ કરાવ્યું, તેમજ બાવીસગોઠીલ પુરૂષોકાખ્યાન, જયસિંહસૂરિ વિરચિત કુમારપાળ ભૂપાળ ચરિત્ર મહાકાવ્ય–એ ગ્રંથો પ્રસિદ્ધ કરાવ્યા. એ ગ્રંથનું પદ્યબંધ સંશોધન કરી એની વિદ્વતાપૂર્ણ પ્રસ્તાવના લખનાર તેઓશ્રી હતા.

આ રીતે મુંબઇમાં તેઓશ્રીએ બે ચાતુર્માસ કર્યાં. બીજા ચાતુર્માસમાં એમને સતાવવામાં સુધારકોએ કમીન નથી રાખી, પણ છતાં આ નિડર મહર્ષિ સિદ્ધાંતરક્ષામા અડગ્ રહીને વિજયીજ નિવડ્યા અને પાપીઓ પરાજય પામ્યા. 'સાચને કદી આંચ આવતી નથી. ચિત્રકાર કવિ ફૂલચંદ કહે છે કે—

" સાચને આંચ ન લેશ કદીએ, જુઠ્ઠા જન જખમારશે–
જખમારશે.

ધર્મી જનને કષ્ટ કસોટી, અંતે જુઠ્ઠા હારશે.
જખમારશે–જખમારશે–જુઠ્ઠા જન જખમારશે."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ રીતે તેઓશ્રીનાં મુંબઈના બેય ચાતુર્માસ પૂરાં થાય છે. તેઓશ્રીએ જ્યારે વિહાર કર્યો ત્યારે ભક્તગણને થતી વેદના પ્રત્યક્ષ દેખાતી હતી. ભાયખલે પણ તેઓશ્રીએ સ્પષ્ટ જણાવ્યું હતું કે–મહાવીર વિદ્યાલયમાંની દેડકાંની હિંસા-એ અધર્મ છે અને એને બંધ કરાવવી એ દરેકની ફરજ છે. એ વિદ્યાલયમાં થતી હિંસાને અંગે આવેલા આચાર્યો તથા મુનિવરોના અભિપ્રાયો વાંચી સંભળાવ્યા હતા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૧૦ મું.

## પન્યાસજી શ્રીમદ્ ખાન્તિવિજયજીના મુંબઇથી વિહાર કર્યા પછીના ચાતુર્માસોનો અહેવાલ.

***

મુંબઇથી અનુક્રમે ભાયખલા, ચીચપોકલી, માહીમ, દાદર, સાંતાક્રુઝ, અંધેરી અને મલાડ વિગેરે સ્થળે ભવ્યજનોને પ્રતિબોધ કરતા પૂજ્ય પન્યાસજી મહારાજ પોતાનો વિહાર આગળ લંબાવે ગયા. તેઓશ્રી અગાશી બંદરે આવ્યા, ત્યાં મુંબઇનિવાસીઓ વંદનાર્થે આવ્યા, મહોત્સવ તથા સ્વામિવાત્સલ્યાદિક થયા. એ રીતે તેઓશ્રી પોતાના વિહારમાં પણ શાસનની પ્રભાવના કરતા હતા અને ભવ્યાત્માઓને સંયમમાર્ગના સંદેશાઓ સંભળાવતા હતા. સંવત્ ૧૯૮૨ ના ફાગણ વદી પાંચમે સુરતના શ્રીસંઘે તેમને ઘણીજ ધામધૂમથી પ્રવેશ કરાવ્યો. ટીટોઇનિવાસી મુમુક્ષુ ભાઇ ખીમચંદ છગનલાલની થનારી દીક્ષાના કારણે તેઓશ્રીને ત્યાં રોકાવું પડયું, કેમકે–'**परोपकाराय सतां विभूतयः ।**' સંયમરસીયા સાધુજનો સંયમના પ્રચાર માટેજ પૃથ્વી-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તળ પર વિચરે છે. ભાઈ ખીમચંદ છગનલાલ મુંબઈમાં રહેતા હતા. પન્યાસજીના મુંબઈના પ્રથમ ચાતુર્માસમાં એ ભાઈએ સોળ ઉપવાસ કર્યા હતા, જ્યારે બીજા ચાતુર્માસમાં માસક્ષમણ કર્યું હતું. ત્યારબાદ આસો માસમાં પાવાપૂરી, સમેતશીખરજી વિગેરે તીર્થોની, ફરતી નગરીઓની, દિલ્હી, જેસલમેર વિગેરે સ્થળોની યાત્રાથી પોતાના આત્માને નિર્મળ કરી, તીર્થાધિરાજ શ્રી સિદ્ધગિરિજીએ નવાણું યાત્રા કરી, પોતાના કુટુંબની રજા લઈ બીજા ચૈત્ર માસમાં એ ભાઇ પન્યાસજી પાસે પારમેશ્વરી પ્રવ્રજ્યા—શ્રી ભાગવતી દીક્ષા અંગિકાર કરવા સુરત આવ્યા. શ્રી સુરતના સંઘે એમને હાથીના હોદ્દે ચઢાવી તેમનો દીક્ષા મહોત્સવ ભારે ધામધૂમથી કર્યો. પન્યાસજીએ એમને વૈશાખ શુદ ૬ ને મંગળવારે ભારે ધામધૂમથી દીક્ષા આપી અને એમનું નામ મુનિ શ્રી ખીમાવિજયજી રાખ્યું. પન્યાસજી મહારાજના આ ત્રીજા શિષ્ય થયા. સંવત્ ૧૯૮૨ ના જેઠ વદી ૭ ને શુક્રવારે એમને પન્યાસજીએ વડીદીક્ષા પણ ઠાઠમાઠથી આપી હતી. ત્યારબાદ તેઓશ્રી વિહાર કરવાના હતા પણ ત્યાંના આગેવાન શ્રાવકોના અતિ આગ્રહથી તેઓનું ચોવીસમું ચાતુર્માસ સંવત્ ૧૯૮૨ માં સુરતમાંજ થયું. ત્યાં પણ તેઓશ્રીએ શ્રી ભગવતીસૂત્ર વાંચવું શરૂ કર્યું હતું. પાટણના દાનવીર તથા ધર્મવીર શેઠ નગીનદાસ કરમચંદ સંઘવીએ પન્યાસજીને પોતાના સંઘમાં પધારવા ઘણીજ આગ્રહભરી વિનંતિ કરી હતી, જેથી એ સંઘમાં ભેગા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થવાની ઉતાવળથી તેઓશ્રીએ સુરતથી સંવત્ ૧૯૮૩ ના કારતક વદી ૬ ના દિવસે વિહાર કર્યો. કાવી, ગંધાર, દેજ, અમદાવાદ, સેરીસા, વામજ, પાનસર, ભોયણી વિગેરે સ્થળોએ યાત્રા કરી પોષ માસમાં શ્રી શંખેશ્વર તીર્થમાં તેઓશ્રી સંઘના ભેગા થયા આ સંઘમાં ઘણા ભાગે તેઓશ્રી વ્યાખ્યાન આપતા હતા. આ સંઘમાં એકાદ દીક્ષા મહોત્સવ થવોજ જોઇએ એવો આ પુણ્યાત્મા સંઘવીજીનો આગ્રહ હતો. એવા પણ સંયોગની અનુકુળતા આવી મળી અને સંઘવીજીની આશા ફળી. સાયલાનિવાસી દેશાઇ દીપચંદ હેમચંદ, જેઓ આ સંઘમાં સાથે જ હતા અને પગે ચાલીને યાત્રા કરતા, તે તથા તેમની બ્હેન લહેરી બ્હેન–એ બેઉ શ્રી ભાગવતી દીક્ષાના ઉમેદવાર હતા. એ ભાઇ–બ્હેનને રાજકોટમાં ઘણીજ ધામધૂમ પૂર્વક ત્રણસો સાધુ–સાધ્વીઓ અને દસ હજાર માણસોની વિશાળ મેદિની વચ્ચે સંવત્ ૧૯૮૩ ના ચૈત્ર વદી ૬ ને શનિવારે પૂજ્ય પન્યાસપ્રવરશ્રીએ દીક્ષા આપી. જેઓનાં નામ મુનિ શ્રી દીપવિજયજી તથા લબ્ધિશ્રીજી રાખવામાં આવ્યાં. મુનિશ્રી દીપવિજયજી તેમના ચોથા શિષ્ય થયા. અત્રેથી પન્યાસજી મહારાજ વિહાર કરી ગીરનારજી તરફ ગયા. એ તારણહાર તીર્થની યાત્રા કરી વઢવાણ થઇ તેઓશ્રી અમદાવાદ આવતાં વીરમગામમાં વઢવાણ શહેરના શ્રાવકોનો અત્યંત આગ્રહ થવાથી તેઓશ્રી પાછા ફરી વઢવાણ શહેર ગયા. ત્યાં અમદાવાદ–માંડવીની પોળના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રહીશ પોપટલાલ ઝવેરચંદને સંવત્ ૧૯૮૩ ના જેઠ વદી ૯ ને ગુરૂવારે ધામધુમ સાથે દીક્ષા આપી, મુનિ શ્રી પ્રકાશ-વિજયજી નામ રાખી, મુનિ શ્રી પુષ્પવિજયજીના શિષ્ય બનાવવામાં આવ્યા. એમને વડીદીક્ષા સંવત્ ૧૯૮૩ ના અષાઢ શુદી ૧૦ ને શનિવારે આપવામાં આવી. સંવત્ ૧૯૮૩ નું ચોમાસું–પચીસમું ચોમાસું તેઓશ્રીએ વઢવાણ શહેરમાં કર્યું અને ત્યાં પણ તેઓશ્રીએ શ્રી ભગવતી સૂત્ર વાંચ્યું. એમની પાસે એ સૂત્ર સાંભળવાને જનતા ઘણી આતુર હતી. એ ચોમાસામાં પોતાની તબીયત અનુકુળ ન હોવા છતાં સાધુ–સાધ્વીઓને જોગ કરાવ્યા હતા. એ ચોમાસું પૂરૂં થયેથી ત્યાંથી વિહાર કરી સીયાણી ગયા. ત્યાં નાણ માંડી વઢવાણના ગૃહસ્થોને વ્રતો ઉચ્ચરાવ્યાં. ત્યાંથી તેઓશ્રી ઉપરીયાળા તીર્થની યાત્રા કરી, શ્રી સંખેશ્વર તીર્થની યાત્રા કરી ઝીંઝુવાડાના સંઘની વિનંતિથી ત્યાં ગયા. અસ્વસ્થ પ્રકૃતિના કારણ ત્યાં તેઓશ્રીને કેટલોક વખત રોકાવું પડ્યું. તેઓશ્રીના ઉપદેશની ત્યાંના શ્રી સંઘ ઉપર સારી અસર થઈ. એ અસરના પરિણામે ત્યાંના શ્રી સંઘે "શ્રી ઉમેદ–ખાન્તિ જૈન જ્ઞાનમંદિર"ની સ્થાપના કરી. લોકો સારો લાભ લઇ શકે તે માટે પૂજ્ય પન્યાસજીએ સારી સગવડતા કરાવી. વળી એજ નામથી એટલે શ્રી ઉમેદ–ખાન્તિના નામથી ત્યાં બાલમંડળ સ્થાપ્યું અને એજ નામથી ગ્રંથ-માળા શરૂ કરી. જેના આજ પર્યંત પાંચ મણકાઓ બહાર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પડી ચૂકયા છે. આ જીવનચરિત્ર લખવામાં આ લેખકે એજ ગ્રંથમાળાના બીજા મણુકાનો ઉપયોગ કર્યો છે. ત્યાંથી પૂજ્ય પન્યાસજીએ વિહાર કર્યો તો ખરો, પણ શ્રી સંઘના આગ્રહથી તેઓશ્રી ફરી ત્યાં પધાર્યા અને સંવત્ ૧૯૮૪ માં છવીસમું ચોમાસું તેઓશ્રીએ ઝીંઝુવાડામાં કર્યું. ત્યાં પણ વ્યાખ્યાનમાં તેઓશ્રીએ શ્રી ભગવતી સૂત્ર તથા કુમારપાળ ચરિત્ર વાંચ્યા, લોકોને ધર્માનુષ્ઠાનમાં જોડયા અને મુનિવરોને જોગની ક્રિયા કરાવી. આ ચાતુર્માસ બાદ વિહાર કરી રાધનપુરનિવાસી મુંબઇના પ્રસિદ્ધ વેપારી શેઠ જીવતલાલ પ્રતાપસીના અતિ આગ્રહથી તેમના પાલીતાણાના સંઘમાં પધાર્યા. અહીં તેમના ચોથા શિષ્ય મુનિ શ્રી દીપવિજયજી (જેઓએ કચ્છના સંઘમાં રાજકોટ દીક્ષા લીધી હતી.) નિમોનીયાના વ્યાધિથી સંવત્ ૧૯૮૫ ના ફાગણ શુદી ૨ ના દિવસે કાળધર્મ પામ્યા. મુનિ શ્રી પુષ્પવિજયજીને અત્રે નવાણું યાત્રા કરાવી, ખંભાતનિવાસી શેઠ કસ્તુરચંદ અમરચંદનો ચાતુર્માસ માટે એમને ઘણા વખતથી આગ્રહ હતો, તેથી તેઓશ્રી ત્યાંથી ખંભાત તરફ આવવા નીકળ્યા. વિહારમાં વળા મુકામે સાધ્વીજી શ્રી હેતશ્રીજીના આગ્રહથી એમણે એક દીક્ષા આપી અને ત્યાંથી વિહાર કરી વૈશાખ વદી ૧૨ ના દિવસે ખંભાત પધાર્યા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ૧૧ મું.

### ચરિત્રનાયક પૂજ્ય પન્યાસ શ્રીમદ્ ખાન્તિવિજયજીનું છેલ્લું ચાતુર્માસ અને અવસાન.

***

પરમપૂજ્ય પન્યાસજી શ્રીમદ્ ખાંતિવિજયજીના પરમ સામર્થ્યથી ખંભાતનિવાસી ધર્મચુસ્ત શેઠ કસ્તુરચંદ અમરચંદ સારી રીતે પરીચિત હતા અને માટેજ તેઓશ્રી ચાતુર્માસ માટે તેમને વારંવાર વિનંતિ કરતા હતા. શેઠશ્રાને એ કલ્પના સ્વપ્ને પણ કયાંથી હોય કે–એમની વિનંતિના સ્વીકાર કાલમાંજ આ મહાન્ વિભૂતિ સ્વર્ગે સંચરશે ! પરમ શ્રાદ્ધવર્ય કસ્તુરચંદ શેઠની વિનંતિથી પન્યાસજી મહારાજે સંવત્ ૧૯૮૫ માં સત્તાવીસમું અને છેલ્લું ચોમાસું ખંભાતમાં કર્યું. તેઓશ્રી જ્યાં જતા ત્યાંનો શ્રી સંઘ એમની પાસે શ્રી ભગવતીજી સૂત્ર સાંભળવા ઉદ્યુક્ત થતો. વાંચક વિચારી લેકે–શ્રી ભગવતીજી સૂત્ર વાંચવાની તથા સમજાવવાની એમની શક્તિ કેટલી અગાધ હશે ! ત્યાં પણ તેઓશ્રીએ શ્રી ભગવતીજી સૂત્રની વાંચના શરૂ કરી. મુંબઇથી નીકળ્યા પછી પણ શાસન પ્રત્યેના દિન પ્રતિદિન થતા જતા વધુ આક્રમણો પ્રત્યે તેઓએ જરા પણ દુર્લક્ષ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કર્યું નથી. શાસનની ધગશ માટે તેઓ એવા ઉત્કટ હતા કે લોકો તેમને નાના સાગરજી કહેતા હતા. જ્યાં જ્યાં તેઓશ્રી ગયા છે, ત્યાં ત્યાં આક્રમણકારોને યથાર્થ સ્વરૂપમાં ઓળખાવતાજ રહ્યા છે, દંભીઓના દંભના ભેદી પડદાને ચીરતાજ રહ્યા છે. મહાવીર વિદ્યાલયમાં થતી દેડકાંની હિંસા અટકાવવાને તો એમને તીવ્ર તાલાવેલી લાગી હતી. સુધારકો પણ એમને પિછાણી ગયા હતા અને તેથીજ કાંઇ ન ચાલવાથી આખરે તેમને દેડકાચાર્ય કહેતા હતા. પ્રાણીમાત્રના સંરક્ષણની ભાવનાવાળા પન્યાસજીને એ ઉપનામમાં વાંધો હતોજ ક્યાં ? પણ સુધારકો તો આ રીતે પોતાના હૃદયની તુચ્છતા પોષવાની નફ્ટાઇ સેવતા હતા. દુર્ભાગ્યના ઉદયે દેડકાંની હિંસામાં પણ ધર્મ–પરમાર્થ મનાવવાની હદે પહોંચેલા સુધારકોમાં એ નફ્ટાઇ સહજ છે. મહાવીર વિદ્યાલયમાં થતી દેડકાંની હિંસા અટકાવવાને તેઓશ્રીએ તે વખતે મુંબઈમાં વિરાજમાન શાસનમાન્ય વયોવૃદ્ધ આચાર્યદેવ શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજીને અને શ્રી વલ્લભસૂરિજીને પણ સૂચના કરી હતી. ધર્મી જૈનોના પૈસાથી ચાલતા વિદ્યાલયમાં પંચેન્દ્રિય પ્રાણીની કતલ ચાલુ રહે, એ વાત એમને જીવનપર્યંત ખટકી અને દરેકને ખટકેજ. હિંસા કોને ન ખટકે ? જૈન કુળથી પેદા થયેલાને હિંસા ન ખટકે ? સંવત્ ૧૯૮૫ના શ્રાવણ માસમાં બહાર પડેલા જૈન સોસાયટી અંકમાં પણ તેઓશ્રીએ શાસનરસિક યુવકોને પોતાના કર્તવ્યનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સંદેશ પાઠવ્યો હતો. ત્યાં આચાર્યદેવ શ્રીમદ્ વિજયવીરસૂરીશ્વરજીની તેઓએ સ્વર્ગારોહણ તીથિ ઉજવી. તે પ્રસંગે પણ એમણે શાસનની ચાલુ પરિસ્થતિનું વર્ણન કરી શાસન સેવાની અચૂક દિશાઓ બતાવી હતી. આ વખતે જામનગરમાં આગમોદ્ધારક આચાર્યદેવ શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજી વિરાજમાન હતા. ત્યાં ઉનાવાવાળા મુળચંદભાઇ (હાલ દીક્ષિત છે.) તથા તેમના પત્નિ પોતાના પુત્રને ભાગવતી દીક્ષા માટે સૂરિચરણે—સંઘ ચરણે ભેટ કરવા ગયા હતા. એ વખતે કેટલાક જૈન કહેવાતા પણ જૈનત્વ વિહીનોએ જે અધમ આચરણા કરી હતી તેની સામે પણ પૂજ્ય પન્યાસજીએ સખ્ત પ્રતિકાર કર્યો હતો, વિરોધ જાહેર કર્યો હતો અને યોગ્ય ઠરાવો કરાવ્યા હતા. દુર્જનોથી પીડાતા છતાંએ સજ્જનો સદૈવ સુવર્ણની જેમ પ્રકાશમાનજ હોય છે. અહીં પણ આપણા ચરિત્રનાયક દીવ્ય મૂર્તિ બાલબ્રહ્મચારી પરમપૂજ્ય પન્યાસજીને સતાવવામાં, પેલા દેવ, ગુરૂ અને ધર્મને હમ્બગ માનનારાઓએ બાકી રાખી નથી, પણ નાના સાગરજી એવા ઉપનામથી ઓળખાતા આ અડગ શાસન શુભટોએ એ બધા વિઘ્નોને પરાસ્ત કરી, જીવનની છેલ્લી પળ પર્યંત સિદ્ધાંતની રક્ષા કરી, શાસનની વિજયપતાકા ફરકાવી શાસનનો વિજયડંકો વગાડયો છે. ખંભાતમાં તેઓએ ધી યંગ મેન્સ જૈન. સોસાયટીની શાખા પણ ખોલાવી હતી.

વ્હાલા વાંચક ! હવે લખતાં હાથ ધ્રૂજે છે, કલમ કંપે છે પણ નિરૂપાય. ફરીને તે વાકય યાદ કરાવવામાં આવે છે કે–ઉત્તમ પુરૂષોનાં જીવન ને મરણ પણ સદ્બોધ દે. આ મહર્ષિ આ રીતે અડગપણે શાસનની અપ્રતિમ સેવા બજાવતા હતા પણ વિધિના રંગઢંગ કાંઇ ન્યારા જ હતા. આપણા ચરિત્રનાયક બાલબ્રહ્મચારી પરમપૂજ્ય પન્યાસજી શ્રીમદ્ ખાન્તિવિજયજી મહારાજ–એ ભડવીર મહાત્મા સત્તાવીસ વર્ષ દીક્ષા પર્યાય પાળી, પોતાની પીસ્તાલીસ વર્ષની વયે સંવત્ ૧૯૮૫ ના શ્રાવણ શુદી અગીયારસની કારમી રાત્રીએ ઉભા ઉભા પ્રતિક્રમણ કર્યા બાદ પોતે સંથારાપોરસી ભણાવી આરામ લીધો. તે વખતે વૈયાવચ્ચ ને ધર્મલાભ આપ્યા બાદ આશરે પોણાનવ વાગતાં હૃદય બંધ પડવાથી સમાધિપૂર્વક દેહત્યાગ કરી સ્વર્ગગમન કરે છે. સર્વત્યાગી મહાત્મા છેલ્લે દેહનો પણ ત્યાગ કરે ત્યારે સ્વર્ગે જ જાય. મહાન્ પુરૂષોનાં મરણ પણ ઉત્સવ મનાય છે, માટે તો શ્રી તીર્થંકરદેવના અવસાનને કલ્યાણક મનાય છે પણ તેથી શું ? જેને એવી વિભૂતિઓની પરમ આવશ્યક્તા છે તેને ખેદ થયા વિના રહે ? નહિજ.

શ્રી જિનશાસનનો ઝળકતો કોહિનુર ખર્યો, પોતાની જીવનલીલા સંકેલી એ દીવ્યાત્મા સ્વર્ગે સંચર્યો. શાસનને કાજે ઝઝૂમનારા મહાત્માઓમાંના આ પણ એક નિખાલસ હૃદયના અડગ મહાત્મા હતા, શાસનના સ્તંભ હતા. શ્રીમદ્

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સાગરાનંદસૂરીશ્વરજીને એમના માટે બહુમાન હતું. જીવનભર તેઓએ અપ્રમત સંયમ પાળ્યું છે અને તપમાં જ રમતા રહ્યા છે. જે દિવસે કાળધર્મ પામ્યા તે દિવસે પણ વર્ધમાન તપની એકવીસમી ઓળી કર્યા બાદ સાતમું એકાસણું હતું. કશા પણ વ્યાધિ વિના આ મહર્ષિના અવસાનની ખબર પ્રથમ તો કોઇએ માની જ નહિ પણ ખરેખર એ અવસાન જ હતું. ખંભાતના શ્રી જૈન સંઘે આ મહાત્માની દિવ્ય મનોહર નવ શિખરની ભવ્ય મનોહર શિબિકા બનાવીને સ્મશાનયાત્રા પૂર ઠાઠમાઠથી કાઢી હતી. ત્યારબાદ રાત્રે દીલગીરીની સભા ભરવાંમાં આવી હતી. તેઓશ્રીનો ઑઇલ પેઈન્ટીંગ ફોટો પધરાવવો, તેમની મૂર્તિ કરાવી પધરાવી (તે મૂર્તિ બજારના ચિંતામણીના દેરાસરમાં પધરાવવામાં આવી છે.), દર વર્ષે પૂજા ભણાવવી તથા દર વર્ષે આંગી બનાવવા માટે રૂ. ૨૦૦) વ્યાજે મૂકયા તથા રૂ. ૧૦૦) ના વ્યાજમાંથી ખોડા ઢોરને પાંજરાપોળમાં ઘાસ નંખાવવું—એવી રીતે સભામાં ઠરાવ કરી સભા વિસર્જન થઇ હતી.

વ્હાલા વાંચક! એ મહર્ષિ તો ગયા, સ્વર્ગે સંચર્યા પણ આપણી ફરજ શી? તેઓશ્રીના હૃદયની ઉમેદ બર લાવવાની: તેઓશ્રીના સંદેશાનો અમલ કરવાની: અને તોજ આપણે તેઓશ્રી પ્રત્યેની ભક્તિ સાચવી શકીએ. સૃષ્ટિના શ્રૃંગાર સમા આવા મહર્ષિઓને ભૂરિ ભૂરિ વંદના હો!

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

## ઉપસંહાર.

આવા મહર્ષિના જીવનચરિત્રને યથાર્થ રીતે આલેખવું એ મારા જેવા માટે સામર્થ્ય બહારની વાત છે, પણ જ્યારે મુનિ શ્રી ખીમાવિજયજી મહારાજશ્રીએ મને ફરમાવ્યું ત્યારે ભક્તિવશાત્ મેં તે સ્વીકાર્યું અને યથામતિ આ પ્રયત્ન કર્યો. વાંચકવૃંદ ત્રૂટી માટે ક્ષમા કરશે એજ પ્રાર્થના !

આ ચરિત્ર લખવામાં મેં શ્રી ઉમેદ–ખાન્તિ જૈન ગ્રંથમાળા–બીજા મણકાનો ઉપયોગ કર્યો છે. તેમાં ત્રણ ગ્રંથો છે. પન્યાસજી શ્રી ઉમેદવિજયજી ગણિનું જીવનચરિત્ર છે. એના લેખક પોપટલાલ પુંજાભાઈ પરીખ છે. પન્યાસજી શ્રીમદ્ ખાન્તિવિજયજી મહારાજના ચોમાસાઓની યાદીના લેખક મુનિ શ્રી ખીમાવિજયજી મહારાજ છે તથા શ્રી ઉમેદ-ખાન્તિ રાસના લેખક પ્રજ્ઞાચક્ષુ માસ્તર સુખલાલ રવજીભાઇ છે. એ તમામનો અત્રે આભાર માનવામાં આવે છે. રા. રા. શ્રીકાન્તે લખેલ શ્રા વીરજીવનનો તથા આ મહર્ષિ માટે થોડું ઘણું ભાઇ શ્રી મધુકાન્તે લખેલ લખાણનો પણ આધાર લીધો છે, માટે તેમનો પણ આભાર માનવામાં આવે છે.

પૂજ્ય પન્યાસજી મહારાજશ્રીના શિષ્ય શ્રા પુષ્પવિજયજી ગણિ તથા શ્રી ખીમાવિજયજી મહારાજ વિગેરે હાલ પણ પૃથ્વીતળ પર વિચરી ભવ્યજીવોને ઉપકાર કરી રહ્યા છે.

છેવટે ભૂલચૂક માટે ક્ષમા યાચી આ મહર્ષિને વંદનપૂર્વક વિરમું છું.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પૂજ્ય પન્યાસજી શ્રીમદ્ ખાંતિવિજયજી મહારાજ કાળધર્મ પામ્યા ત્યારે આવેલ દીલગીરીના તારો, કાગળો તથા થએલ ધાર્મિક કાર્યોની યાદી.

## તારો.

**મુંબાઇ**–(૧) દામોદર મોહનલાલ તથા છોટાલાલ કોદરલાલ, (૨) ધી યંગ મેન્સ જૈન સોસાયટી, (૩) ભોગીલાલ ચુનીલાલ પારેખ તથા (૪) ઝવેરી નવલચંદ ખીમચંદ તરફથી.

**વઢવાણ**–(૧) શ્રી જૈન સંઘ, (૨) શા. જીવણલાલ અબજી-ભાઇ તથા (૩) શા. જાદવરાય શીવલાલ તરફથી.

**સુરત**–ઝવેરી નવલચંદ ખીમચંદ તરફથી રીપ્લાઈ તાર આવે છે.

**અમદાવાદ**–શેઠ સારાભાઈ હઠીસંગ તારથી પૂછાવે છે કે–અવસાનની વાત સાચી કે ખોટી ?

**કુંડલા**–આચાર્ય શ્રી વિજયલબ્ધિસૂરિજી તરફથી.

**જામનગર**–આચાર્ય શ્રી સાગરાનંદસૂરિજી તરફથી.

**મહુવા**–આચાર્ય શ્રી વિજયનેમીસૂરિજી તરફથી.

**છાણી**–આચાર્ય શ્રી વિજયમોહનસૂરિજી તરફથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાલીતાણા-પં. શ્રી ધર્મવિજયજી તથા જયવિજયજી તરફથી.

પાટડી-શ્રી જૈન સંઘ તરફથી.

રાધનપૂર-શ્રી જૈન સંઘ તરફથી.

## કાગળો.

જામનગર-આચાર્ય શ્રી સાગરાનંદસૂરીશ્વરજી તથા મુનિ શ્રી પ્રકાશકવિજયજી તરફથી.

મુંબઈ-આચાર્ય શ્રી વિજયદાનસૂરિજી તરફથી.

અમદાવાદ-આચાર્ય શ્રી વિજયસિદ્ધિસૂરિજી તરફથી.

સાવરકુંડલા-આચાર્ય શ્રી વિજયલબ્ધિસૂરિજી તરફથી.

મહુવા-આચાર્ય શ્રી વિજયઉદયસૂરિજી તરફથા.

અમદાવાદ-આચાર્ય શ્રી વિજયનીતિસૂરિજી તરફથી.

છાણી-આચાર્ય શ્રી વિજયમોહનસૂરિજી તરફથી.

વાવ-પં. શ્રી લાભવિજયજી તરફથી.

પાલીતાણા-પં. શ્રી ધર્મવિજયજી, પં. શ્રી મોતીવિજયજી તથા મુનિ શ્રી જયવિજયજી તરફથી.

અમદાવાદ-સમીવાળા પન્યાસ શ્રી ભક્તિવિજયજી તરફથી.

વળા-રાધનપૂરવાળા પં. શ્રી ભક્તિવિજયજી તરફથી.

સમી-સાધ્વીજી શ્રી કમલશ્રીજી તથા વિમલશ્રીજી તરફથી.

બલુંટ ( મારવાડ )-સાધ્વીજી શ્રી જયંતશ્રીજી તરફથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**પાલીતાણા**-સાધ્વીજી શ્રી આણંદશ્રીજી તરફથી.

**અમદાવાદ**-સાધ્વીજી તારાશ્રીજી, જેકોરશ્રીજી તથા ખાંતિશ્રીજી તરફથી.

**જામનગર**-સાધ્વીજી શ્રી હેતશ્રીજી તરફથી.

## શ્રાવકોના કાગળો તથા ધર્મકાર્યોની યાદી.

**સમી**-શ્રી સંઘ તરફથી પાખી પળાવી તથા પૂજા ભણાવી.

**વાવ**-પં. શ્રી લાભવિજયજીના ઉપદેશથી પૂજા ભણાવી તથા પાખી પળાવી હતી.

**અમદાવાદ**-ધી યંગ મેન્સ જૈન સોસાયટીએ દીલગીરીનો ઠરાવ કર્યો હતો.

**અમદાવાદ**-લાલાભાઈની પોળના શા. કેશવલાલ પાનાચંદ, છોટાલાલ બેચરદાસ વિગેરે તરફથી ત્યાં અઠ્ઠાઇ મહોત્સવ શરૂ થયો.

**અમદાવાદ**-શા. હીરાભાઇ કક્કલભાઈ તરફથી તથા સાધ્વીજી શ્રી તારાશ્રીજીના ઉપદેશથી ડાઈની ખડકીએ અઠ્ઠાઈ મહોત્સવ શરૂ થયો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# જુદા જુદા સ્થળોએથી આવેલ પત્રો.

મુંબઈ—૧ શા. ચુનીલાલ કલ્યાણજી, ૨ પારેખ ભોગીલાલ ચુનીલાલ, ૩. મનસુખલાલ દલીચંદ, ૪. ઝવેરી મોતીચંદ જેચંદ દયાચંદ, ૫. શેઠ સેવંતીલાલ નગીનદાસ કરમચંદ, ૬. ગાંધી ભાયચંદ મોતીચંદ, ૭. ઝવેરી પાનાચંદ રૂપચંદ તથા લક્ષ્મીચંદ નગીનચંદ વિગેરે, ૮. ઝવેરી નાનુભાઇ નગીનચંદ, ૯. શા. હીરાલાલ લલ્લુભાઇ પટણી, તેમના કાગળમાં હતું કે–દેવવંદન થયું હતું, ઝવેરી બજારની દુકાનો બંધ થઇ હતી, ઝવેરાતનો કાંટો બંધ કરવામાં આવ્યો હતો. જીવદયાની ટીપ તથા ઓચ્છવની ટીપ શરૂ થઈ છે, શ્રી વિજયદાનસૂરિજીના પ્રમુખપણામાં દીલગીરીના ઠરાવની એક સભા કરવામાં આવી હતી તેમજ તેમનો ઑઇલ પેઇટીંગ ફોટો લાલબાગમાં પધરાવવામાં આવશે. ૧૦. શેઠ અમરચંદ બેચરદાસનો સંસારની અસારતા ઉપર ‘ અતુલી બળ સૂરવર જિનવર જીસ્ય, ચક્રી હરી બલ જોડ, ન રહ્યા એણે જગ કાંઈ, થીર થઈ સૂરપતિ ભૂપતિ કોડ.’–આ પ્રકારના ઉપદેશનો કાગળ હતો. ૧૧. ખંભાતના મનસુખલાલ બાપુલાલ, ૧૨. ઝવેરી બાલુભાઇ મોતીચંદ વિગેરેના ઘણા પત્રો હતા. આ. શ્રી વિજયદાનસૂરિજી મહારાજના ઉપદેશથી અઠ્ઠાઈ મહોત્સવ, શાન્તિસ્નાત્ર કરવામાં આવ્યું હતું અને ફોટો પધરાવવામાં આવ્યો હતો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**સુરત**–૧. ફુલચંદ સોમચંદ, ૨. ઝવેરી સવાઇભાઇ સૂરચંદ, ૩. શ્રી જૈન વિદ્યાર્થી આશ્રમ–ગૃહપતિ પોપટલાલ પુંજાભાઈ, ૪. સુરત–નેમુભાઈની વાડીના કાર્યવાહકો તરફથી, શેઠ નવલચંદ ખીમચંદ, સવાઈભાઈ, મોતીભાઇ ગુલાબચંદ તથા ખીમચંદ કલ્યાણજી વિગેરેએ મુનિ શ્રી ઋદ્ધિવિજયજી મહારાજ સાથે દેવવંદન કર્યું છે. ૫. કેશરીચંદ ખીમચંદ. સુરતમાં દેવવંદન તથા અઠ્ઠાઈ મહોત્સવ થયો હતો. દર સાલ તે તીથિએ પૂજા ભણાવવાનો બંદોબસ્ત થયો હોય તેમ સંભળાયું છે.

**રાધનપુર**–શા. હરજીવન ન્યાલચંદ તથા સંઘનો ઠરાવ મુનિ શ્રી માણેકવિજયજીના પ્રમુખપણા નીચે પાખી પાળવામાં આવી તથા આઠ દિવસનો અઠ્ઠાઇ મહોત્સવ થયો હતો. તે સંબંધી વકીલ પ્રભુલાલ મંછાચંદ તથા ડૉકટર મોતીચંદ મંછાચંદનો પણ કાગળ હતો.

**વઢવાણ શહેર**–૧. શેઠ ઠાકોરદાસ મંગળજી, ૨. શા. બેચરલાલ પનજી, ૩. શા. મોહનલાલ ધરમશી, ૪. શા. કીરચંદ શીવલાલ, ૫. શેઠ જગજીવનદાસ લલ્લુભાઈ, શા. જાદવરાય; મફતચંદ તથા સુખલાલ ઓઘડભાઈ વિગેરેએ આયંબિલ કર્યા હતા. બન્ને દેરાસરે આંગી રચાવી પંચકલ્યાણકની પૂજા ભણાવી હતી. પૂજા માટે વઢવાણકાંપથી ટોળી બોલાવી હતી અને ઝુંઝાભાઈ લલ્લુભાઈએ રૂા. ૨૫) ખરચી લાડુની પ્રભા-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વના કરી હતી. કુતરાઓને લાડવા તથા ગાંઠીયા ખવરાવ્યા હતા. પાંજરાપોળમાં મુંગા પ્રાણીઓને લીલું ઘાસ નંખાવ્યું હતું. ગામડા તથા શહેરના જુદા જુદા ચબુતરે જાર નંખાવવામાં આવી હતી તથા કુતરાંને રોટલા નંખાવવામાંઆવ્યા હતા.

**ઝીંઝુવાડા**–૧. શા. ચમનલાલ હીરાચંદ, ૨. માસ્તર સુખલાલ રવજીભાઈ તરફથી પાખી પાળવામાં તથા પૂજા ભણાવવામાં આવી હતી તથા અઠ્ઠાઇ મહોત્સવ કરી રાત્રી જાગરણ કર્યું હતું. દર સાલ શ્રી સંઘ તરફથી જયંતિ ઉજવવાનો ઠરાવ થયો હતો.

**પાલીતાણા**–શ્રી. સિદ્ધક્ષેત્ર જૈન ભોજનશાળા તરફથી રૂગનાથ કેવળદાસ.

**ખારીયા**–શા. નેમચંદ ભાણજી.

**જામનગર**–શેઠ પોપટલાલ ધારશીભાઇ.

**ચાણસ્મા**–શ્રી સંઘ તરફથી પાખી પાળી હતી અને પૂજા ભણાવી હતી.

**પાટણ**–ધી યંગ મેન્સ જૈન સોસાયટીએ દીલગીરીનો ઠરાવ કર્યો હતો.

**મીયાંગામ**–શ્રી સંઘ તરફથી પૂ. અમરવિજયજી મહારાજ સાથે સંઘે દેવવંદન કર્યું હતું તથા પાખી પાળી પૂજા ભણાવવામાં આવી હતી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**મદ્રાસ**–શા. રતિલાલ દીપચંદ.

**વરસોડા**–દેશાઇ વીરચંદ હેમચંદ.

**દેધરોટા**–જપ્તીદાર કોદરલાલ દેવચંદ તરફથી.

**માલપૂર**–શા. દીપચંદ છગનલાલ.

**ટીટોઇ**–શ્રી સંઘ તરફથી.

**ભાવનગર**–ઝીઝુંવાડે શ્રી ઉમેદ–ખાન્તિ જૈન જ્ઞાનમંદિર ઉપર શા. કુંવરજી આણંદજીનો પત્ર હતો.

તે સિવાય ઘણા પત્રો હતા. તલ ખંભાતમાં કોઇ વખત નહિ પળાયેલ એવી પાખી પાળવામાં આવી હતી. સારી રીતે શિબિકા બનાવરાવી ૧૫૦૦ થી ૨૦૦૦ માણસો સાથે અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો. તેજ રાત્રે દીલગીરીની એક સભા થઇ હતી અને નીચે પ્રમાણે કાર્યો નક્કી થયાં હતાં. ૧. જૈનશાળામાં ઑઇલ પેઇન્ટીંગ ફોટો કરાવી પધરાવવો. ૨. શ્રી સીમંધર સ્વામીના દેરાસરે આઠ દિવસનો ઓચ્છવ કરવો. ૩. દર સાલ તે તીથિએ જયંતિ ઉજવવી તેમજ પૂજા ભણાવવી અને તે ખાતે રૂા. ૨૦૦) વ્યાજે મૂક્યા. રૂા. ૧૦૦) પાંજરાપોળમાં આપી તેના વ્યાજમાંથી દર સાલ ઘાસ નંખાવવું શરૂ થયું. શિબિકા તથા સરઘસના ફોટા લેવામાં આવ્યા હતા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પં. શ્રી ખાન્તિવિજયજીના અવસાન સમયના વિરહનાં ગાયનો.

### ગાયન ૧ લું. [ રાગ લલિત છંદ. ]

ગુરૂજી માહરા, ક્યાં ગમે તમે, વિરહ આપનો, રે નહિ ગમે,
સૂત્ર પઠનની, આશ રે હતી, જરૂર આજથી તે રહી જતી;
સકલ સંઘને,—આપ સાંભરો, શિષ્ય સમુહને, કેમ વિસરો,
મધુરી વાણીથી, આપ ગાજતા, જડ જનો તણા, મત કાપતા.
લુણાર ગામમાં, આપ તો ગયા, દોઢસો ઢુંઢીયા, જૈન તો થયા,
મીયાગામે ગણિ, પદવી વર્યા, સકળ લોકને, હર્ષથી ભર્યા;
વીર વિદ્યાલયે, હિંસા ચર્ચતા, નિડર ગુરૂજી, આપ તો થતા,
પંજાબ પત્રનો, ખુલાસો કર્યો, વિધવા—વિવાનો, નિષેધ ઠર્યો.
હાડ ફેઇલિ તો, ક્યાંથી આવીયો, ગુરૂજી જોગનો, આશરો ગયો,
કસર તો પડી, શાસને વળી, સુદી એકાદશી, લાગી શ્યા મળી;
શ્રાવણ માસની, નિશાએ ગયા, સ્થંભન તીર્થમાં, સુરજે થયા,
સેવક પુષ્પ તો, વિનતિ કરે, જલ કણ થકી, નેત્ર તો ભરે.

---

### ગાયન ૨ જું [ રાગ—હરિગીત. ]

શાસન ગગનપટના સીતારા વૃંદથી ચાલ્યો ગયો,
**ખાંતિવિજય** નામે સીતારો ઝળકતો ચાલ્યો ગયો;
આગમ વિભુ શ્રી વીરના જ્ઞાતા અને દાતા હતા,
ખાંતિ મહર્ષિ નિડરતાથી સત્ય વ્યાખ્યાતા હતા. ૧.
વ્યાખ્યા થતી જ્યાં સત્યની ત્યાં આક્રમણ દુર્જન તણા,
મુંબઇ વિષે અનુભવ થયો ઉપસર્ગમાં કંઈ ના મણા;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પરવા નહિ ઉપસર્ગની ધરતા મહર્ષિ એ અહો !
અદ્‌ભુત ક્ષાન્તિધર ગુરૂ **ખાન્તિવિજય** વંદના અહો ! ૨.
સત્ય ખાતર પ્રાણની પરવા નહિ એ સુભટને,
અપકારી પર ઉપકારના કરનાર શાસન સુભટ એ;
જાળના રચનારથી આખર લગી એ ના ડર્યા,
સ્થંભ શાસન એ મહર્ષિ સ્વર્ગભુવને સંચર્યા. ૩.
દેડકા વધના વકીલે દેડકાચાર્યજ કહ્યા,
ષટ્‌કાય રક્ષક એ મુનિવર દેડકાચાર્યજ રહ્યા;
દેડકા જસ વધ દયા તસ કૂપ જ્ઞાની દેડકા,
આખર લગી ઉપદેશતા સમજાવવા એ દેડકા. ૪.
'ગોવાળીયો' શ્રી હેમસૂરિને જ્યાં કહ્યા ત્યાં હા કહી,
ષટ્‌દર્શને ચરનારનો ગોવાળીયો બસ હા કહી;
**ખાંતિવિજય** અનુયોગ આચાર્યે તથાવિધ હા કહી,
ષટ્‌કાય રક્ષક હું મુનિ તો દેડકાચાર્યજ સહી. ૫.
ઉત્તમ દયાના મૂળમાં જે જ્ઞાન મૂકે દેવતા,
એ જ્ઞાન તે જ્ઞાનજ નથી મુનિ વીરના ઉપદેશતા;
એ સૂત્ર પર નિર્ભયપણે ખાંતિ મહર્ષિ લોભતા,
દેશના અમૃત સમી આનંદમાં ભવિ ડોલતા. ૬.
વૈરાગ્ય–તપ–સંયમ વિષે એ અડગગિરિ જ્યમ શોભતા,
વાણી પ્રવાહે પામતા કેઈ ધર્મ ભવ્યો બોલતા;
વાંચતા જ્યાં સૂત્ર ભગવતી મેદની માતી નહિ,
ગુણગાન ગાઈ ના શકું, પ્રખ્યાત ખ્યાતિ છે સહી. ૭.
થોડા દિવસ પર આપશ્રીએ ધર્મલાભજ પાઠવ્યો,
સંકેત એ સમજી શકયો ના દર્શને વંચિત રહ્યો;
ગુરૂદેવ ગુણ ગંભીર હા ! હા !! સ્વર્ગવાસ કર્યો તમે,
વંદના ! હો વંદના !! **ભિક્ષુક** ચરણોમાં નમે. ૮.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**ગાયન ૩ જું.** [ પિત્તળ લોટા જળે ભર્યા રે. ]

પન્યાસ પદવી પ્રીતે લહી રે, ન્યાય માર્ગે ધર્યું ચિત્ત રે,
ગુરૂજી-દર્શન વહેલા આપજો રે.
સત્ય સદા આપ બોલતા રે, જિનમત પરમત સ્થિર રે. ગુ૦ દ૦
શ્રી સિદ્ધાચળે વિચર્યા રે, **ક્ષાન્તિવિજય** રૂડું નામ રે. ગુ૦ દ૦
તીવ્રપણે મુંબાઈ સંચર્યા રે, વીરવિજયજીની પાસ રે. ગુ૦ દ૦
જગમાં જશ બહુ પામીયા રે, યતિ ધર્મે રાખી હામ રે. ગુ૦ દ૦
જીત પામ્યા વિદ્યાલયે રે, મહાવીર જેહનું નામ રે. ગુ૦ દ૦
હાર્યા નહિ મોતીચંદથી રે, રાજી થયા ભવિ જીવ રે. ગુ૦ દ૦
જશ વધ્યો બહુ આપનો રે, જીવન સફળ ગણું એહ રે. ગુ૦ દ૦
સૂરતણાં સુખ ભોગવો રે, શિષ્યોને કરજો યાદ રે. ગુ૦ દ૦
**પુષ્પવિજય** હવે વિનવે રે, ભવોભવ ગુરૂ મળો આપ રે. ગુ૦ દ૦

---

**ગાયન ૪ થું.** [ રાગ—વૈદરભી વનમાં વલવલે. ]

અરરરરરરર આ શું થયું, દૈવે વાળ્યો દાટ,
ખોટ પડી ગઇ ખંભાતમાં, વ્યાપે અતિ ઉચાટ. અરર૦ ૧.
અનુયોગાચાર્ય પન્યાસજી, **ખાન્તિવિજયજી** જેહ,
ચાતુર્માસ પધારતાં, ધરતાં અતિ સસ્નેહ. અરર૦ ૨.
સંવત્ ઓગણી-પંચાસીમાં, શ્રાવણ શુકલ પ્રમાણ,
એકાદશી શુક્રવારમાં, નક્કી થયું નિર્વાણ. અરર૦ ૩.
શેઠ કસ્તુરભાઇ કળકળે, રડતી સર્વે સમાજ,
હીરો ગયો હિંદુસ્તાનનો, શ્રાવકનો શિરતાજ. અરર૦ ૪.
અવસાન ઓચિંતુ પૂજ્યનું, થાતા ખેદ અપાર,
પણ મહાત્મા મરી જાણતાં, **સુખલાલ** સમતા ધાર. અરર૦ ૫.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**ગાયન ૫ મું.** [ રાગ—ભરથરી. ]

ગુરૂભક્તિ ઘણી દીલ ધરી, કરે મહોચ્છવ મનોહારજી,
શિબિકા સારી શણગારતા, ખંભાત શહેર મોઝારજી. ગુરૂ૦ ૧.
જન સમુદાય જાણીએ, દોઢ સહસ નિરધારજી,
ચંદનચય પ્રગટાવતા, નયણે નીર અપારજી. ગુરૂ૦ ૨.
જૈન-જૈનેતર તે દિને, પાળે પાખી બહુ પ્યારજી,
અઠ્ઠાઈ મહોત્સવ આદરે, સીમંધર જિન દ્વારજી. ગુરૂ૦ ૩.
પ્રાત વર્ષે પૂજા ભણાવવા, કીધો પ્રયત્ન ખાસજી,
ખોડાઢોરમાં ખંતથી, દેવું દર વર્ષે ઘાસજી. ગુરૂ૦ ૪.
પ્રતિદિન દર્શન પામવા, પધરાવે ફોટો સારજી,
**સુખલાલ** સુગુરૂ સેવા થકી, જગમાં જય જયકારજી. ગુરૂ૦ ૫.

---

## પન્યાસજી મહારાજનો સંદેશ.

**ગાયન ૬ ઠું.** [ રાગ—માતા મારૂદેવીના નંદ. ]

ખંભાત બંદર આવ્યા આજ, ક્ષણ ક્ષણ ખાન્તિવિજય ગુરૂ,
સાંભરેજી ગુરૂ-ગુણ સાંભરેજી, એડા સૂરલોકેથી સંદેશો કરેજી;
ખંભાત આદિ સકળ સંઘને, કહેતા વારંવાર,
શાસનની ઉન્નતિ કરજો, થાશે જય જયકાર. ખંભાત૦ ૧.
પાખંડીના પાસ મ પડજો, તોડવા તસ બળ જાણ,
વિવિધ વિર્ય ઉલ્લાસ કરીને, દો શિક્ષા પ્રમાણ. ખંભાત૦ ૨.
બાળ-લગ્ન વૃદ્ધ વિધવા-વિવાહ, આદિ અનેક કુકામ,
પરિહરજો સહુ પ્રેમ ધરીને, કુરૂઢીઓ તમામ. ખંભાત૦ ૩.
સમકિતવંત નર-નારી થઈને, દેવ-ગુરૂ-જૈન ધર્મ,
આરાધો ત્રિકરણ શુધ્ધેથી, છોડો કઠીન નિજ કર્મ. ખંભાત૦ ૪.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પુષ્પવિજય ને ક્ષમાવિજયજી, સાંભળી સંદેશ એહ,
ધર્મધ્વજ ફરકાવે રૂડો, સુખલાલ સંઘ સસ્નેહ. ખંભાત૦ ૫.

---

**ગાયન ૭ મું.** [ રાગ—બણજારો.
ખુશી થયા ખંભાતમાં આયા, પુન્યે મુનિ-દર્શન પાયા,
સ્થંભણ ચિંતામણી પ્રભુ પ્યારા, આદિ જિન મંદિર ઘણા સારા;
પુરાતન પૂરી સુખદાયા. પુન્યે૦ ૧.
પન્યાસ **ખાન્તિવિજય** શિષ્ય કહીએ, **પુષ્પક્ષમાવિજયજી** લહીએ,
આનંદકારી ઉભય મુનિરાયા. પુન્યે૦ ૨.
નિજ ગુરૂ બોધ ઉર ધારે, સંપ સંપીને કાર્ય સુધારે,
વિશ્વે વખણાયા તેડાયા. પુન્યે૦ ૩.
વ્યાખ્યાન સ્વ-શક્તિ અનુસારે, વાંચી ભાવના ઉરે ઉતારે,
તપશ્ચર્યા તપે તજી મોહ કાયા. પુન્યે૦ ૪.
ગુરૂ **ખાન્તિવિજયજી** ચિત્ત ધ્યાવે, વર્તે નિત્યે સ્વ સ્વભાવે,
માને નામ-નાશ જે જાયા. પુન્યે૦ ૫.
એવા સાધુ હોયે વૈરાગી; જોવા ઝટપટ લગની લાગી,
સ્નેહે **સુખલાલે** ગુણ ગાયા. પુન્યે૦ ૬.

## પૂજ્ય પં. શ્રી ખાન્તિવિજયજી મહારાજનું સંક્ષિપ્ત જીવન ચરિત્ર.

### ઢાળ પહેલી.

[ રાગ—આ ભમર ભમે છે શાને મધુર વન છોડી. ]
સુણો મિત્ર કહું એક, વાત આજ વિસ્તારી,
સુણતાં મન લાગે, સહુને આનંદકારી. ૧.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થરા પાસે રાજપર, ગામમાં રહેતા જાણું,
ચતુર શેઠ પત્નિ, પુંજીબાઈ નામે વખાણું. ૨.
સંવત્ ઓગણી-એકતાલીસ, માગશીર માસે,
શુદી ચૌદશ સોમવારે, જન્મ પ્રકાશે. ૩.
ચુનીલાલ અભિધાન, દંપતિ દે દેદારૂં,
વીજી વ્હેન ને શ્યામજી ભ્રાત ત્રીજા તે ધારૂં. ૪.
લલ્લુભાઈ મેના વ્હેન, મળી પાંચ રહે સંપે,
**સુખલાલ** ધર્મમાં, ચિત્ત કોઇ નહિ કંપે. ૫.

---

ઢાળ બીજી. [ રાગ—ભરથરી. ]

આ સંસાર અસાર છે, ચુનીલાલભાઈ ચિંતે એમજી.
ઉમેદવિજય ગુરૂ આવતાં, લાગ્યો દીક્ષામાં પ્રેમજી;
આ સંસાર અસાર છે. ૧.

પાટણ માંહી પધારીને, ઓગણસાઠની સાલજી,
વૈશાખ શુદી સાતમ શશી દિને, ચારિત્ર લે ઉજમાળજી. ૨.
**ખાન્તિવિજય** નામ રાખતાં, અશાડ શુદી આઠમે સોયજી,
વડીદીક્ષા લહે વ્હાલથી, ભણીગણી હોંશીઆર હોયજી. ૩.
પાલીતાણા પર મુખની, યાત્રા કરતાં અપારજી,
પાંચ ચોમાસા પછી પડયો, વિરહ તે ગુરૂજીનો ધારજી. ૪.
ઉગ્ર વિહાર કરી અવલોકયા, અનેક દેશ પ્રદેશજી,
ધર્મનો ઝંડો ફરકાવતાં, શોભાવે **સુખલાલ** વેષજી. ૫.

---

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ઢાળ ત્રીજી અંતરલાપીકા. [ રાગ—હરિગીત છંદ. ]

પંડીતની પંક્તિ વિષે, પ્રખ્યાત પુરૂષ જે કહ્યા,
ન્યાય નીતિ રૂડી રાખી, સત્ય ભાંખી તે લહ્યા;
સમિતિ ગુપ્તિ પાળતાં, દોષો બેંતાલીશ ટાળતાં,
જીવન સફળું જાણતાં, જિનશાસન અજવાળતાં. ૧.
ખાંતથી કરે કામ સઘળાં, જૈન—જૈનેતર તણાં,
તિમીરપટ દૂરે કરાવી, જ્ઞાન ગુણ આપે ઘણાં;
વિશ્વમાં વીરપણું લીધું, જ્ઞાની બીરદ દાખવ્યું,
જશ લીધો અતિ ભગવતીમાં, કુમારપાળ ઉપર ઠવ્યું. ૨.
યતિ ધર્મ આરાધતાં, સગવીશ ગુણ પાળે સદા,
જીત કરે કર્મરીપુ સાથે, અહોનિશ આનંદ મુદા;
મમતા મારે કાજ સારે, શ્રમણ સાચા તે થયા,
હાસ્યાદિક ખટ દૂર થાતાં, સુખ શાંતિથી રહ્યા. ૩.
રાજી રહેતા નીજાતમના, ગુણોને પ્રગટાવતા,
જન્મ લીધો લેખે જાણી, ભાવના મન ભાવતા;
સાધ્યું જેણે આત્માનું, સાધુ તેહ ગણાય છે,
હેડ સમ આયુષ્ય કર્મ, અથીર એહ જણાય છે. ૪.
બધી વાત વિચારીને, જીવ દેહ જશ જુદો ગણે,
નીજ સ્વરૂપે રમણ કરતાં, કઠીન કર્મોને હણે;
જે જનો જશ લેઈ જાતાં, અસ્ત કદી થાતાં નથી,
સુખલાલ અંતરલાપીકામાં, ગુણ ગાએ છે કથી. ૫.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**ઢાળ ચોથી.** [ રાગ–તીરથની આશાતના નવ કરીએ. ]

પરમારથ કરો પ્રિતથી નરનારી, હાંરે નરનારી રે નરનારી,
હાંરે હોય આતમને ઉપકારી, હાંરે જીવ્યું તસ પરમાણ. ૧.
પરહિત કરવું–કરેલું ન વિસરવું, હાંરે લેવા બદલો ચિત્ત ન ધરવું,
હાંરે દીર્ઘદર્શી થઇ કામ કરવું, હાંરે વિશ્વે થાય વખાણ. ૨.
ક્ષમાવંત **ખાન્તિવિજયજી** મુનિરાયા, હાંરે પ્રણમું હું નિત્યે પાયા;
હાંરે પરમારથ ઘણાં કરાયા, હાંરે જશ ઝાઝો લીધ. ૩.
સંઘ કઢાવતા સ્નેહથી જયકારી, હાંરે દોઢસો સ્થાનકવાસી નિવારી,
હાંરે કીધા જૈન શ્વેતાંબર ધારી, હાંરે શાસનડંકો દીધ. ૪.
વિધવાવિવાહનો નિષેધ તેઓ કરાવે, હાંરે ડૉકટરો ચર્ચા મુંબઇ થાવે,
હાંરે દયામય જૈન ધર્મ જણાવે, હાંરે **સુખલાલ** સુસંત જોય. ૫.

---

**ઢાળ પાંચમી.** [ રાગ–એ તીરથ તારૂં. ]

એવા ગુરૂજીને નિત્ય નિત્ય વંદો, નિત્ય નિત્ય વંદો,
વંદીને પાપ નિકંદો રે, ગુરૂ જ્ઞાનનો દીવો, ગુરૂ જ્ઞાનનો દીવો;
ગુરૂ વીણ તત્ત્વ પામે નહિ સાચું, પામે નહિ સાચું,
ગુરૂ વીણ સર્વે કાચું રે, ગુરૂ જ્ઞાનનો દીવો. ગુરૂ૦ ૧.
અનુયોગાચાર્ય પન્યાસજી જાણું, પન્યાસજી જાણું,
**ખાન્તિવિજયજી** વખાણું રે. ગુરૂ૦
છવીશ ચાતુર્માસ કરતાં ઉમંગે, કરતા ઉમંગે;
સાલ પંચાશીમાં રંગે રે. ગુરૂ૦ ૨.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શ્રાવણ શુદી અગીયારસ આવે, અગીયારસ આવે.
ગુરૂજીનું નિર્વાણુ થાવે રે. ગુરૂ૦
ખંભાત બંદરે ગયા પરલોક, ગયા પરલોક,
શિષ્ય સંઘમાં બહુ શોક રે. ગુરૂ૦ ૩.
**પુષ્પ—ક્ષમા** શિષ્ય પગલે ચાલી, પગલે ચાલી,
જયંતિ ઉજવે વ્હાલી રે. ગુરૂ૦
ટીટાઈ ગામમાં સાલ સત્યાશી, સાલ સત્યાશી,
ઝીંઝુવાડાદિ પ્રકાશી રે. ગુરૂ૦ ૪.
ગુરૂ સમરતાં નવનિધ થાયે, નવનિધ થાયે,
દુઃખ દોહગ દૂર જાવે રે. ગુરૂ૦
પ્રતિદિન સંઘમાં ચઢતી થાવે, ચઢતી થાવે,
સુખલાલ ગુરૂ ગુણ ગાવે રે. ગુરૂ૦ ૫.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

॥ श्री विनयविजयोपाध्याय विरचित ॥

# શ્રી પુન્ય પ્રકાશનું સ્તવન.

## : : દુહા : :

સકલ સિદ્ધિ દાયક સદા ॥ ચોવીશે જિનરાય ॥ સહગુરૂ સામિની સરસતી ॥ પ્રેમે પ્રણમું પાય ॥ ૧ ॥ ત્રિભુવનપતિ ત્રિશલા તણો ॥ નંદન ગુણ ગંભીર ॥ શાસન નાયક જગ જયો ॥ વર્ધમાન વડ વીર ॥ ૨ ॥ એક દિન વીર જિણંદને ॥ ચરણે કરી પ્રણામ ॥ ભવિક જીવના હિત ભણી ॥ પૂછે ગૌતમ સ્વામિ ॥ ૩ ॥ મુક્તિ માર્ગ આરાધીએ ॥ કહો કિણ પેરે અરિહંત ॥ સુધા સરસ તવ વચન રસ ॥ ભાખે શ્રી ભગવંત ॥ ૪ ॥ અતિચાર આળોઇએ ॥ વ્રત ધરીએ ગુરૂ સાખ ॥ જીવ ખમાવો સયળ જે ॥ યોનિ ચોરાશી લાખ ॥ ૫ ॥ વિધિશું વળી વોસરાવિએ ॥ પાપસ્થાન અઢાર ॥ ચાર સરણ નિત્ય અનુસરો ॥ નિંદો દુરિતાચાર ॥ ૬ ॥ શુભ કરણી અનુમોદીએ ॥ ભાવ ભલો મન આણ ॥ અણસણ અવસર આદરી ॥ નવપદ જપો સુજાણ ॥ ૭ ॥ શુભ ગતિ આરાધન તણા ॥ એ છે દશ અધિકાર ॥ ચિત્ત આણીને આદરો ॥ જેમ પામો ભવ પાર ॥૮॥

## ॥ ઢાળ ૧ લી ॥

॥ એ છિંડી કીહાં રાખી—એ દેશી ॥

જ્ઞાન દરિસણ ચારિત્ર તપ વીરજ ॥ એ પાંચે આચાર ॥ એહ તણા ઈહ ભવ પરભવના ॥ આળોઈએ અતિચાર રે ॥ પ્રાણી જ્ઞાન ભણો ગુણ ખાણી ॥ વીર વદે એમ વાણી રે પ્રા૦ ૧ ॥ એ આંકણી ॥ ગુરૂ ઓળવીએ નહિ, ગુરૂ વિનયે ॥ કાળે ધરી બહુ માન ॥ સૂત્ર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અર્થ તદુભય કરી સૂધાં ॥ ભણીએ વહી ઉપધાન રે ॥ પ્રા૦ ૨ ॥ જ્ઞાનોપગરણ પાટી પોથી ॥ ઠવણી નોકરવાળી ॥ તેહ તણી કીધી આશાતના ॥ જ્ઞાન ભક્તિ ન સંભાળી રે ॥ પ્રા૦ ૩ ॥ ઈત્યાદિક વિપરીતપણાથી ॥ જ્ઞાન વિરાધ્યું જેહ ॥ આભવ પરભવ વળી રે ભવો ભવ ॥ મિચ્છામિ દુક્કડં તેહ રે ॥ પ્રા૦ ૪ ॥ સમકિત લ્યો શુદ્ધ જાણી ॥ વીર વદે એમ વાણી રે ॥ પ્રા૦ ॥ સ૦ ॥ જિનવચને શંકા નવિ કીજે ॥ નવિ પરમત અભિલાખ ॥ સાધુતણી નિંદા પરિહરજો ॥ ફળ સંદેહ મ રાખ રે ॥ પ્રા૦ ॥ સ૦ ॥ ૫ ॥ મૂઢપણું છંડો પરશંસા ॥ ગુણવંતને આદરીએ ॥ સામીને ધરમે કરી થીરતા ॥ ભક્તિ પ્રભાવના કરીએ રે ॥ પ્રા૦ ॥ સ૦ ॥ ૬ ॥ સંઘ ચૈત્ય પ્રાસાદ તણો જે ॥ અવર્ણવાદ મન લેખ્યો ॥ દ્રવ્ય દેવકો જે વિણસાડયો ॥ વિણસંતાં ઉવેખ્યો રે ॥ પ્રા૦ ॥ સ૦ ॥ ૭ ॥ ઇત્યાદિક વિપરીતપણાથી ॥ સમકિત ખંડયું જેહ ॥ આભ વ૦ ॥ મિચ્છા૦ પ્રા૦ ॥ ૮ ॥ ચારિત્ર લ્યો ચિત્ત આણી ॥ પાંચ સુમતિ ત્રણ ગુપ્તિ વિરાધી ॥ આઠે પ્રવચન માય ॥ સાધુતણે ધરમે પરમાદે ॥ અશુદ્ધ વચન મન કાયરે ॥પ્રા૦॥ ચા૦ ॥ ૯ ॥ શ્રાવકને ધરમે સામાયક ॥ પોષહમાં મન વાળી ॥ જે જયણાપૂર્વક એ આઠે ॥ પ્રવચન માય ન પાળી રે ॥ પ્રા૦ ॥ ચા૦ ॥ ૧૦ ॥ ઈત્યાદિક વિપરીતપણાથી ॥ ચારિત્ર ડોળ્યું જેહ ॥ આ ભવ૦ ॥ મિચ્છા૦ ॥ પ્રા૦ ॥ ચા૦ ॥ ૧૧ ॥ બારે ભેદે તપ નવિ કીધો ॥ છતે જોગે નિજ શકતે ॥ ધર્મે મન વચ કાયા વીરજ ॥ નવિ ફોરવીઉં ભગતેરે ॥ પ્રા૦ ॥ ચા૦ ॥ ૧૨ ॥ તપ વીરજ આચારે એણી પરે ॥ વિવિધ વિરાધ્યાં જેહ ॥ આ ભવ૦ ॥ મિ૦ ॥ ચા૦ ॥ ૧૩ ॥ વળીય વિશેષે ચારિત્ર કેરા ॥ અતિચાર આળોઇએ ॥ વીરજિનેશ્વર વયણ સુણીને ॥ પાપ મેલ સવી ધોઇએરે ॥ ચા૦ ॥ ૧૪ ॥

P. P. Ac. Gunratnasuri M.S.

Jin Gun Aaradhak Trust

## ॥ ઢાળ ૨ જી ॥

॥ પામી સુગુરૂ પસાય... એ દેશી ॥

પૃથ્વી પાણી તેઉ ॥ વાયુ વનસ્પતિ ॥ એ પાંચે થાવર કહ્યાં એ ॥ ૧ ॥ કરી કરસણ આરંભ ॥ ખેત્ર જે ખેડીયાં ॥ કુવા તળાવ ખણાવીયાએ ॥ ૨ ॥ ઘર આરંભ અનેક ॥ ટાંકા ભોંયરાં ॥ મેડી માળ ચણાવીઆએ ॥ ૩ ॥ લીંપણ ગુંપણ કાજ ॥ એણીપરે પરપરે ॥ પૃથ્વીકાય વિરાધીયાએ ॥ ૪ ॥ ધોયણ નાહણ પાણી ॥ ઝીલણ અપકાય ॥ છોતિ ધોતિ કરી દુહવ્યાએ ॥ ૫ ॥ ભાઠીગર કુંભાર ॥ લોહ સોવનગરેસ ॥ ભાડભુંજા લિહાળાગરાએ ॥ ૬ ॥ તાપણ શેકણ કાજ ॥ વસ્ત્ર નિખારણ ॥ રંગણ રાંધણ રસવતીએ ॥ ૭ ॥ એણી પરે કર્માદાન ॥ પરે પરે કેળવી ॥ તેઉ વાયુ વિરાધીયાએ ॥ ૮ ॥ વાડી વન આરામ ॥ વાવી વનસ્પતિ ॥ પાન ફૂલ ફળ ચૂંટીયાંએ ॥ ૯ ॥ પુંખ પાપડી શાક ॥ શેકયાં સૂકવ્યાં ॥ છેદ્યાં છુંદ્યાં આથીઆંએ ॥ ૧૦ ॥ અળશીને એરંડ ॥ ઘાણી ઘાલીને ॥ ઘણા તિલાદિક પીલીયાએ ॥ ૧૧ ॥ ઘાલી કોલું માંહે ॥ પીલી શેલડી ॥ કંદમૂળ ફળ વેચીયાંએ ॥ ૧૨ ॥ એમ એકેંદ્રી જીવ ॥ હણ્યા હણાવીયા ॥ હણતાં જે અનુમોદિયાએ ॥ ૧૩ ॥ આ ભવ પરભવ જેહ ॥ વળીય ભવોભવે ॥ તે મુજ મિચ્છાદુક્કડંએ ॥ ૧૪ ॥ ક્રમી સરમીયા કીડા ॥ ગાડર ગંડોલા ॥ એળ પૂરા અલશીયાંએ ॥ ૧૫ ॥ વાળા જળો ચુડેલ ॥ વિચળીત રસ તણા ॥ વળી અથાણાં પ્રમુખનાએ ॥ ૧૬ ॥ એમ બેઇંદ્રી જીવ ॥ જે મેં દુહવ્યા ॥ તે મુજ મિચ્છાદુક્કડંએ ॥ ૧૭ ॥ ઉધેહી જુ લીખ ॥ માંકડ મંકોડા ॥ ચાંચડ કીડી કુંથુઆએ ॥ ૧૮ ॥ ગદ્દીઆં ધીમેલ કાનખજુરીયા ॥ ગીંગોડા ધનેરીયાંએ ॥ ૧૯ ॥ એમ તેઇંદ્રી જીવ ॥ જે મેં દુહવ્યા ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તે મુજ મિચ્છાદુક્કડંએ ॥ ૨૦ ॥ માખી મચ્છર ડાંસ ॥ મસા પતં-ગીયાં ॥ કંસારી કોલિયાવડાએ ॥ ૨૧ ॥ ઢીંકણ વિંછુ તીડ ॥ ભમરા ભમરીયો ॥ કોતાં બગ ખડમાંકડીએ ॥ ૨૨ ॥ એમ ચૌરિંદ્રી જીવ ॥ જે મેં દુહવ્યા ॥ તે મુજ મિચ્છાદુક્કડંએ ॥ ૨૩ ॥ જળમાં નાંખી જાળરે ॥ જળચર દુહવ્યા ॥ વનમાં મૃગ સંતાપીયાએ ॥ ૨૪ ॥ પીડયા પંખી જીવ ॥ પાડી પાસમાં ॥ પોપટ ઘાલ્યા પાંજરેએ ॥ ૨૫ ॥ એમ પંચેંદ્રી જીવ ॥ જે મેં દુહવ્યા ॥ તે મુજ મિચ્છાદુ-ક્કડંએ ॥ ૨૬ ॥

## ॥ ઢાળ ૩ જી ॥

॥ વાણી વાણી હિતકારીજી...એ દેશી ॥

ક્રોધ લોભ ભય હાસથીજી ॥ બોલ્યા વચન અસત્ય ॥ કુડ કરી ધન પારકાંજી ॥ લીધાં જેહ અદત્તરે ॥ જિનજી મિચ્છામિ દુક્કડં આજ ॥ તુમ સાખે મહારાજરે ॥ જિનજી ॥ દેઇ સારૂં કાજરે ॥ ॥ જિનજી ॥ મિચ્છાદુક્કડં આજ ॥ ૧ ॥ એ આંકણી ॥ દેવ મનુજ તિર્યંચનાંજી ॥ મૈથુન સેવ્યાં જેહ ॥ વિષયા રસ લંપટ પણેજી ॥ ઘણું વિડંબ્યો દેહરે ॥ જિનજી૦ ॥ ૨ ॥ પરિગ્રહની મમતા કરીજી ॥ ભવે ભવે મેળી આથ જે જીહાંની તે તીહાં રહીજી ॥ કોઈ ન આવી સાથરે ॥ જિનજી૦ ॥ ૩ ॥ રયણી ભોજન જે કર્યાંજી ॥ કીધાં ભક્ષ્ય અભક્ષ્ય ॥ રસના રસની લાલચેજી ॥ પાપ કર્યાં પ્રત્યક્ષરે ॥ જિનજી૦ ॥ ૪ ॥ વ્રત લેઇ વિસારીયાંજી ॥ વળી ભાંગ્યાં પચ્ચ-ખ્ખાણ ॥ કપટ હેતુ કીરીયા કરીજી ॥ કીધાં આપ વખાણરે ॥ જિનજી૦ ॥ ૫ ॥ ત્રણ ઢાળ આઠે દુહેજી ॥ આલોયા અતિચાર ॥ શિવ ગતિ આરાધન તણોજી ॥ એ પહેલો અધિકારરે ॥ જિનજી૦ ॥૬॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ॥ ઢાળ ૪ થી ॥

॥ સાહેલડીની...એ દેશી ॥

પંચ મહાવ્રત આદરો સાહેલડીરે ॥ અથવા લ્યો વ્રતબાર તો ॥ યથાશક્તિ વ્રત આદરી સાહેલડીરે ॥ પાળો નિરતિચાર તો ॥ ૧ ॥ વ્રત લીધાં સંભારીએ ॥ સા૦ ॥ હૈડે ધરીય વિચારતો ॥ શિવગતિ આરાધન તણો ॥ સા૦ ॥ એ બીજો અધિકારતો ॥ ૨ ॥ જીવ સર્વે ખમાવીએ ॥ સા૦ ॥ યોનિ ચોરાશી લાખતો ॥ મન શુદ્ધે કરી ખામણાં ॥ સા૦ ॥ કોઇ શું રોષ ન રાખતો ॥ ૩ ॥ સર્વ મિત્ર કરી ચિંતવો ॥ સા૦ ॥ કોઈ ન જાણો શત્રુતો ॥ રાગ દ્વેષ એમ પરિહરો ॥ સા૦ ॥ કીજે જન્મ પવિત્રતો ॥ ૪ ॥ સામી સંઘ ખમાવીએ ॥ સા૦ ॥ જે ઉપની અપ્રીતિતો ॥ સજ્જન કુટુંબ કરો ખામણાં ॥ સા૦ ॥ એ જિનશાસન રીતિતો ॥ ૫ ॥ ખમીએ ને ખમાવીએ ॥ સા૦ ॥ એહજ ધર્મનું સારતો ॥ શિવગતિ આરાધન તણો ॥ સા૦ ॥ એ ત્રીજો અધિકારતો ૬ ॥ મૃષાવાદ હિંસા ચોરી ॥ સા૦ ॥ ધન મૂર્છા મૈથુનતો ॥ ક્રોધ માન માયા તૃષ્ણા ॥ સા૦ ॥ પ્રેમ દ્વેષ પૈશૂન્તો ॥ ૭ ॥ નિંદા કલહ ન કીજીએ ॥ સા૦ ॥ કુડો ન દીજે આળતો ॥ રતિ અરતિ મિથ્યા તજો ॥ સા૦ ॥ માયા-મોસ જંજાળતો ॥ ૮ ॥ ત્રિવિધ ત્રિવિધ વોસરાવીયે ॥ સા૦ ॥ પાપસ્થાન અઢારતો ॥ શિવગતિ આરાધન તણો ॥ સા૦ ॥ એ ચોથો અધિકારતો ॥ ૯ ॥

## ॥ ઢાળ ૫ મી ॥

॥ હવે નિસુણો ઇહાં આવીયાએ...એ દેશી ॥

જનમ જરા મરણે કરી એ ॥ એ સંસાર અસારતો ॥ કર્યાં કર્મ સહુ અનુભવે એ ॥ કોઈ ન રાખણહારતો ॥ ૧ ॥ શરણ એક

અરિહંતનું એ ॥ શરણ સિદ્ધ ભગવંત તો ॥ શરણ ધર્મ શ્રી જૈ-
નનો એ ॥ સાધુ શરણ ગુણવંત તો ॥૨॥ અવર મોહ સવિ પરિહ-
રીએ ॥ ચાર શરણ ચિત્ત ધાર તો ॥ શિવગતિ આરાધન તણો એ
॥ પાંચમો અધિકારતો ॥ ૩ ॥ આભવ પરભવ જે કર્યાં એ ॥
પાપ કર્મ કેઇ લાખ તો ॥ આત્મ સાખે તે નિંદીએ એ ॥ પડિક-
મિએ ગુરૂ સાખતો ॥ ૪ ॥ મિથ્યા મતિ વર્તાવીયા એ ॥ જે ભાખ્યા
ઉત્સૂત્ર તો ॥ કુમતિ કદાગ્રહને વશે એ ॥ જે ઉથાપ્યાં સૂત્ર તો ॥
૫ ॥ ઘડયાં ઘડાવ્યાં જે ઘણાંએ ॥ ઘરટી હળ હથીયાર તો ॥ ભવ
ભવ મેલી મૂકીયાં એ ॥ કરતાં જીવ સંહારતો ॥ ૬ ॥ પાપ કરીને
પોષીયાં એ ॥ જન્મ જન્મ પરિવારતો ॥ જન્માંતર પહોંચ્યા
પછીએ ॥ કોઇએ ન કીધી સારતો ॥ ૭ ॥ આ ભવ પરભવ જે
કર્યાં એ ॥ એમ અધિકરણ અનેક તો ! ત્રિવિધે ત્રિવિધે વોસરા-
વીએ એ ॥ આણી હૃદય વિવેક તો ॥ ૮ ॥ દુઃકૃતનિંદા એમ
કરીએ ॥ પાપ કરો પરિહાર તો ॥ શિવગતિ આરાધન તણો એ ॥
એ છઠ્ઠો અધિકાર તો ॥ ૯ ॥

## ॥ ઢાળ ૬ ઠ્ઠી ॥

॥ આદિ તું જોઇને આપણી...એ દેશી ॥

ધનધન તે દિન માહરો ॥ જીહાં કીધો ધર્મ ॥ દાન શિયલ
તપ આદરી ॥ ટાળ્યાં દુષ્કર્મ ॥ ધન૦ ॥ ૧ ॥ શેત્રુંજાદિક તીર્થની
॥ જે કીધી જાત્ર ॥ જુગતે જિનવર પૂજીયા ॥ વળી પોષ્યાં પાત્ર ॥
ધન૦ ॥ ૨ ॥ પુસ્તક જ્ઞાન લખાવીયાં ॥ જિનઘર જિન ચૈત્ય ॥
સંઘ ચતુર્વિધ સાચવ્યા ॥ એ સાતે ક્ષેત્ર ॥ ધન૦ ॥ ૩ ॥ પડિકમણાં
સુપરે કર્યાં ॥ અનુકંપા દાન ॥ સાધુ સૂરિ ઉવઝાયને ॥ દીધાં બહુ
માન ॥ ધન૦ ॥ ૪ ॥ ધર્મ કાજ અનુમોદીએ ॥ એમ વારોવાર ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શિવગતિ આરાધન તણો ॥ સાતમો અધિકાર ॥ ધન૦ ॥ ૫ ॥ ભાવ ભલો મન આણીએ ॥ ચિત્ત આણી ઠામ ॥ સમતા ભાવે ભાવીએ ॥ એ આતમરામ ॥ ધન૦ ॥ ૬ ॥ સુખ દુઃખ કારણ જીવને ॥ કોઈ અવર ન હોય ॥ કર્મ આપ જે આચર્યાં ॥ ભોગવિએ સોય ॥ ધન૦ ॥ ૭ ॥ સમતા વિણ જે અનુસરે ॥ પ્રાણી પુન્ય કામ ॥ છાર ઉપર તે લીપણું ॥ ઝાંખર ચિત્રામ ॥ ધન૦ ॥ ॥ ૮ ॥ ભાવ ભલીપરે ભાવીએ ॥ એ ધર્મનો સાર ॥ શિવગતિ આરાધન તણો ॥ આઠમો અધિકાર ॥ ધન૦ ॥ ૯ ॥

## ॥ ઢાળ ૭ મી ॥

### ॥ રૈવતગિરિ ઉપરે...એ દેશી ॥

હવે અવસર જાણી ॥ કરીએ સંલેખણ સાર ॥ અણસણ આદરીએ ॥ પચ્ચખી ચાર આહાર ॥ લલુતા સવિ મૂકી ॥ છાંડી મમતા અંગ ॥ એ આતમ ખેલે ॥ સમતાં જ્ઞાન તરંગ ॥ ૧ ॥ ગતિ ચારે કીધા ॥ આહાર અનંત નિશંક ॥ પણ તૃપ્તિ ન પામ્યો ॥ જીવ લાલચીઓ રંક ॥ દુલહો એ વળી વળી ॥ અણસણનો પરિણામ ॥ એહથી પામીજે ॥ શિવપદ સુરપદ ઠામ ॥ ૨ ॥ ધન ધના શાલિભદ્ર ॥ ખંધો મેઘકુમાર ॥ અણસણ આરાધી ॥ પામ્યા ભવનો માર ॥ શિવ મંદિર જાશે ॥ કરી એક અવતાર ॥ આરાધન કેરો ॥ એ નવમો અધિકાર ॥ ૩ ॥ દશમે અધિકારે ॥ મહામંત્ર નવકાર ॥ મનથી નવિ મૂકો ॥ શિવ સુખ ફલ સહકાર ॥ એ જપતાં જાયે ॥ દુર્ગતિ દોષવિકાર ॥ સુપરે એ સમરો ॥ ચૌદ પુર્વનું સાર ॥ ૪ ॥ જન્માંતર જાતાં ॥ જો પામે નવકાર ॥ તો પાતિક ગાળી ॥ પામે સુર અવતાર ॥ એ નવ પદ સરિખો ॥ મંત્ર ન કોઈ સાર ॥ ઈહ ભવ ને પરભવે ॥ સુખ સંપત્તિ દાતાર ॥ ૫ ॥ જુઓ ભીલ ભીલડી ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાજા રાણી થાય ॥ નવપદ મહિમાથી ॥ રાજસિંહ મહારાય ॥ રાણી રત્નવતી બેહુ ॥ પામ્યાં છે સુરભોગ ॥ એક ભવ પછી લેશે ॥ શિવ વધુ સંજોગ ॥ ૬ ॥ શ્રીમતીને એ વળી ॥ મંત્ર ફળ્યો તત્કાળ ॥ ફણીધર ફીટીને ॥ પ્રગટ થઈ ફુલ માળ ॥ શિવકુમરે જોગી ॥ સોવન પુરષો કીધ ॥ એમ એણે મંત્રે ॥ કાજ ઘણાનાં સિદ્ધ ॥ ૭ ॥ એ દશ અધિકારે ॥ વીર જિનેશ્વર ભાખ્યો ॥ આરાધન કેરો ॥ વિધિ જેણે ચિત્તમાં રાખ્યો ॥ તેણે પાપ પખાળી ॥ ભવ ભય દૂરે નાંખ્યો ॥ જિન વિનય કરંતા ॥ સુમતિ અમૃતરસ ચાખ્યો ॥ ૮ ॥

## ॥ ઢાળ આઠમી ॥

॥ નમો ભવિ ભાવશું...એ દેશી ॥

સિદ્ધારથ રાય કુળ તિલો એ ॥ ત્રિશલા માત મલ્હારતો ॥ અવનિ તળે તમે અવતર્યા એ ॥ કરવા અમ ઉપકાર ॥ જયો જિન વીરજીએ ॥ ૧ ॥ મેં અપરાધ કર્યા ઘણાએ ॥ કહેતાં ન લહું પાર તો॥ તુમ ચરણે આવ્યા ભણી એ ॥ જો તારે તો તાર ॥ જયો૦ ॥ ૨॰॥ આશ કરીને આવીયો એ ॥ તુમ ચરણે મહારાજતો ॥ આવ્યાને ઉવેખશો એ ॥ તો કેમ રહેશે લાજ ॥ જયો૦ ॥ ૩ ॥ કરમ અલુજણ આકરાં એ ॥ જન્મ મરણ જંજાળતો ॥ હું છું એહથી ઉભગ્યો એ ॥ છોડવ દેવ દયાળ ॥ જયો૦ ॥ ૪ ॥ આજ મનોરથ મુજ ફળ્યા એ ॥ નાઠા દુઃખ દંદોળતો ॥ તુઠયો જિન ચોવીશમો એ ॥ પ્રગટયા પુન્ય કલ્લોલ ॥ જયો૦ ॥ ૫ ॥ ભવ ભવ વિનય તુમારડો એ ॥ ભાવ ભક્તિ તુમ પાયતો ॥ દેવ દયા કરી દીજીએ એ ॥ બોધ બીજ સુપસાય ॥ જયો૦ ॥ ૬ ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## ॥ કળશ ॥

ઇય તરણ તારણ સુગતિ કારણ ॥ દુઃખ નિવારણ જગ જયો ॥ શ્રી વીર જિનવર ચરણ થુણતાં ॥ અધિક મન ઉલ્લટ થયો ॥ ૧ ॥ શ્રી વિજયદેવસૂરીંદ પટ્ટધર ॥ તીરથ જંગમ ઇણે જગે ॥ તપગચ્છ-પતિ શ્રી વિજયપ્રભસૂરિ ॥ સૂરિ તેજે ઝગમગે ॥ ૨ ॥ શ્રી હીર વિજયસૂરિ શિષ્ય વાચક ॥ કીર્તિવિજય સુરગુરૂ સમો ॥ તસ શિષ્ય વાચક વિનયવિજયે ॥ થુણ્યો જિન ચોવીસમો ॥ ૩ ॥ સય સત્તર ઓગણત્રીશે ॥ રહી રાંદેર ચોમસુએ ॥ વિજય દશમી વિજય કારણ ॥ કીયો ગુણ અભ્યાસએ ॥ ૪ ॥ નર ભવ આરાધન સિદ્ધિસાધન ॥ સુકૃત લીલવિલાસ એ ॥ નિર્જરા હેતે સ્તવન રચીયું ॥ નામે પુન્યપ્રકાશ એ ॥ ૫ ॥ ઇતિ શ્રી. શ્રી. શ્રી. શ્રી. શ્રી.

**સમાપ્ત.**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust